
Hero
હીરોની સંગે
તહેવાર છે
બધે અહીં...
ખુશીઓથી ભરેલો તહેવાર
Destini
HF Deluxe Pro
જીતવાનો મોકો મળે સોનાના સિક્કા અને ઘણું બધું#
ઈન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ
₹10 000^ સુધી
SBI card
HDFC BANK
pine labs
ઓછું ડાઉન પેમેન્ટ
₹4 999* થી શરૂ
કોર્પોરેટ ઓફર
₹3 200~ સુધી
For bulk / institutional inquiries, please write to us at : institutionalsales@heromotocorp.com | Available in CSD
Hero GoodLife
Also Available on:
Flipkart
amazon.in
TOLL FREE
1800 266 0018

## જમીન વિવાદમાં અપહરણની ફરિયાદથી રાજકારણ ગરમાયું

# ગાંધીનગર જમીન વિવાદમાં પૂર્વ સાંસદ જગદીશ ઠાકોરની સંડોવણી

અમદાવાદ, ગુરુવાર

પાટનગર ગાંધીનગર નજીક આવેલી કરોડોની જમીનના વિવાદને કોંગ્રેસી નેતાઓએ રાજકીય મુદ્દો બનાવ્યો હતો. પણ હવે આ જમીન પ્રકરણમાં નવો જ વણાંક આવ્યો છે. ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી જે કરોડોની જંમીનનો મુદ્દો ઉઠાવ્યો હતો તેમાં હવે કોંગ્રેસના પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર જ ફસાયાં છે. આ વિવાદાસ્પદ જમીન પચાવી પાડવા ખેડૂતનું સબ-રજીસ્ટ્રાર કચેરીમાંથી ફિલ્મી ઢબે અપહરણ કરાયું છે. એટલુ જ નહીં, બે મહિનાથી અજાણ્યા સ્થળે ગોંધી રખાયા છે. પિડીત ખેડૂત પત્નિને ફરિયાદ કરી છેકે, આરોપીઓએ એવી ધમકી આપી છેકે, જો જગદીશ ઠાકોર સિવાય કોઈને જમીન વેચવી તો યાદ રાખજો. ધમકી-અપહરણની પોલીસ ફરિયાદ નોધાતાં ફરી એકવાર રાજકારણ ગરમાયુ છે.

## ખેડૂત પત્નીને ધમકી આપી : ‘જગદીશ ઠાકોર સિવાય જમીન કોઈને વેચી તો..., જમીન માલિક ખેડૂત બે મહિનાથી લાપતા

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી વખતે ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ ઠાકોર સમુદાયની જમીન પચાવી પાડવામાં આવી છે તેવો મુદ્દો ઉછાવ્યો હતો. કોંગ્રેસી નેતાઓએ આ જમીન પ્રકરણને ચૂંટણીનો મુદ્દો બનાવી રાજકીય રંગ આપ્યો હતો. જોકે, આ વિવાદમાં હવે નવો વણાંક આવ્યો છે.

ખેડૂતની પત્ની કાજલ ઠાકોરે અડાલજ પોલીસ સ્ટેશનમાં ન્યાયની ગુહાર લગાવી છે. પોલીસ ફરિયાદમાં એવો આક્ષેપ કર્યો છેકે, રવિ ઠાકોર, ગાભુ રબારી અને બળદેવ રબારી નામના શખ્સોએ પોપટજીને તેમની વડિલોપાર્જિત જમીન કોઈ અન્ય વ્યક્તિને વેચતા અટકાવ્યા હતા. એટલું જ નહી, ગાંધીનગર સેક્ટર-૧૧ સ્થિત સબ-રજિસ્ટ્રાર કચેરીએથી પોપટજીનું બળજબરીપૂર્વક અપહરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કોંગ્રેસ નેતા જગદીશ ઠાકોર સિવાય આ જમીન બીજા કોઈને વેચશો નહીં તેવી ધમકી આપીને દસ્તાવેજો પર બળજબરીપૂર્વક સહીઓ કરાવી લેવાઈ હતી. ખેડૂતની પત્નિએ પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છેકે, ખોરજની જમીનના મૂળ ભાગીદાર ખેડૂત પોપટજી ઠાકોર પોણા બે મહિનાથી ભેદી સંજોગોમાં લાપતા છે. જમીન પચાવી પાડવાના ઈરાદે તેમને અજાણ્યા સ્થળે ગોંધી રાખવામા આવ્યા છે. હાલ અડાલજ પોલીસ આ વિવાદાસ્પદ મામલાની કાયદાકીય તપાસ ચલાવી રહ્યા છે અને ગુમ થયેલા ખેડૂતની શોધખોળ કરી રહ્યા છે. પોલીસનું અનુમાન છેકે, ગાંધીનગર સબરજીસ્ટ્રાર કચેરીના સીસીટીવી ફુટેજની ચકાસણી કરવામાં આવશે તો હજુ ય ઘણાં રહસ્ય ખુલે તેમ છે. આ ઉપરાંત મોબાઈલ ફોનના લોકેશનને જોતાં કોંગ્રેસી નેતાની શંકાસ્પદ ભૂમિકા પણ બહાર આવે તેમ છે. કરોડો રૂપિયાના જમીન કૌભાંડ અને અપહરણના મામલે આગામી દિવસોમાં મોટા ખુલાસા થાય તેવી શક્યતા છે. અત્યારે તો પોલીસ તપાસ કઈ દિશામાં આગળ વધે છે અને ગુમ થયેલા ખેડૂતનો પત્તો ક્યારે લાગે છે, તેના પર સૌની નજર મંડાયેલી છે.

### ગાંધીનગર સબરજિસ્ટ્રારના સીસીટીવી ફૂટેજમાં આખો ભાંડો ફુટશે, કોંગ્રેસી નેતાની જ ભૂમિકા શંકાના ઘેરામાં

## એરફ્લો, ઈટલીની બ્લુ એન્જિનિયરિંગને કોન્ટ્રાક્ટ અપાયો

# વંદે ભારત સ્લીપરના કોચમાં અંદરની ડિઝાઈન પાછળ ૩૪.૮૫ કરોડ ખર્ચાશે

અમદાવાદ, ગુરુવાર

ભારતીય રેલવેએ વંદે ભારત સ્લીપર ટ્રેનના કોચની અંદરની ડિઝાઈન તૈયાર કરવા માટે રૂ.૩૪.૮૫ કરોડનો કોન્ટ્રાક્ટ આપ્યો છે. ભારતની એરફ્લો કંપનીના નેતૃત્વ હેઠળ ઈટલીની બ્લૂ એન્જિનિયરિંગ કંપની ભાગીદારીમાં કામગીરી હાથ ધરાશે. અને આ કામગીરી પૂર્ણ કરવા રેલવેએ ૧૨ મહિનાનો લક્ષ્યાંક આપ્યો છે.

## કોચની ઈન્ટિરિયર ડિઝાઈન તૈયાર કરવા માટે રેલવેએ કંપનીને ૧૨ મહિનાનો સમય આપ્યો

વંદે ભારત સ્લીપર ટ્રેનના કોચમાં અંદરની રચના અને સજાવટ કેવી હશે તે નક્કી કરવા માટે ઈન્ટિરિયર ડિઝાઈન તૈયાર કરવામાં આવશે. આ કામગીરી માટે ભારતીય રેલવેએ એરફ્લો કંપનીને ૩૪.૮૫ કરોડનો કોન્ટ્રાક્ટ આપ્યો છે. ભારતની એરફ્લો કંપનીના નેતૃત્વ હેઠળના કન્સોર્ટિયમમાં ઈટલીની બ્લૂ એન્જિનિયરિંગ કંપની પણ ભાગીદાર રહેશે. કોન્ટ્રાક્ટ મુજબ ડિઝાઈન તૈયાર કરવાનું કામ ૧૨ મહિનામાં પૂર્ણ કરવાનું રહેશે. જોકે, કોચની અંદરથી રચનામાં કોઈ વિશેષતાઓ હશે, બેઠક અને સૂવાની વ્યવસ્થામાં કેવા ફેરફારો હશે તથા અન્ય સુવિધાઓ કેવી હશે તે અંગેની કોઈ વિગતો જાહેર કરવામાં આવી નથી. જાણવા મળતી વિગત મૂજબ, આ કોન્ટ્રાક્ટ વંદે ભારત સ્લીપર ટ્રેનના કોચની અંદરની ડિઝાઈન પૂરતો જ રહેશે.

## દિવાળીમાં એસટી દ્વારા ૨૪૦૦ એક્સ્ટ્રા બસ દોડાવાશે

અમદાવાદ, ગુરુવાર

દિવાળીના તહેવારોને પગલે આગામી ૪ થી ૭ નવેમ્બર દરમિયાન એસટી નિગમ દ્વારા રાજ્યના તમામ જિલ્લામાંથી કુલ ૨૪૦૦ જેટલી એક્સ્ટ્રા બસનું સંચાલન કરાશે. આ વધારાની બસ દ્વારા ૮ હજારથી વધુ એક્સ્ટ્રા બસનું આયોજન કરીને સૌરાષ્ટ્ર, અમદાવાદ, વડોદરા, મહેસાણા, પાટણ, પાલનપુર, સુરત જવા માગતા મુસાફરોને લાભ થશે.

## અધ્યાત્મ અને આધ્યાત્મિકતાને સાંકળીને

# દ્વારકામાં ૯૩ કરોડના ખર્ચે ભગવાન કૃષ્ણનું મ્યુઝિયમ તૈયાર કરાશે

અમદાવાદ,ગુરુવાર

ભગવાન કૃષ્ણના જીવનદર્શન, દિવ્ય લીલાઓ, માનવમૂલ્યો અને શ્રીમદ્ ભગવદ્ ગીતાના શાશ્વત સંદેશને આધુનિક ટેકનોલોજીના માધ્યમથી લોકોને પહોંચાડવા દ્વારકા ખાતે રૂપિયા ૯૨.૭૦ કરોડના ખર્ચે ‘શ્રી કૃષ્ણ સંગ્રહાલય’નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

દ્વારકાધીશ મંદિરથી આશરે ૧.૬ કિલોમીટરના અંતરે તૈયાર થઈ રહેલા આ મ્યુઝિયમમાં કૃષ્ણના જીવનના અનુરૂપ વિવિધ નવ થીમ આધારિત ગેલેરીઓ હશે. જેમાં જેમાં ભગવાન કૃષ્ણના જીવનના વિવિધ પ્રસંગો અને તેમના તત્ત્વજ્ઞાનના અલગ-અલગ આયામોને રજૂ કરવામાં આવશે. ભગવાન કૃષ્ણના જન્મથી શરૂ થતી આ યાત્રામાં તેમની બાળલીલાઓ, ગોકુલ અને વૃંદાવનના પ્રસંગો, ગોવર્ધન પર્વત ધારણ કરવાની લીલા, કાળિયા નાગનું મર્દન અને રાસલીલા જેવા પ્રસંગોને વિશેષ સ્થાન મળશે. આ ઉપરાંત મથુરા ગમન, કંસવધ, સુવર્ણનગરી દ્વારકાની સ્થાપના અને મહાભારતમાં શ્રીકૃષ્ણની નિર્ણાયક ભૂમિકા પણ રજૂ કરાશે. ઈમ સવ ઓડિયો-વિઝ્યુઅલ પ્રસ્તુતિઓ, ઈન્ટરએક્ટિવ ડિજિટલ ડિસ્પ્લે, ૩ડી પ્રોજેક્શન મેપિંગ, ટચસ્ક્રીન માહિતી કિઓસ્ક અને મોશન સેન્સર આધારિત અનુભવો દ્વારા મુલાકાતીઓને કૃષ્ણના જીવનપ્રસંગો સાથે વધુ નજીકથી જોડવાનો પ્રયાસ કરવામાં આવશે. વિશેષ લેન્ડસ્કેપ વિસ્તાર, કમળ તળાવ, લાઈટ એન્ડ સાઉન્ડ પ્રોજેક્શન શો અને એમ્ફિથિયેટર જેવી સુવિધાઓ પણ વિકસાવવામાં આવી રહી છે.

## કૃષ્ણના જીવનપ્રસંગની ૯ થીમ ગેલેરી, થ્રીડી પ્રોજેક્શન મેપિંગ, લેન્ડ સ્કેપ ગાર્ડન સહિતનો સમાવેશ







# ગિરનારની ગોદમાં રેલવે ટ્રેક પર ૯ સિંહોના ધાડા



ગિરનાર પંથકમાં રેલ્વે ટ્રેક પર રાત્રિના સમયે ૩ સિંહણ અને ૬ સિંહબાળ સહિત ૯ સિંહોનું ગ્રુપ આવી ચડ્યું હતું. ગિરનાર જંગલની નજીક પસાર થતા રેલ્વે ટ્રેક પર રાત્રિના ટ્રેન વ્યવહાર સદંતર બંધ હોય છે, જેના કારણે સિંહોને કોઈ જોખમ હતું નહીં. જંગલ વિસ્તારમાંથી પસાર થતી રેલ્વે લાઈન પર વન્યજીવોની સુરક્ષા અને અકસ્માત ટાળવા કાયમી જોખમો વચ્ચે સિંહોની આ અવર-જવર કેમેરામાં કેદ થઈ હતી.

### પ્રજા-ઉદ્યોગકારોનો રોષ ખાળવા સરકારે નવી યુક્તિ શોધી

# 'મેઈન્ટેનન્સ'ના બહાને ગામડાઓમાં અંધારપટ જ્યારે ઉદ્યોગોમાં વીજકાપ

અમદાવાદ,ગુરુવાર

**ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી વીજસંકટ વધુ ઘેરું બન્યુ છે. ગામડાઓમાં વીજળી ગુલ થઈ જવાની ફરિયાદો ઉઠી છે જેથી ગ્રામજનો- ખેડૂતો ત્રાસ્યાં છે. બીજી તરફ, નાના કારખાના-ફેક્ટરીઓમાં સપ્તાહમાં એક વાર ફરજિયાત ૮ કલાકનો વીજ કાપ છે પરિણામે ઉદ્યોગકારો સરકારથી ખફા છે. આ પરિસ્થિતિ વચ્ચે આમ આદમીથી માંડીને ખેડૂતો અને ઉદ્યોગકારોનો રોષ ખાળવા સરકારે હવે નવો કીમીયો શોધી કાઢ્યો છે. હવે જ્યારે પણ વીજળી જાય ત્યારે હળવેકથી મેઈનટેન્સનુ બહાનું ધરી દેવાય છે. રાજ્યમાં સરકાર વિરોધી માહોલ ઊભો ન થાય તે માટે હવે એકસાથે મોટો પાવર કટ કરવાને બદલે 'રોટેશનલ અને અઘોષિત વીજકાપ ઝીંકવામાં આવી રહ્યો છે.**

## કલાકો સુધી નહીં પણ ટુકડે ટુકડે પાવરકટ : લાઈટ જાય ત્યારે વીજકંપનીનું એક જ બહાનું : 'ફોલ્ટ છે, સમારકામ ચાલે છે'

રાજ્યના ૧૮ હજાર ગામડાઓમાં વીજળી ગુલ કરવા માટે સરકારે સિફતપૂર્વકનું આયોજન ગોઠવ્યુ છે. જનતા રસ્તા પર ન ઉતરે તે માટે એકસાથે કલાકો સુધી પાવર કટ કરવાને બદલે હવે અડધા-અડધા અને એક-એક કલાકના કટકા કરીને વીજકાપ કરવામાં આવી રહ્યો છે. જ્યારે પણ કલાકો સુધી વીજળી જાય છે, ત્યારે વીજ કંપની ગ્રાહકોને એક જ જવાબ આપેછે કે, હાલ મેઈન્ટેનન્સનું કામ ચાલી રહ્યું છે. પ્રજાના ગુસ્સા અને સવાલોથી બચવા માટે વીજ કંપનીઓએ આ સરકારી બહાનાને હથિયાર બનાવી લીધું છે. પરિણામે ગ્રામજનો અને ખેડૂતોને વીજસંકટની સાચી પરિસ્થિતિની ગંધ પણ આવે નહી.

આ આયોજનબદ્ધ વીજ સંકટની આંચ માત્ર ગ્રામીણ વિસ્તારો પૂરતી સીમિત નથી, પરંતુ ઔદ્યોગિક એકમો પણ વીજકાપનો ભોગ બન્યા છે. જીઆઈડીસી સહિત ઔદ્યોગિક વિસ્તારોમાં હોબાળો ન થાય તે માટે સરકારે સિફતપૂર્વક ઉદ્યોગકારો સાથે બેઠકો કરી 'વીજળીનો કરકસરયુક્ત ઉપયોગ કરો તેવો આદેશ કર્યો છે અને સપ્તાહમાં એક વાર ૮ કલાકનો સત્તાવાર વીજકાપ લાદી દીધો છે. હકીકતમાં ઉદ્યોગોને કરકસરના નામે અપાતી સરકારી અપીલ પાછળ વાસ્તવમાં વીજસંકટને છુપાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે તેવી ચર્ચા છે.

નિયમિત વીજળી ન મળવાને કારણે ગ્રામીણ અર્થતંત્ર અને ખાસ કરીને ખેતીવાડીને નુકસાન થઈ રહ્યું છે. સિંચાઈ માટે પૂરતો વીજ પુરવઠો ન મળતા ખેડૂતો ચિંતિત છે. બીજી તરફ, નાના કારખાના-ફેક્ટરીઓમાં ૮ કલાકના વીજકાપને લીધે પ્રોડક્શન પર અસર પહોચી છે.. દિવાળીના સમયે જ આ સ્થિતી સર્જાતાં ઉદ્યોગકારોની ચિંતામાં વધારો થયો છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે જો ખરેખર રોજ મેઈન્ટેનન્સ જ થતું હોય, તો વીજળીની સ્થિતિ સુધરવી જોઈએ, પરંતુ અહીં તો રોજ પરિસ્થિતિ વધુ કથળી રહી છે. આ 'મેઈન્ટેનન્સ' ના ઓથા હેઠળ ચાલતા અઘોષિત વીજકાપને લીધે હવે સરકાર સામે જનઆક્રોશ ભભૂક્યો છે.

## ઔદ્યોગિક એકમોમાં વીજકાપમાં પણ 'રોટેશન', કરકસરના નામે સરકારી અપીલ નહીં પણ વીજસંકટને છુપાવવાની ચાલ

### કૃષિપેદાશોનું રોજ રૂ.૨૦થી ૨૫ કરોડનુ ટર્નઓવર

# એક દિવસમાં આશરે રૂ.૧૭ કરોડના સવાલાખ મણ સોયાબીનની યાર્ડમાં આવક

રાજકોટ,ગુરૂવાર

**સૌરાષ્ટ્રના અગ્રેસર એવા રાજકોટ માર્કેટ યાર્ડમાં આજે ૧.૨૫ લાખ મણ (૨૫૦૦૦ ક્વિન્ટલ) સોયાબીનની ભરપૂર આવક નોંધાઈ હતી. યાર્ડમાં પ્રતિ મણ સોયાબીન આ વર્ષે ઉંચકાઈને સરેરાશ રૂ.૧૪૦૦ના ભાવે વેચાઈ રહ્યા છે ત્યારે આશરે રૂા.૧૭ કરોડની કિંમતનું સોયાબીન એક દિવસમાં ઠલવાયું છે. દિવાળીના તહેવારોને અનુલક્ષીને તેમજ યાર્ડમાં ભાવ સારા મળતા હોવાથી ખેડૂતો ખરીફ અર્થાત્ નવી સીઝનની ઉપરાંત જુની રવિ સીઝનની કૃષિપેદાશો પણ વેચવા માટે લાવી રહ્યા છે.**

## ગત વર્ષે ૪.૭૭ લાખથી વધીને ચાલુ વર્ષે ૫.૧૯ લાખ ટનઃ બેડી માર્કેટ યાર્ડ ૩૩ હજાર મણ મગફળી સહિત કૃષિ જણસીથી ઉભરાયું

સોયાબીનનો પાક ગત વર્ષે પણ ૪.૭૭ લાખ ટન ઉત્પાદન થયું હતું તેમાં પણ ચાલુ વર્ષે નોંધપાત્ર વધારો થયો છે. પ્રાથમિક અંદાજ મૂજબ ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭માં રાજ્યમાં ૫.૧૯ લાખ ટન સોયાબીનનો પાક થયો છે. સોયાબીન એ કઠોળ તરીકે વપરાય છે તેમજ તેલિબિયા તરીકે પણ તેનો વપરાશ થતો રહે છે.

યાર્ડના સૂત્રો અનુસાર આજે મોરબી રોડ પર રાજકોટના બેડી યાર્ડ ખાતે ૯૦૦થી વધારે વાહનોમાં સોયાબીન ઉપરાત ૩૩ હજાર મણ મગફળી, તેમજ તલ, સિંગફાડા, ઘંઉ, ચણા, જીરુ, કલોંજી, વટાણા, લસણ, કપાસની પણ ૩૦૦૦થી ૯૦૦૦ મણ આવક થઈ હતી. કૂલ ૪૦ પ્રકારની જણસીઓની આવકથી યાર્ડ ધમધમી રહ્યું છે અને રોજ દૈનિક આશરે રૂા.૨૦થી ૨૫ કરોડનું ટર્નઓવર થઈ રહ્યું છે. બીજી તરફ, શાકભાજી યાર્ડમાં ખાસ કરીને બટાટા,ટમેટા અને લીલા મરચાંની રોજ ચાર-ચાર હજાર ક્વિન્ટલ (આશરે ૨૦-૨૦ હજાર મણ)ની આવક થઈ રહી છે, આજે પણ અંદાજે ૧૧,૨૦૦ ક્વિન્ટલની આવક થઈ હતી. આ ઉપરાંત રીંગણુ, દૂધી, કાકડી, લીંબુ, ડુંગળી સહિતની દૈનિક આવક પણ ૫૦૦ ક્વિન્ટલથી વધારે રહે છે.

**શાકભાજી યાર્ડમાં બટાટા, મરચા, ટમેટાની ૧૧૨૦૦ ક્વિન્ટલની ધોધમાર આવક**

### દૂષ્કાળ જાહેર કરવાને બદલે સરકાર ઉત્સવોમાં વ્યસ્ત

# કપાસનો પૂરતો-સારો પાક નહીં આવે તો..ની ચિંતામાં ખેડૂતની આત્મહત્યા

અમરેલી,ગુરૂવાર

**નબળા ચોમાસાની સીધી અસર ખેતીના પાક પર પડી છે અને દૂષ્કાળ જાહેર કરવાને બદલે સરકાર ઉત્સવોમાં વ્યસ્ત છે ત્યારે આજે સાવરકુંડલામાં ભાગે રાખેલી વાડીમાં આ વર્ષે પૂરતો અને સારો કપાસનો પાક નહીં આવે તેવી ચિંતાને કારણે ૫૫ વર્ષના આધેડે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવી છે.**

## સાવરકુંડલામાં ભાગે રાખેલી વાડીમાં ઉપજની આશા ધૂંધળી થતાં ગળાફાંસો ખાઈને જીંદગીનો અંત આણ્યો

પ્રાપ્ત માહિતી અનુસાર, સાવરકુંડલાના શ્રમજીવીનગર વિસ્તારમાં રહેતા કનુભાઈ બાઘાભાઈ ઉનાવા મજૂરીકામ કરીને ગુજરાન ચલાવતા હતા. તેમણે ભાગે વાડી રાખી હતી, પરંતુ ચાલુ વર્ષે વાડીમાં પૂરતી ઉપજ નહીં મળે તેવી ચિંતા તેમને સતાવતી હતી. આ માનસિક તણાવ વચ્ચે તેમણે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

ચાલુ વર્ષે વરસાદની નબળી સ્થિતિને કારણે ખેતી પર સંકટ ઘેરાતું હોય ત્યારે અસરગ્રસ્ત ખેડૂતોને સમયસર રાહત મળે તે જરૂરી છે. દુષ્કાળ કે અછતની સ્થિતિ અંગે નિર્ણય, પાકની નુકસાનીનો સર્વે અને સહાયની પ્રક્રિયામાં વિલંબ થતો હોવાની ફરિયાદો વચ્ચે આ ઘટનાએ તંત્રની જવાબદારી અંગે સવાલો ઊભા કર્યા છે.

### પીડાદાયક સમયમાં ઉદ્યોગકારોની પડખે કોઈ નહીં

# વીજસંકટને લીધે ખેડૂતોની કફોડી દશા, ધારાસભ્યોના મોં સિવાયા

અમદાવાદ,ગુરુવાર

**અપૂરતા વરસાદને લીધે ધરતીપુત્રોની હાલત કફોડી બની છે. એક બાજુ, ઊભા ખરીફ પાકને બચાવવા પાણીની માંગ ઉઠી છે ત્યાં હવે વીજસંકટને લીધે ખેડૂતોની ચિંતા વધી છે. સાથે સાથે દિવાળીના સમયે જ ૮ કલાકના કાપને લીધે ઉદ્યોગકારોની પણ ચિંતા વધી છે. આમ છતાંય ચૂંટાયેલાં ધારાસભ્યો એક હરફ ઉચ્ચારવા તૈયાર નથી.**

## ખેડૂતોના મતોથી વિધાનસભા પહોંચેલાં જન પ્રતિનિધિઓએ સરકારને પણ રજૂઆત ન કરી

એક તરફ, દેવભૂમિ દ્વારકા સહિત અન્ય જીલ્લામાં પરિસ્થિતિ ગંભીર બની રહી છે. ઓછા વરસાદને લીધે પાણીના અભાવે દુષ્કાળ જાહેર કરવાની માંગ ઉગ્ર બની છે. ગ્રામ્ય વિસ્તારોમાં ભારે અનિયમિતતા સાથે વીજ પુરવઠો અપાઇ રહ્યો છે. ખાસ કરીને સાંજના સમયે જ વીજળી ગુલ થઈ જતી હોવાની ફરિયાદો ઉઠી છે. જોકે, હજુ શહેરોમાં હજુ સ્થિતી ઘણી સારી છે. નિયમિત વીજળી ન મળવાને કારણે પાક સુકાઈ રહ્યો છે, જે ખેડૂતો માટે આર્થિક રીતે પીડાદાયક સમય સાબિત થઈ રહ્યો છે. ખેડૂતોના મતોથી જીતીને વિધાનસભામાં પહોંચેલા 'ખેડૂત પુત્ર' ધારાસભ્યોએ દુષ્કાળ અને વીજકાપને લઈને એક હરફ ઉચ્ચાર્યો નથી.

આ ઉપરાંત નાના કારખાના-ફેક્ટરીઓમાં ૮ કલાકના વીજકાપને લીધે ઉદ્યોગકારોને આર્થિક નુકશાન ભોગવવું પડે તેમ છે. ઉદ્યોગકારોની આ કપરી સ્થિતીમાં જનપ્રતિનીધીઓ પડખે ઉભા રહેવા તૈયાર નથી. એક પણ ધારાસભ્યએ સરકારને વીજકાપ કે દુષ્કાળને લઈને રજૂઆત સુધ્ધાં કરી નથી. ભાજપના ધારાસભ્યોને તો પક્ષની શિસ્ત નડી રહી છે જેના પગલે તેમના તો મોં સિવાયા છે. આ કારણોસર ધારાસભ્યો પર આમ જનતાથી માંડીને ખેડૂતોનો ગુસ્સો ફુટ્યો છે.

### રૂ.૪૦.૯૮ કરોડની કસ્ટમ ડ્યૂટી ચોરીના કેસમાં

# ગૌરવ ગુપ્તાની વિદેશ જવાની મંજૂરી માંગતી અરજી કોર્ટે ફગાવી

અમદાવાદ,ગુરૂવાર

**રૂ.૪૦.૯૮ કરોડની કસ્ટમ ડયુટી ચોરીના ગંભીર ગુનામાં સંડોવાયેલા અને હાલ જામીન પર મુક્ત થયેલા આરોપી ગૌરવ મહાબીર ગુપ્તા દ્વારા હોંગકોંગ જવા માટે પાસપોર્ટ પરત મેળવવાની અને વિદેશ જવાની પરવાનગી માગતી અરજી એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ.બી. ભાવસારે ફગાવી દીધી હતી. કોર્ટે આરોપીને પાસપોર્ટની રાહત આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો.**

## જો આરોપી વિદેશ નાસી જાય તો તપાસના કામે હાજર રહી શકશે નહીં, તેથી કેસમાં ગંભીર અવરોધ ઉભો થશે

કેસની વિગત મુજબ, રૂ.૪૦.૯૮ કરોડની કસ્ટમ ડયુટીની ચોરીના કેસમાં આરોપી ગૌરવ મહાબીર ગુપ્તાએ અગાઉ તા. ૨૦-૧૦-૨૦૨૬ થી તા. ૩૦-૧૦-૨૦૨૬ સુધી હોંગકોંગ જવા માટે સેશન્સ કોર્ટમાંથી પરવાનગી મેળવી હતી, પરંતુ તે સમયે બીમાર હોવાના કારણે વિદેશ જઈ શક્યા ન હતા. ત્યારબાદ ફરીથી હોંગકોંગ જવા માટે નવેસરથી અદાલતમાં અરજી કરવામાં આવી હતી.

જો કે, સરકારપક્ષ તરફથી આરોપીની અરજીનો સખત વિરોધ કરતાં જણાવાયું હતું કે, આરોપી રૂ. ૪૦.૯૮ કરોડની કસ્ટમ ડયુટીની ચોરીના ગંભીર ગુનામાં સંડોવાયેલો છે. આરોપીને તપાસ અધિકારી દ્વારા સ્ટેટમેન્ટ રેકર્ડ કરવા અને જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવા માટે વારંવાર સમન્સ ઈશ્યુ કરવા છતાં તેઓ હાજર રહેતા નથી. તા. ૧૨-૧૦-૨૦૨૬ ના રોજ બોલાવવામાં આવ્યા હોવા છતાં તેઓ હાજર રહ્યા ન હતા અને હવે તા. ૨૩-૧૦-૨૦૨૬ ના રોજ ફરીથી નિવેદન નોંધવા માટે સમન્સ આપવામાં આવેલ છે.

તેથી કોર્ટે જણાવ્યું કે, જો અરજદારની અરજી મંજૂર કરવામાં આવે અને તેને વિદેશ જવાની પરવાનગી આપવામાં આવે તો તે તા.૨૩મીએ તપાસના કામે હાજર રહી શકશે નહી અને કેસની તપાસમાં ગંભીર અવરોધ પેદા થશે. જામીનની શરતો મુજબ, આરોપીએ ડિપાર્ટમેન્ટને તપાસના કામે સંપૂર્ણ સાથ સહકાર આપવો જરૂરી છે, તેથી આરોપીની અરજી નામંજૂ કરવામાં આવે છે.

### બેંક અધિકારીએ વિશ્વાસઘાત કર્યો છે : હાઈકોર્ટ

# વિધવાના નાણાની ઉચાપત : AXIS બેંકના અધિકારીના આગોતરા ફગાવાયા

અમદાવાદ,ગુરૂવાર

**વિધવા મહિલાના ગંગા સ્વરૂપ વિધવા સહાય યોજના હેઠળ સરકારી યોજનાની નાણાંકીય સહાયની ઉચાપતના ચકચારભર્યા કેસમાં એક્સિસ બેંકના કલસ્ટર સેલ્સ હેડ આરોપી યોગેન્દ્ર વિજય બહાદુરસિંહને ગુજરાત હાઈકોર્ટે આગોતરા જામીન આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. જસ્ટિસ સંજીવ ઠાકરે સાફ શબ્દોમાં જણાવ્યું કે, ગ્રાહકોના નાણાંનું રક્ષણ કરવાની જેની જવાબદારી છે તે બેંક અધિકારીઓ દ્વારા જ આ પ્રકારે સત્તાનો દૂરપયોગ કરી નાણાંકીય ઉચાપત કરી લોકોના વિશ્વાસ પર હુમલો એ નાણાંકીય સંસ્થાઓ પર કુઠારાઘાત સમાન છે.**

## વિધવાનો રજિસ્ટર્ડ મોબાઈલ નંબર બદલી, એટીએમ કાર્ડનો દૂરૂપયોગ કરીને રકમો ઉપાડી હતી

એક વિધવા મહિલાના નિષ્ક્રિયખાતાને ફરીથી સક્રિય કરવા અને વિધવાના ખાતામાંથી પૈસા ઉપાડવા માટે તેને મદદ કરવાના બહાને તેના નાણાંની ઉચાપત કરવામાં આવી હતી. સરકારી યોજના - ગંગા સ્વરૂપ વિધવા સહાય યોજના હેઠળ આ પૈસા તેના ખાતામાં જમા થયા હતા.

આ સમગ્ર કૌભાંડમાં અન્ય એક આરોપી વિશ્વજીતસિંહ પ્રવીણસિંહ રાઠોડ જે એક્સિસ બેંક, વાલિયા બ્રાચં, ભરૂચમાં ઓપરેશનલ હેડ હતો તેની ગુનાઈત ભૂમિકા પણ સામે આવી હતી. જેણે ફરિયાદીના ખાતામાંથી વારંવાર રકમ ઉપાડી હતી. આ માટે વિધવાનો રજિસ્ટર્ડ મોબાઈલ નંબર બદલી એટીએમ કાર્ડનો દૂરપયોગ કરીને રકમો ઉપાડવામાં આવી હતી.

હાઈકોર્ટે જણાવ્યું કે, આરોપીઓ વિરૂદ્ધ બેંકના અધિકારી તરીકે તેમના પદ અને સત્તાનો દૂરપયોગ અને ફરિયાદી વિધવા મહિલાના ખાતામાંથી નાણાંકીય ઉચાપતના ગુનામાં સંડોવણીના ગંભીર આરોપો છે. આ સમગ્ર ગુનામાં આરોપીઓની ભૂમિકા અને ગુનાની ગંભીરતા જોતાં આરોપીને કોઈપણ સંજોગોમાં આગોતરા જામીન આપી શકાય એમ નથી, આમ, ઠરાવી હાઈકોર્ટે આરોપી બેંક અધિકારીના આગોતરા જામીન ફગાવી દીધા હતા.

### દિવાળીના વેકેશનમાં જવા માટે

# એર બીએનપી પર બૂક કરવા જતા સિનિયર સિટિઝન સાથે છેતરપિંડી

અમદાવાદ,ગુરૂવાર

શહેરના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં રહેતા સિનિયર સિટિઝનને પરિવાર સાથે દિવાળીના વેકેશનમાં ફરવા જવાનું હોવાથી એર બીએનબી પર બુકીંગ કરાવવાનું હતું.

આ સમયે ડોક્યુમેન્ટ અપલોડ થતા તેમણે ગુગલ પરથી નંબર મેળવીને વાત કરી હતી. પરંતુ, આ નંબર કસ્ટમર કેરનો નહી પણ સાયબર ક્રિમીનલનો હતો અને તેમને વોટ્સએપમાં એપીકે ફાઈલ મોકલીને ૧૦ લાખની છેતરપિંડી કરવામાં આવી હતી.

ગુલબાઈ ટેકરા વિસ્તારમાં રહેતા ૭૫ વર્ષીય નિતીનભાઈ હાથીને તેમના પરિવાર સાથે વેકેશનમાં નાગપુરના પ્રવાસમાં જવાનું હોવાથી એરબીએનબી નામની સાઈટ પરથી રૂમ બુક કરાવવા સર્ચ કર્યું હતું. પરંતુ તે ફોર્મમાં વિગતો અને ડોક્યુમેન્ટ અપલોડ ન થતા ગુગલ પરથી કસ્ટમર કેરનો નંબર મેળવીને પુછપરછ કરી હતી. જેથી કંપનીના નામે વાત કરતા એક વ્યક્તિએ તેમને વોટ્સએપ પર કસ્ટમર સપોર્ટની એપીકે ફાઈલ ડાઉનલોડ કરાવી હતી. બાદમાં બેંકના એકાઉન્ટમાં રજીસ્ટર્ડ ઈ-મેઈલ આઈડી બદલીને બેંકમાંથી ૯.૭૮ લાખની રકમ ઉપાડી લીધી હતી. આ અંગે સાયબર ક્રાઈમ સેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

### આચાર્યોની કામગીરી પણ હવે વધશે

# સ્કૂલોમાં બાહ્ય વ્યક્તિના પ્રવેશ પ્રતિબંધ મુદ્દે વિવાદ સાથે વિરોધ

અમદાવાદ,ગુરૂવાર

**સરકારી સ્કૂલોમાં બાહ્ય વ્યક્તિ-અનધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતો પરિપત્ર રાજ્ય સરકારે કર્યો છે અને જો કોઈ પણ વ્યક્તિ અનધિકૃત રીતે પ્રવેશ મંજૂરી વિના કરે તો પોલીસ કાર્યવાહી કરવા સુધીની સૂચના આચાર્યો અપાઈ છે ત્યારે આ પરિપત્રને લઈને હાલ વિવાદ ઉઠ્યો છે.જ્યારે વિપક્ષ દ્વારા આ મુદ્દે સરકારનો વિરોધ પણ કરવામા આવ્યો છે.**

## પોક્સો જોગવાઈ પરત ખેંચવાની માંગ : વિપક્ષે પરિપત્રને ગેરરીતિ છુપાવવાનો કારસો ગણાવ્યો

રાજસ્થાન બાદ ગુજરાત સરકારે પણ રાજ્યની સરકારી સ્કૂલોમાં બાહ્ય-અનધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ મુકવાનો પરિપત્ર કર્યો છે. સરકારના નોટિફિકેશનને લઈને હાલ વિવાદ ઉઠ્યો છે. સરકારના આ પરિપત્રને આમ તો સ્કૂલ સંચાલક મંડળે આવકાર્યો છે પરંતુ પોક્સોની કાર્યવાહી ગંભીર હોવાથી તેની જોગવાઈ-કાર્યવાહીની સૂચનાને પરિપત્રમાંથી દૂર કરવાની માંગણી ઉઠાવી છે. જ્યારે બીજી બાજુ એવી પણ ફરિયાદ સ્કૂલ શિક્ષણ જગતમાં ઉઠી છે કે આવો નિયમ લાગુ કરતા પહેલા સરકારી સ્કૂલો માટે સરકારે મુંબઈ પ્રાયમરી એજ્યુકેશન એક્ટ અને માધ્યમિક માટે માધ્યમિક શિક્ષણ ધારામાં સુધારો કરવો પડે. આ પરિપત્ર-નોટિફિકેશનથી આચાર્યોનો મરો થશે.કારણખે આચાર્યો પ્રવેશ આપે તો પણ મુશ્કેલીમાં મકાય ન આપે તો પણ મુશ્કેલીમાં મુકાય.

જો આચાર્ય બાહ્ય વ્યક્તિ સામે પોલીસ ફરિયાદ કરે તો કોર્ટ-કચેરીના ધક્કા ખાવા પડે અને વિવાદમાં ઉતરવુ પડે. જેથી આચાર્યો પણ આ પરિપત્રનો અમલ કરાવી શકશે કે કેમ તે પ્રશ્ન છે અને આચાર્યોએ કોઈ પણ બાહ્ય વ્યક્તિન પ્રવેશ ન થાય તેની ખાત્રી રાખવા માટે તેમજ પ્રવેશ થાય તો ફરિયાદ કરવા માટે નવી કામગીરીમાં જોતરાવુ પડે.જેથી આચાર્યોની કામગીરી વધશે. તો સરકારના આ પરિપત્રને લઈને કોંગ્રેસ અને આપ પાર્ટીએ સરકારને આડે હાથ લીધી છે. કોંગ્રેસ અને આપે વિરોધ કરતા ફરિયાદ ઉઠાવી છે કે સરકાર જ્યાં પહેલેથી શિક્ષણનું સ્તર સુધારી શકતી નથી,પુરતા શિક્ષકો-સુવિધાઓ સરકારી સ્કૂલોમાં આપી શકતી નથી ત્યારે હવે આ રીતે પ્રવેશબંધી કરાવીને ખુલતી પોલ રોકવા માંગે છે અને ગેરરીતિઓ બહાર આવતી રોકવા માંગે છે.

### જમીન માટે ખુબ ઉપયોગી એનપીકે ખાતર કરતા સસ્તા

# યુરીયા ખાતરનો બેફામ ઉપયોગ થવાથી જમીનની ફળદ્રુપતા ઘટી

(પ્રતિનિધિ દ્વારા) સુરત,ગુરૂવાર

**ખેડૂતો ખેતરમાં ઉપયોગ કરે તે યુરીયા ખાતરની ૫૦ કિલોની બેગ રૂ.૨૬૬ માં મળે છે. જયારે એનપીકેની બેગ રૂ.૨૪૫૦ માં મળે છે. ભાવમાં આ અસમાનતાના કારણે ખેડૂતો યુરીયા ખાતરનો બેફામ ઉપયોગ કરી રહ્યા છે. જયારે એનપીકેમાં પોષક તત્વો વધુ હોવા છતાં ભાવ વધારે હોવાથી ખેડૂતો ઓછો ઉપયોગ કરતા હોવાથી ઘટતી જતી જમીનો વચ્ચે બચીકૂચી જમીનોમાં પણ ભવિષ્યમાં ફળદ્રુપતાને લઈને નિષ્ણાતો ખતરાની ઘટડી ગણાવી રહ્યા છે.**

## યુરીયા ખાતરમાં ફકત નાઈટ્રોજન હોવાથી લાંબાગાળે જમીનની ફળદ્રુપતાનો પ્રશ્ન આવે છે : એનપીકે ખાતરની સબસીડી વધારવા માંગ

દેશભરમાં ક્રોકીટના જંગલો ઠેર-ઠેર ઉભા થઈ રહ્યા છે અને જમીનનો ઘટતી જાય છે. જે પણ જમીનો બચી છે તેમાં પણ ભવિષ્યમાં ખતરો ઉભો થાય તેવું ખેત નિષ્ણાંતો માની રહ્યા છે. જેનું ઉદાહરણ આપતા ખેડૂત અગ્રણી જયેશ પટેલ (દેલાડ) જણાવે છે કે, તાજેતરમાં જ સરકારે ખાતરના ભાવમાં વધારો કર્યો, તેને લઈને એક વિચાર માંગી લે છે. સરકારે ખેતીની જમીન માટે ઉપયોગી એવા એનપીકે ખાતર (જેમાં નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાશ બધા જ પોષક તત્વો છે, જે જમીનો માટે ખૂબ જ ઉપયોગી છે)ની ૫૦ કિલોની ગુણ પર રૂ.૫૦૦નો વધારો કરતા હવે રૂ.૨૪૫૦માં મળે છે. જયારે યુરીયા ખાતરમાં ફકત નાઈટ્રોજન જ આવે છે, જેનો ઉપયોગ વધુ કરવાથી જમીનની ફળદ્રુપતા સામે પ્રશ્નો ઉભા થાય તેમ છે. યુરીયા ખાતરની ૫૦ કિલોની બેગ ફકત રૂ.૨૬૬.૫૦માં જ મળે છે. હવે જગતનો તાત રૂ.૨૪૫૦ની કિંમતનુ એનપીકે ખાતર ખરીદશે કે પછી રૂ.૨૬૬.૫૦ની કિંમતનું યુરીયા ખાતર ?ખાતરના ભાવમાં અસમાનતા સરકાર દ્વારા આપવામાં આવતી સબસીડીના કારણે છે. યુરીયા ખાતરની ૫૦ કિલો ગુણની મુળ કિંમત ૪૧૮૧ છે. જેના પર સરકાર ૩૯૧૪.૫૦ રૂપિયા સબસીડી આપતી હોવાથી આ બેગ રૂ.૨૬૬.૫૦માં જ મળે છે. જયારે એનપીકે ખાતરની મૂળ કિંમત ૪૧૬૧.૮૭ છે. સરકારની સબસીડી ૧૭૧૧.૮૭ હોવાથી રૂ.૨૪૫૦ના ભાવે મળે છે. આમ બન્ને ખાતરમાં જમીન આસમાનનો ફરક હોવાથી ખેડૂતો સસ્તા ખાતરનો ઉપયોગ કરીને લાંબાગાળે જમીનની ફળદ્રુપતા ગુમાવવાનો ભય છે. સાથે જ ખેતીપાક પર પણ પ્રતિકુળ અસર પડે તેમ છે. આથી કેન્દ્ર સરકારે ખેતરોની ફળદ્રુપતા જળવાઈ રહે તે માટે ઠોસ પગલાં લેવાની સાથે જ એનપીકે ખાતરની સબસીડી વધારવા માંગ કરાઈ છે.

**ખાતરમાં મળનારી સબસીડી અને મુળ કિંમત સહિત ખેડૂતને મળતા ભાવનું લિસ્ટ**

| ખાતરનું નામ | મૂળ કિંમત | સરકારની સબસડી | ખેડૂતનો વેચાણ ભાવ |
|---|---|---|---|
| યુરીયા | ૪૧૮૧.૦૦ | ૩૯૧૪.૫૦ | ૨૬૬.૫૦ |
| એન.પી.કે | ૪૧૬૧.૮૭ | ૧૭૧૧.૮૭ | ૨૪૫૦.૦૦ |
| મહાધન એપીકે | ૩૬૪૭.૦૫ | ૧૧૪૭.૦૫ | ૨૫૦૦.૦૦ |
| ડી.એ.પી | ૨૯૮૯.૩૦ | ૧૬૩૯.૩૦ | ૧૩૫૦.૦૦ |
| પોટાશ | ૨૨૭૧.૦૦ | ૭૧.૪૦ | ૨૨૦૦.૦૦ |
| સલ્ફેટ | ૧૮૭૩.૯૫ | ૪૭૩.૯૫ | ૧૪૦૦.૦૦ |
| એ.એસ.પી | ૩૨૭૧.૩૦ | ૧૦૨૧.૩૦ | ૨૨૫૦.૦૦ |
| નર્મદા ફોસ | ૨૫૫૦.૮૦ | ૧૦૮૦.૫૦ | ૧૪૭૦.૩૦ |
| આઈ.પી.એલ | ૩૦૬૯.૬૫ | ૮૧૯.૬૫ | ૨૨૫૦.૦૦ |

નોંધ : આ તમામ ભાવો ૫૦ કિલોની ખાતરની બેગના છે.

### સૂર્યકૂકરની સબસીડીના બાકી ક્લેઈમ પણ સરકારે ચુકવ્યા નહીં

# સૂર્યકૂકરમાં અપાતી સબસીડી વર્ષોથી બંધ, સૂર્ય ઉર્જા આધારિત ઉપકરણોનું બજાર શુષ્ક

રાજકોટ, ગુરૂવાર

**એક સમયે માત્ર રૂા.૭૪માં સૂર્યકૂકર લાભાર્થીઓને આપ્યા હતા. ૧૦ વ્યક્તિની રસોઈ આસાનીથી બની શકે તેવા સૂર્યકૂકરની કિંમત આજે રૂા.૩૧૫૦ ગ્રાહકે ચૂકવવા પડે છે અને સૂર્યકૂકરમાં રાજ્ય અને કેન્દ્ર સરકારની સબસીડી વર્ષોથી બંધ થઈ ગયા બાદ સૂર્યકૂકર ખરીદવામાં કોઈને રસ નથી.**

## એક સમયે રાજકોટમાં ૯૦ ટકા સબસીડી સાથે ગ્રાહકને માત્ર રૂ.૭૪માં સૂર્યકૂકર આપ્યું હતું આજે સબસીડી વગરના સૂર્યકૂકરની કિંમત રૂ.૩૧૫૦

ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થાનું હેડક્વાર્ટર જ્યારે વડોદરા હતું ત્યારે સૂર્ય અને પવન ઉર્જા આધારીત ઉપકરણો ઉપર સબસીડીનું મોટુ પ્રમાણ હતું. પરંતુ ગાંધીનગર આ કચેરીનું સ્થળાંતર થયા પછી સૂર્ય અને પવન ઉર્જા આધારીત ઉપકરણોમાં સબસીડી મળતી બંધ થઈ હોવાનું આજ રોજ સૂર્ય ઉર્જા આધારીત ઉપકરણોના વિક્રેતાઓએ જણાવ્યું હતું.

સૂર્ય ઉર્જા આધારીત ચાર ખાનાવાળા સૂર્યકૂકરમાં કોઈપણ પ્રકારના ઈંધણના ખર્ચ વિના ૧૦ વ્યક્તિઓની રસોઈ બનતી હતી. ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા ભારત સરકારની મદદથી ૭૦ ટકા જેટલી સબસીડી આપતી હતી. ૧૯૮૬-૧૯૮૭ દરમિયાન રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા સૂર્યકૂકર ખરીદનારા ગ્રાહક માટે વધારાની ૧૦ ટકા સબસીડી કરતા માત્ર રૂા.૭૪માં સૂર્યકૂકર લોકોને મળતું હતું. પરંતુ ક્રમશઃ ભારત સરકાર અને રાજ્ય સરકારની સબસીડી મળતી બંધ થઈ છે. જૂના સબસીડીના કલેઈમ પણ સરકારે ચુકવ્યા નથી તેથી માંડવાળ કરી દેવામાં આવ્યા છે. હવે સૂર્યકૂકર ઉપર એક પૈસાની સબસીડી મળતી નથી. ખુલ્લા બજારમાં રૂા.૩૧૫૦ના સૂર્યકૂકર ખરીદવામાં લોકોનો ઉત્સાહ બહુ જોવા મળતો નથી. પરિણામે સૂર્ય ઉર્જા આધારિત ઉત્તમ ઘરગથ્થુ ઉપકરણ હવે બજારમાં બહું ઓછી જગ્યાએ જોવા મળે છે.વિક્રેતાઓએ વધુમાં જણાવ્યું હતુ કે સોલાર વોટર હીટરમાં ૩૦ ટકા જેવી સબસીડી મળે છે. રૂા.૧૮ હજારથી માંડીને રૂા.૨૬ હજારની કિંમતના સોલાર વોટર હીટર સિવાય અન્ય સૂર્ય ઉર્જા આધારિત ઉપકરણોમાં સબસીડી ક્રમશઃ મળતી બંધ થઈ જતાં સૂર્ય ઉર્જા આધારિત ઘરગથ્થુ ઉપકરણોની ખરીદીનું બજાર શુષ્ક બની રહ્યું હોવાનું જણાવાયું હતું.

### શિયાળો બેસવાની તૈયારી છે છતાં

# નર્મદા બ્રાન્ચ કેનાલમાં સફાઈ ન થતાં ખેડૂતોમાં ભારે ચિંતા

ભુજ,ગુરૂવાર

વાગડ વિસ્તારના રાપર તાલુકામાં આજીવિકાનું એકમાત્ર સ્ત્રોત ખેતીવાડી છે. કચ્છની જીવાદોરી સમાન નર્મદા કેનાલની મુખ્ય કેનાલ મારફતે રાપર તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પેટા કેનાલ દ્વારા ખેતી માટે નર્મદાના નીર આપવામાં આવે છે. ખાસ કરીનેરાપર તાલુકાના હાઈવે પટ્ટીના ગામો તથા અનેક વાંઢ વિસ્તારમાં હજારો હેક્ટરમાં ગાગોદર બ્રાન્ચ કેનાલ દ્વારા પાણી આપવામાં આવે છે. શિયાળો બેસવાની તૈયારી છે છતાં આજ દિન સુધી પેટા કેનાલમાં સફાઈ કરવામાં આવી નથી.

વાગડ વિસ્તારના પ્રતિનિધિઓ દ્વારા આ બાબતે સંકલન બેઠકમાં વારંવાર રજુઆત કરી હોવા છતાં આજસુધી નર્મદા કેનાલમાં બાવળ, અન્ય કચરો કે માટીની સફાઈ તથા અનેક જગ્યાએ તૂટી ગયેલી કેનાલના રિપેરીંગ અંગે નર્મદા નિગમના અધિકારીઓ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

એક તરફ સરકાર દ્વારા ખેડૂતોને રવિ પાક તથા અન્ય પાક માટે વીજળી અને પાણી આપવામાં આવશે તેવી જાહેરાતો કરવામાં આવે છે, તો બીજી તરફ રાપર તાલુકો માત્ર ખેતી આધારિત હોવા છતાં નર્મદા નિગમ દ્વારા ગાગોદર બ્રાન્ચ કેનાલની સફાઈ કરવામાં આવી નથી. ખેડૂતોનો આક્ષેપ છે કે રિપેરીંગ અને સફાઈના બિલો બની જાય છે પરંતુ સ્થળ પર કામ થતું નથી. કેનાલની બાજુમાં રસ્તા પર બાવળ અને ઝાડી ઉગી ગઈ છે અને એક પણ ગેટ પર વાલ્વમેન હાજર હોતો નથી.જો આગામી દિવસોમાં સફાઈ કામ અને તૂટેલી કેનાલનું રિપેરીંગ કરવામાં નહીં આવે તો ખેડૂતોને લાખો કરોડોનું નુકસાન થવાની ભીતિ છે.

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ૧૪ (વસ્ત્રાલ) ના તાલુકા વટવા ના મોજે વસ્ત્રાલ ની સીમના સર્વે/બ્લોક નં.૭૦/૧/૧ ની ૨૭૮૨ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૧૧૭ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૪૨ પૈકી ૧૬૬૯ ચો.મી.ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન હરીશભાઈ ધરમશીભાઈ પટેલ (૨૦ ટકાના હિસ્સેદાર), નિકેતન કિશોરચંદ્ર પટેલ (૨૦ ટકાના હિસ્સેદાર), પ્રેમજીભાઈ પુરષોત્તમદાસ પટેલ HUF (૨૦ ટકાના હિસ્સેદાર), અનિલ દિલીપસિંહ સોલંકી (૧૫ ટકાના હિસ્સેદાર), વિનોદકુમાર નાનજીભાઈ પટેલ (૧૦ ટકાના હિસ્સેદાર), મહેશ માવજીભાઈ પટેલ (૫ ટકાના હિસ્સેદાર), નરેશ પોપટભાઈ ડાભી (૫ ટકાના હિસ્સેદાર), જીગર વિનોદભાઈ પટેલ (૫ ટકાના હિસ્સેદાર) નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ., પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૩ (મેમનગર) ના તાલુકા સાબરમતીના ગામ મોજે શેખપુર ખાનપુરની સીમની ટી.પી.સ્કીમ નંબર-૩ ના ફાઈનલ પ્લોટ નંબર-૧૯૬/૧/૧, ૧૯૬/૧/૩ ની બિનખેતીની જમીન ઉપર આવેલ "મહાદેવનગર કો.ઓ.હા.સો.લી" ના સબ પ્લોટ/બંગલા નંબર-૨૨ વાળી મીલક્તનો સીટી સર્વે રેકર્ડના વોર્ડ ટી.પી.૩/૩-૪ શેખપુર ખાનપુર ચંગીઝપુરના સીટી સર્વે નંબર-૨૫૧ (ફાઈનલ પ્લોટ નંબર-૧૯૬/૧, ૩/૨૨) ની કુલ ૭૫૭ ચોરસમીટર જમીન તથા તેમાંની બાંધકામવાળી મીલક્ત (૧) પ્રજ્ઞાબેન સોમેન્દ્ર ઉર્ફે યોગેન્દ્ર ત્રિપાઠી, (૨) બિન્દેશ જનાર્દન ત્રિપાઠી, (૩) કલ્પના ભાસ્કર તથા (૪) સુમેધા અશ્વિનભાઈ એ તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ મીલક્તના ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મીલક્ત ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મીલક્ત ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૧૯૮
તારીખ : ૨૩-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૦ (વેજલપુર) તથા તાલુકે દશક્રોઈના મોજે ગામ કાસીન્દ્રાની સીમના ખાતા નંબર-૫૦૧ ના (૧) બ્લોક/સર્વે નંબર-૯૨૯ (જુના બ્લોક/સર્વે નંબર- ૬૬૨) ક્ષેત્રફળ ૩૧૦૬ સમચોરસમીટર ખેતીની જમીન તથા (૨) બ્લોક/સર્વે નંબર- ૯૩૦ (જુના બ્લોક/સર્વે નંબર- ૬૬૧) ક્ષેત્રફળ ૩૭૧૫ સમચોરસમીટર ખેતીની જમીન (૧) જશુભાઇ જેસંગભાઇ, રહેવાસી :- દવેની ખડકી, ગામ કાસીન્દ્રા, તાલુકો દશક્રોઈ, જીલ્લો અમદાવાદ (૨) ઇન્દુબેન તે જશુભાઇ જેસંગભાઇની પત્ની, રહેવાસી :- ૩૮૬, દવેની ખડકી, ગામ કાસીન્દ્રા, તાલુકો દશક્રોઈ, જીલ્લો અમદાવાદ (૩) રણજીતસિંહ જશુભાઇ, રહેવાસી :- ૫૨૨-૧, દવેની ખડકી, ગામ કાસીન્દ્રા, તાલુકો દશક્રોઈ, જીલ્લો અમદાવાદ તથા (૪) વિણાબેન જશુભાઇ રહેવાસી :- મોટુ ફળીયુ, ગામ સનાથલ, તાલુકો સાણંદ, જીલ્લો અમદાવાદનાની સંયુક્ત માલીકી અને સહ કબજા ભોગવટાની આવેલી છે અને તેઓ એ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોક્ત જમીનમાં ખોરાકી, પોશાકી કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો ચાર્જ કે બોજો કે લિયન ચાર્જ પોષાતા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં નીચેના સરનામે રજી. એ.ડી. દ્વારા લેખિત પુરાવા સહિત જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદ્દત વિત્યે સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવશે જેની આથી ગંભીર નોંધ લેવી.

તારીખ-૨૨/૧૦/૨૦૨૬

**હિરેન રાવલ એન્ડ એસોસીએટસ**
**એડવોકેટસ**
**વિનીત એચ. રાવલ (એડવોકેટ)**
**સૃષ્ટિ એચ. રાવલ (એડવોકેટ)**
૫૦૬, વિનસ બેનેસીયા, પકવાન-૨ ડાઈનીંગ હોલ પાસે, બોડકદેવ, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪
ફોન : ૦૭૯ - ૨૬૮૭૩૮૮૧
મોબાઈલ નંબર - ૯૮૨૪૬ ૪૪૫૪૩

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, શૈલેષભાઈ ઉકાભાઈ શિકારી, રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૯ (બોપલ)ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧(થલતેજ)ના ફાઈનલ પ્લોટ નંબર-૩૨(સર્વે/બ્લોક નંબર-૯૩/૨)ની કુલ ૧૫૦૯ ચોરસમીટરની જમીન પૈકી ૧૦૦૨.૮૭ ચોરસમીટરની બિનખેતીની જમીન ઉપર ઘનશ્યામ ઓનર્સ એસોસીએશન દ્વારા મુકવામાં આવેલ સ્કીમ કે જે ''સુરભી એપાર્ટમેન્ટ'' તરીકે ઓળખાય છે. જેમાં આવેલ ફ્લેટ નંબર-૮ ની બાંધકામવાળી મિલકત તથા એસોસીએશનના શેર સર્ટીફીકેટના તથા સભ્યપદના હક્કો, તેમજ એસોસીએશનની સહિયારી મિલકતો તથા સગવડતાઓમાંના વરાડે પડતા હક્કો સહિતની મિલકત એસોસીએશનના સભાસદ તરીકે તેમની સંપુર્ણ, સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવેલ છે. વધુમાં સદરહુ મિલકત ઉપર તેઓએ એકસીસ બેંક માંથી લોન મેળવેલ છે, તે સિવાય સદરહુ મિલકત ઉપર તેમણે કોઈપણ પ્રકારનો બોજો, લીયન કે ચાર્જ કરેલ નથી અને સદરહુ મિલકતના એકસીસ બેંકના બોજા સહિતના તેઓના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને Darman Hetul Buildcon LLP એ નામની મર્યાદીત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢીને રી-ડેવલપમેન્ટ માટે આપવાનું નક્કી કરેલ છે તો સદરહુ મિલકત ઉપર એકસીસ બેંક સિવાય કોઈપણ શખ્સ, બોજો, ચાર્જ, લીયન હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારના દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, હોય કે કોઈના કોઈપણ પ્રકારના બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મિલકત ઉપરના હક્કો જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મિલકતના એકસીસ બેંકના બોજા સહિતના ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. તેની નોંધ લેશો.

તારીખ ૨૨-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જત ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ - ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૩ (મેમનગર) તથા તાલુકા- ઘાટલોડીયાના મોજે ગામ-બોડકદેવની સીમના સર્વે નંબર-૩૯૩ હિસ્સા નંબર-૧ ટી.પી. સ્કીમ નંબર ૧/બી, ફાઈનલ પ્લોટ નંબર-૪૮૭+૪૮૮ ની જમીન ઉપર આવેલ ''શ્રી અરબિંદો કો. ઓપ. હાઉસિંગ સોસાયટી લીમીટેડ'' ના ટેનામેન્ટ નંબર ૧ ની સ.ચો.વાર ૨૩૯.૨૦ યાને સ. ચો. મી. ૨૦૦ ની જમીન તથા તેની ઉપર આવેલ બાંધકામવાળી મિલકત પ્રકાશ સત્યનારાયણ જાલન ની માલિકી તથા કબજા ભોગવટામાં તથા તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ અને સોસાયટી સભાસદ હોવાનું જણાવી અમારી પાસે સદરહુ મિલકતના ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોક્ત મિલકતમાં ખોરાકી, પોશાકી કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો ચાર્જ કે બોજો કે લિયન ચાર્જ પોષાતા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં નીચેના સરનામે રજી. એ.ડી. દ્વારા લેખિત પુરાવા સહિત જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો ઉપરોક્ત મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદરહુ મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવશે જેની આથી ગંભીર નોંધ લેવી.

તારીખ- ૨૨/૧૦/૨૦૨૬

**KARANBHAI.R. DESAI**
**VISHALBHAI .G.BHARWAD ,**
**( ADVOCATES)**
OFFICE- EL-3,FF, Manthan Complex, Opp.Bharat Petroleum, Nr .Sattadhar Cross Road, Ghatlodiya, Ahmedabad-380061
M-7600944575

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે (૧) શ્રી બુટાભાઈ ખુશાલભાઈ, (૨) શ્રી ભરતભાઈ બુટાભાઈ, (૩) શ્રી જગદિશભાઈ બુટાભાઈ, તથા (૪) ગીતાબેન બુટાભાઈ, સર્વે ઠેકાણું- અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા સાણંદના ગામ મોજે જુવાલના સર્વે/બ્લોક નંબર-૩૨૫ (જુના સર્વે/બ્લોક નંબર-૫૧૫ પૈકી) ની ખાતા નંબર-૭૪૧ ધરાવતી કુલ ૫૨૨૩૨ ચોરસમીટરના ક્ષેત્રફળની ખેતીની જમીન તેઓની સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૨-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ**
**કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

## જાહેર નોટિસ

અમો એડવોકેટ શ્રી મુસ્તુફા બી. બંગાલી તે આથી અમારા અસીલની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે હાંસલપુર-(શે.), તા.વિરમગામ, જી.અમદાવાદ ની સીમનાં સર્વે/બ્લોક નં.૨૭૮/પૈકી ૧ (જુના સર્વે/બ્લોક નં.૬૦) ખાતા નં.૧૬૧૩ ની ૧૧૨૦૮ સમ ચો.મી. બીનખેતીની જમીન (૧) રીટાબેન પોપટલાલ સુખાલાલના દિકરી અને જગદીશચંદ્ર ડાહ્યાલાલના પત્ની (મિલકતના ૫૦ ટકા ટકાના ભાગીદાર) રહે.મેમનગર, અમદાવાદ (૨) અમૃતભાઈ માતમભાઈ ભરવાડ (મિલકતના ૨૫ ટકા ટકાના ભાગીદાર) રહે. વાસણાચાંચરવાડી, તા.સાણંદ, જી.અમદાવાદ તથા (૩) નુરમહંમદભાઈ પ્યારભાઈ મોમીન (મિલકતના ૨૫ ટકા ટકાના ભાગીદાર) રહે.મોમીન વાસ, ગીબપુરા, તા.સાણંદ, જી.અમદાવાદનાંની સહમાલીકી સહકબજા ભોગવટામાં આવેલી છે. સદરહુ બીનખેતી હેતુ (બહુહેતુક ઉપયોગ) માટેની જમીનમાં સદરહુ જમીન માલીકો સિવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો કે કોઈનો કોઈ ઈઝમેન્ટ હકક, લાયસન્સી હકક, ભાડવાત હકક નથી કે સદરહુ બીનખેતી જમીન ઉપર કોઈ વ્યકિત, નાણાંકીય સંસ્થા કે બેન્કનો બોજો કે ચાર્જ નથી કે કોઈ દાવા-દુવી ચાલતા નથી કે હાલ પેન્ડીગ નથી. અને મજકુર બીનખેતી જમીનના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની જમીન માલીકોએ અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર બીનખેતી જમીનમાં કોઈપણ વ્યકિતનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે અન્ય કોઈ વ્યકિતનો કોઈપણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પ્રમાણીત પુરાવા સાથે અમોને આજથી દીન-૭ માં રજી. એ.ડી. થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર બીનખેતીની જમીનમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે. તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.

અમદાવાદ તા.૨૨-૧૦-૨૦૨૬

**મુસ્તુફા બી. બંગાલી**
**(B.Com., LL.M.)**
**શ્રીમતી એ. એમ. બંગાલી**
**(B.A., L.L.B.)**
**ફીઝા એમ. બંગાલી,**
**(B.A., LL.M.)**
**માહીર એમ. બંગાલી**
**(B.A., LL.M.)**
**એડવોકેટસ**
ઓફીસઃ ૩૩૦,૩૩૧, થર્ડ ફ્લોર, ''યશ એરીયન'' વિવેકાનંદ ચોક, ગુરૂકુલ રોડ, મેમનગર,અમદાવાદ-૫૨
મો.૯૯૯૮૫૩૩૩૦૯

## જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીક્ટ અને તાલુકા કલોલનાં મોજે ગામ ખાત્રજની સીમના રેવન્યુ સર્વે નંબર ૪૪૩ (જૂના એકત્રીત રેવન્યુ સર્વે નંબર ૩૩૪ ના જૂના રેવન્યુ સર્વે નંબર ૩૩૪, ૩૪૨, ૩૪૬, ૩૪૭ તથા ૩૪૮ ના સીટી સર્વે નંબર NA334,342,346,347 તથા 348) ની રહેણાંકીય હેતુની બીનખેતીની જમીન ઉપર "ગ્રીનવેલી" નાં નામથી ઓળખાતી યોજના આવેલ છે, જેમાં આવેલ સબપ્લોટો પૈકી સબપ્લોટ નંબર ૦૩ ની સમચોરસમીટર ૫૭૭.૫૨ ની રહેણાંકીય હેતુની બીનખેતીની જમીન., તથા સદર "ગ્રીનવેલી" નાં નામથી ઓળખાતી યોજનામાં મુકવામાં આવેલ રોડ રસ્તા કોમન પ્લોટની જમીનમાં વણવહેંચાયેલ સમચોરસમીટર ૨૩૧.૦૨ ની જમીન એમ મળી કુલ સમચોરસમીટર ૮૦૮.૫૪ ની જમીન સહીતની., સદર યોજનાની કોમન મીલકતો સહીયારી સહમાલીકી હક્કે વાપરવા, ભોગવવાના હક્કો સહિત., ઘનશ્યામસિંહજી નટવરસિંહજી વનારએ તેઓની કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકીપણા અને કબજા ભોગવટાની તથા બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે અમારી પાસે સદર જમીનના ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર ઘનશ્યામસિંહજી નટવરસિંહજી વનારએ કોઈપણ બેંક, વ્યક્તિ, પેઢી કે ખાનગી સંસ્થા પાસેથી લોન ધિરાણ મેળવી બોજો ઉત્પન્ન કરેલ નથી., તેમજ સદરહુ જમીન અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિત શખ્સને લખી આપી ટ્રાન્સફર એસાઈન કરેલ નથી તેમજ સદર જમીન ઉપર કોઈપણ કોર્ટ કચેરીમાં કોઈપણ જાતના દાવાદુવી કે પ્રોસીડીંગ્સ ચાલુ નથી., તેમજ સદર જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો તે જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ અમારા અસીલ સદર જમીન વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ તારીખઃ- ૨૨/૧૦/૨૦૨૬

**નેહલ એન. શાહ એસોસીએટ્સ**
**સૌરિન રાજેશભાઈ શાહ એડવોકેટ**
૪૦૮, શાંતિમોલ, નવરંગ ટાવર સામે, સાર્થક સ્કુલ પાસે, સત્તાધાર ચાર રસ્તા પાસે, ઘાટલોડીયા, અમદાવાદ.
મો.નં.- ૭૯૮૪૯૩૦૧૩૭

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદના દશક્રોઈ તાલુકાના મોજે ગામ ભાવડાની સીમના ખાતા નંબર ૧૭૮૮ના બ્લોક/સર્વે નંબર ૪૫૮/૦૦૨ (જુનો બ્લોક/સર્વે નં. ૧૦૯૫) ની હે.આરે.ચો.મી. ૦-૬૨-૪૧, આકાર રૂા. ૨.૯૭ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન વશરામભાઈ લાલજીભાઈ પટેલની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની હોવાનું જણાવીને અમારા અસીલ વિષ્ણુભાઈ આત્મારામદાસ પટેલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી ઉપરોક્ત જમીનમાં કોઇનો કોઇપણ જાતનો લાગભાગ હક્ક, હિત, હિસ્સો, વારસાઇ હક્ક, બોજો, ચાર્જ, ભાડુઆત હક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી. એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીનમાં કોઇનો કોઇપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે. તેમ સમજી મુદ્દત વીત્યે ઉપરોક્ત જમીનનું ટાઇટલ સર્ટીફીકેટ આપવામાં આવશે. તે પછીથી કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર ચાલશે નહી. તેની જાહેર નોંધ લેવી.

તા. ૨૨-૧૦-૨૦૨૬

**મહેશકુમાર વી. પટેલ (એડવોકેટ)**
**મોબાઈલ : ૯૯૨૪૨૨૬૩૭૮**
બી-૩, ફર્સ્ટ ફ્લોર, અમીધારા કોમ્પલેક્ષ, ઠક્કરનગર બસ સ્ટેન્ડથી આગળ, સીતારામ કોમ્પલેક્ષની બાજુમાં, ઇન્દ્રજીત સોસાયટી, ઠક્કરબાપાનગર રોડ, અમદાવાદ.

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ૧૪ (વસ્ત્રાલ) ના તાલુકા વટવા ના મોજે વસ્ત્રાલ ની સીમના સર્વે/બ્લોક નં.૭૨/૨/૧ ની ૧૪૩૧ ચો.મી. તથા સર્વે/બ્લોક નં.૭૩/૧/૧ ની ૫૫૬ ચો.મી. જમીનોનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૧૧૭ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૪૪ પૈકી ૧૧૯૩ ચો.મી.ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન હરીશભાઈ ધરમશીભાઈ પટેલ (૨૦ ટકાના હિસ્સેદાર), નિકેતન કિશોરચંદ્ર પટેલ (૨૦ ટકાના હિસ્સેદાર), પ્રેમજીભાઈ પુરષોત્તમદાસ પટેલ HUF (૨૦ ટકાના હિસ્સેદાર), અનિલ દિલીપસિંહ સોલંકી (૧૫ ટકાના હિસ્સેદાર), વિનોદકુમાર નાનજીભાઈ પટેલ (૧૦ ટકાના હિસ્સેદાર), મહેશ માવજીભાઈ પટેલ (૫ ટકાના હિસ્સેદાર), નરેશ પોપટભાઈ ડાભી (૫ ટકાના હિસ્સેદાર), જીગર વિનોદભાઈ પટેલ (૫ ટકાના હિસ્સેદાર) નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ., પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે (૧) શ્રી વિક્રમભાઈ લવજીભાઈ, (૨) શ્રી શકરાભાઈ લવજીભાઈ, (૩) શ્રી સામંતભાઈ લવજીભાઈ, (૪) શ્રી રમેશભાઈ લવજીભાઈ, (૫) હંસાબેન રૂપાભાઈ, (૬) હિરીબેન તે ગણપતભાઈ રૂપાભાઈના પત્ની, (૭) શ્રી રસીકભાઈ ગણપતભાઈ, (૮) સગીર રાધાબેન ગણપતભાઈ, (૯) સગીર અર્જુનભાઈ ગણપતભાઈ, (૧૦) મયલીબેન રૂપાભાઈ, (૧૧) ગૌરીબેન ઉર્ફે ગવરીબેન જેસંગભાઈ ઉર્ફે જેસીંગભાઈ, (૧૨) હરીભાઈ જેસંગભાઈ ઉર્ફે જેસીંગભાઈ, (૧૩) સંજોગભાઈ જેસંગભાઈ ઉર્ફે જેસીંગભાઈ, (૧૪) કંચનબેન ત્રિભોવનભાઈ કોળી પટેલ, (૧૫) શ્રી બળદેવભાઈ ત્રિભોવનભાઈ કોળી પટેલ, (૧૬) શ્રી ગોવિંદભાઈ ત્રિભોવનભાઈ કોળી પટેલ, તથા (૧૭) ગુલાબબેન ત્રિભોવનભાઈ કોળી પટેલ, સર્વે ઠેકાણું -અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા સાણંદના ગામ મોજે જુવાલના સર્વે/બ્લોક નંબર-૨૯૫ (જુના સર્વે/બ્લોક નંબર-૨૨) ની ખાતા નંબર-૯૦૨ ધરાવતી કુલ ૧૧૧૧૫૪ ચોરસમીટર જમીન પૈકી ૯૯૫૧૪ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન તેઓની સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૨-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ**
**કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ફાલ્ગુની ગૌરાંગભાઈ દવે,રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૯ (બોપલ)ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧(થલતેજ)ના ફાઈનલ પ્લોટ નંબર-૩૨ (સર્વે/બ્લોક નંબર-૯૩/૨)ની કુલ ૧૫૦૯ ચોરસમીટરની જમીન પૈકી ૧૦૦૨.૮૭ ચોરસમીટરની બિનખેતીની જમીન ઉપર ઘનશ્યામ ઓનર્સ એસોસીએશન દ્વારા મુકવામાં આવેલ સ્કીમ કેજે ''સુરભી એપાર્ટમેન્ટ'' તરીકે ઓળખાય છે. જેમાં આવેલ ફલેટ નંબર- ૨૫ ની બાંધકામવાળી મિલકત તથા એસોસીએશનના શેર સર્ટીફીકેટના તથા સભ્યપદના હક્કો, તેમજ એસોસીએશનની સહિયારી મિલકતો તથા સગવડતાઓમાંના વરાડે પડતા હક્કો સહિતની મિલકત એસોસીએશનના સભાસદ તરીકે તેમની સંપુર્ણ, સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવેલ છે. વધુમાં સદરહુ મિલકત ઉપર તેઓએ આઈ.સી.આઈ.સી.આઈ બેંક માંથી લોન મેળવેલ છે, તે સિવાય સદરહુ મિલકત ઉપર તેમણે કોઈપણ પ્રકારનો બોજો, લીયન કે ચાર્જ કરેલ નથી અને સદરહુ મિલકતના આઈ.સી.આઈ.સી.આઈ બેંકના બોજા સહિતના તેઓના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને Darman Hetul Buildcon LLP એ નામની મર્યાદીત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢીને રી-ડેવલપમેન્ટ માટે આપવાનું નક્કી કરેલ છે તો સદરહુ મિલકત ઉપર આઈ. સી. આઈ. સી. આઈ બેંક સિવાય કોઈપણ શખ્સ, બોજો, ચાર્જ, લીયન હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારના દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, હોય કે કોઈના કોઈપણ પ્રકારના બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મિલકત ઉપરના હક્કો જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મિલકતના આઈ. સી. આઈ. સી. આઈ બેંકના બોજા સહિતના ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. તેની નોંધ લેશો.

તારીખ ૨૨-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

## જાહેર નોટિસ

આથી અમો પટેલ ભરતભાઈ ભીખાભાઈ, રહેવાસી : ૩૭૪,પટેલવાસ રાસ્કા, મહેમદાવાદ, ખેડાના તે જાહેર જનતાને આ નોટિસથી ચેતવીએ છીએ કે અમારી પુત્રી નામે પટેલ સ્નેહાબેન ભરતભાઈ અમારા કહ્યામાં નથી અને ઘણા સમયથી અમારાથી અલગ રહે છે . તેની સાથે અમારે કોઈપણ પ્રકારના સંબંધો નથી. અમોએ તેને અમારી તથા અમારા પરિવારની તમામ સ્થાવર તેમજ જંગમ મિલકતમાંથી બાકાત યાને બેદખલ કરેલ છે. જેથી અમારા સંબંધથી તેની સાથે કોઈપણ જાતનો ધંધો કે નાણાંકીય વ્યવહાર કરવો નહિ અને અગાઉ કરેલ હશે તેમજ હવેથી કરશે તો તેની અમારી કોઈપણ જવાબદારી રહેશે નહિ. જેની ગંભીર નોંધ લેવી.

તા.૨૨-૧૦-૨૦૨૬
મારી સુચનાથી
પટેલ ભરતભાઈ ભીખાભાઈ

**મારી મારફતે**
**હાર્દિક બી. ભટ્ટ**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
ઓફીસઃ ૧૩,રાધે કોર્નર,લાલ ગેબી સર્કલ પાસે એસ.પી.રીંગ રોડ, વિંઝોલ,અમદાવાદ
મોઃ- ૯૮૭૯૩૦૮૦૨૪

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ ખેડા તા-મહેમદાવાદ ના મોજે ગામ કનીજ ની સીમના બ્લોક નં : ૫૧૮ જેનો ખાતા નંબર : ૨૨૮૬ કુલ ક્ષે.હે.આરે. ૨-૩૮-૭૭ પૈકી ૦-૪૮-૦૦ પૈકી ૦-૨૪-૦૦ વાળી ખેતીની જમીન તેના કબજેદાર ઘનશ્યામભાઇ પ્રભુદાસ હમીરાણી નાઓની માલીકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલી છે. તેઓએ અમો પાસે સદર જમીનના ટાઇટલ ક્લીયર સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે. જેથી સદર જમીન ઉપર અન્ય કોઇના કોઇપણ જાતના લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો ગીરો, બોજો વિગેરે કંઇપણ આવેલા હોય તો તે અંગેની જાણ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન-૭ માં રજીસ્ટર એડી. ધ્વારા અમોને લેખીતમાં પુરાવા સહીત નીચેના સરનામે જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહું જમીન ઉપર અન્ય કોઇનો કોઇપણ જાતનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો ગીરો, બોજો વિગેરે કંઇપણ આવેલા નથી. અને આવેલા હોય તો તે જતા (વેવ) કરેલ છે. તેમ માની અમો સદર જમીનનું ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશુ. ત્યારબાદ કોઇપણનો કોઇપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહી જેની નોંધ લેશો.

તારીખ : ૨૨/૧૦/૨૦૨૬

**ભરતકુમાર એન.તલાટી, એડવોકેટ**
**જયની એ.પટેલ, એડવોકેટ**
ઇ-૪૧,વાત્સલ્ય કોમ્પલેક્ષ-૧
મુ.તા.મહેમદાવાદ, જી.ખેડા.
મો.નં.૯૭૨૩૫૬૯૬૮૮

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ૧૪ (વસ્ત્રાલ) ના તાલુકા વટવા ના મોજે વસ્ત્રાલ ની સીમના સર્વે/બ્લોક નં.૩૧/૧/૧ ની ૨૨૨૬ ચો.મી. તથા સર્વે/બ્લોક નં.૭૮/૧/૧ ની ૩૯૩૫ ચો.મી. જમીનોનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૧૧૭ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૧/૧ પૈકી ૩૬૯૭ ચો.મી.ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન હરીશભાઈ ધરમશીભાઈ પટેલ (૨૦ ટકાના હિસ્સેદાર), નિકેતન કિશોરચંદ્ર પટેલ (૨૦ ટકાના હિસ્સેદાર), પ્રેમજીભાઈ પુરષોત્તમદાસ પટેલ HUF (૨૦ ટકાના હિસ્સેદાર), અનિલ દિલીપસિંહ સોલંકી (૧૫ ટકાના હિસ્સેદાર), વિનોદકુમાર નાનજીભાઈ પટેલ (૧૦ ટકાના હિસ્સેદાર), મહેશ માવજીભાઈ પટેલ (૫ ટકાના હિસ્સેદાર), નરેશ પોપટભાઈ ડાભી (૫ ટકાના હિસ્સેદાર), જીગર વિનોદભાઈ પટેલ (૫ ટકાના હિસ્સેદાર) નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ., પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ''એચએન સફલ ગોયલ ડેવલપર્સ એલએલપી'' નામની લીમીટેડ લાયેબીલીટી પાર્ટનરશીપ ફર્મ, રજીસ્ટર્ડ ઓફિસ- એચએન સફલ હાઉસ, સર્કલ પી કોમ્પલેક્ષની બાજુમાં, પ્રહલાદનગર ચાર રસ્તાની પાસે, એસ. જી. હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૧૫ નાએ જીલ્લા અમદાવાદના તાલુકા વેજલપુરના ગામ મોજે મકરબાના (૧) સર્વે નંબર-૪૫૧/૧ ની ૨૨૨૬ ચોરસમીટર પૈકીની ૧૨૬૪.૭૨ ચોરસમીટર, (૨) સર્વે નંબર-૪૫૯/૧ ની ૫૬૬૬ ચોરસમીટર પૈકીની ૩૨૧૯.૧૯ ચોરસમીટર, (૩) સર્વે નંબર- ૪૬૦/૧ ની ૨૨૨૬ ચોરસમીટર પૈકીની ૧૨૬૪.૭૨ ચોરસમીટર, (૪) સર્વે નંબર-૪૬૦/૨ ની ૨૩૨૭ ચોરસમીટર પૈકીની ૧૩૨૨.૧૧ ચોરસમીટર, (૫) સર્વે નંબર- ૪૬૦/૩ ની ૨૪૨૮ ચોરસમીટર પૈકીની ૧૩૭૯.૪૯ ચોરસમીટર, (૬) સર્વે નંબર-૪૬૨/૧ ની ૩૯૪૬ ચોરસમીટર પૈકીની ૨૨૪૧.૯૬ ચોરસમીટર, (૭) સર્વે નંબર-૪૬૨/૨ ની ૪૦૪૭ ચોરસમીટર પૈકીની ૨૨૯૯.૩૪ ચોરસમીટર, (૮) સર્વે નંબર-૪૬૩/૧ ની ૪૯૫૭ ચોરસમીટર પૈકીની ૨૮૧૬.૩૬ ચોરસમીટર, (૯) સર્વે નંબર-૪૬૩/૨ ની ૪૯૫૭ ચોરસમીટર પૈકીની ૨૮૧૬.૩૬ ચોરસમીટર, (૧૦) સર્વે નંબર-૪૬૫/૧ ની ૧૩૪૫૬ ચોરસમીટર પૈકીની ૭૬૪૫.૧૫ ચોરસમીટર,(૧૧) સર્વે નંબર-૪૬૫/૨ ની ૬૮૮૦ ચોરસમીટર પૈકીની ૩૯૦૮.૯૩ ચોરસમીટર, (૧૨) સર્વે નંબર-૪૬૫/૩ ની ૪૬૫૪ ચોરસમીટર પૈકીની ૨૬૪૪.૨૧ ચોરસમીટર, (૧૩) સર્વે નંબર-૪૬૬ ની ૩૯૪૬ ચોરસમીટર પૈકીની ૨૨૪૧.૯૬ ચોરસમીટર, (૧૪) સર્વે નંબર-૪૬૭/૧ ની ૫૪૬૩ ચોરસમીટર પૈકીની ૩૧૦૩.૮૫ ચોરસમીટર, (૧૫) સર્વે નંબર-૪૬૭/૨+૪ ની ૧૦૫૨૨ ચોરસમીટર પૈકીની ૫૯૭૮.૧૭ ચોરસમીટર, (૧૬) સર્વે નંબર-૪૬૮ ની ૪૦૪૭ ચોરસમીટર પૈકીની ૨૨૯૯.૩૪ ચોરસમીટર,(૧૭) સર્વે નંબર-૪૭૦/૧ ની ૪૨૪૯ ચોરસમીટર પૈકીની ૨૪૧૪.૧૧ ચોરસમીટર, (૧૮) સર્વે નંબર-૪૭૦/૨ ની ૫૧૬૦ ચોરસમીટર પૈકીની ૨૯૩૧.૭૦ ચોરસમીટર,(૧૯) સર્વે નંબર-૪૭૧/૧ ની ૪૨૪૯ ચોરસમીટર પૈકીની ૨૪૧૪.૧૧ ચોરસમીટર,(૨૦) સર્વે નંબર-૪૭૧/૨ ની ૪૨૪૯ ચોરસમીટર પૈકીની ૨૪૧૪.૧૧ ચોરસમીટર, (૨૧) સર્વે નંબર-૪૭૨/૧ ની ૪૨૪૯ ચોરસમીટર પૈકીની ૨૪૧૪.૧૧ ચોરસમીટર, તથા (૨૨) સર્વે નંબર-૪૭૨/૨ ની ૪૫૫૩ ચોરસમીટર પૈકીની ૨૫૮૬.૮૩ ચોરસમીટર, મળી ઉપરોકત તમામ સર્વેનંબરોની કુલ ૧૦૮૪૫૭ ચોરસમીટર જમીન પૈકીની ૬૧૬૨૦.૮૩ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા તારીખ ૧૮-૦૯-૨૦૨૪ ના રોજ પાસ થયેલા સબ ડીવીઝનના પ્લાન મુજબ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૨૦૪ (સરખેજ-ઓકાફ-મકરબા- વેજલપુર-આંબલી) માં ફાઈનલ પ્લોટ નંબર-૩૫૬/૧+૩૫૮+૩૫૯ ના સબપ્લોટ નંબર-૧/૧ ની ૨૫૮૯૯.૧૩ ચોરસમીટર, તથા સબપ્લોટ નંબર- ૧/૨ ની ૩૫૭૨૧.૭૦ ચોરસમીટર જમીન, મળી કુલ ૬૧૬૨૦.૮૩ ચોરસમીટર જમીન ફાળવાયેલી છે, તે બીનખેતી થયેલી જમીન સદરહુ એલ.એલ.પી. પેઢીની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ જમીન પરત્વેના ઉપરોકત એલ.એલ.પી. પેઢીના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં.

તારીખ : ૨૨-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ**
**કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૧૧ (અસલાલી) ના તાલુકા દસક્રોઇના ગામ મોજે પાલડી-કાંકજની સીમના રી-સર્વે અનુસાર બ્લોક નંબર-૫૮૩/૦૦૧ (જુના બ્લોક નંબર-૧૮૪) ની હે.આરે.ચો.મી. ૦-૨૫-૦૨ યાને કે ૨૫૦૨ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન (૧) કૈલાશબેન શંકરભાઈ ઠાકોર (૨) ટેણાભાઈ શંકરભાઈ ઠાકોર તથા (૩) નવઘણભાઈ શંકરભાઈ ઠાકોર ની સંપૂર્ણપણે સંયુકત માલિકી કબજા ભોગવટાની જણાવી અમારી પાસેથી ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.

**સુધીર બી. ચોસલીયા (એડવોકેટ)**
**(બી.કોમ., એલ.એલ.બી.)**
ઓફીસ : ૨૨૬, બીજો માળ, વિશાલા સુપ્રીમ, ટોરેન્ટ પાવરની સામે, એસ.પી.રીંગ રોડ,નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૪ (પાલડી)ના સાબરમતી તાલુકાના મોજે ગામ પાલડીની સીમના ટી.પી. સ્કીમ નંબર-૬ ફાઈનલ પ્લોટ નંબર-૧૯૪ ની જમીન ઉપર આવેલ તેજપાલ કો.ઓ.હા.સો.લી. માં આવેલ ટેનામેન્ટ નંબર-૧૦ ની સ.ચો.મી. ૧૫૧.૨૯ ની જમીન તથા તેની ઉપર આવેલ સ.ચો.મી. ૫૧.૮૩ ના ગ્રાઉન્ડ ફલોર (ટેક્ષબીલ મુજબ) તથા સ.ચો.મી. ૪૮.૧૬ ના પહેલા માળનું એમ કુલ્લે સ.ચો.મી. ૯૯.૯૯ ના બાંધકામવાળી મીલકત રાજેશ જયંતિલાલ સોમાણીની કુલ સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની આવેલી છે. તો સદરહુ મીલકત ઉપર કોઈપણ વ્યક્તિ, બેંક કે નાણાકીય સંસ્થાનો કે બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ કે હક્ક હિસ્સો કે બોજો હોય તો દિન-૭ માં પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરવી નહિં તો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે.

તા. ૨૨-૧૦-૨૦૨૬

**રૂપેશ એ. ભગત**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**જીજ્ઞેશ એ. ભગત**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**ફોર ભગત એસોસીએટસ**
સરનામું : ૩૦૨-એ/બી, શીલ કોમ્પ્લેક્ષ, આગમન કોમ્પ્લેક્ષની પાછળ, મીઠાખળી, અમદાવાદ.
ટે.નં.(૦૭૯)૨૬૪૦૬૮૨૫

## જાહેર નોટિસ

**મોજ-સાંતેજ**

ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ કલોલ તાલુકાના મોજે-સાંતેજ ગામની સીમનાં બ્લોક નં. ૧૭૩૨ ની હે.આરે.ચો.મી. ૧-૦૯-૪૦ પૈકી ઉત્તર- પશ્ચિમ દિશા તરફના ભાગની નાળીયાને અડીને આવેલ હે.આરે.ચો.મી. ૦-૧૬-૭૬ ની ખેતીની જમીન ઠાકરશીભાઈ મગનભાઈ પટેલની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઇનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૩-૧૦-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

**મોજે-ઘાટલોડીયા**

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૨ (વાડજ) ઘાટલોડીયા તાલુકાના મોજે-ઘાટલોડીયા ગામની સીમના સર્વે નં. ૯૦/૧ તથા ૯૧ ની જમીનને ટી.પી. સ્કીમ નં. ૧ માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૨૩૦ ની બિનખેતીની જમીન ઉપર તીર્થનગર કો.ઓ.હા.સો.લિ. (તીર્થનગર વિભાગ-૩) આવેલ છે, તેમાં આવેલ બંગલા નં. ૨૫ ની ચો.મી. ૬૫૧ ની જમીન તથા તેમાં ચો .મી. ૨૧૦ ના બાંધકામવાળી મીલકત જયશ્રીબેન વિનોદકુમાર પટેલ તથા ઉન્નતિબેન સુનીલભાઈ પટેલની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર મીલકતમાં કોઈનો કોઇપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી. જી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયનુ સર્ટીફિકેટ ઈસ્યુ કરી દઈશું અને તે પછીથી કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૩-૧૦-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીક્ટ અને તાલુકા કલોલનાં મોજે ગામ ખાત્રજની સીમના રેવન્યુ સર્વે નંબર ૪૪૩ (જૂના એકત્રીત રેવન્યુ સર્વે નંબર ૩૩૪ ના જૂના રેવન્યુ સર્વે નંબર ૩૩૪, ૩૪૨, ૩૪૬, ૩૪૭ તથા ૩૪૮ ના સીટી સર્વે નંબર NA334,342,346,347 તથા 348) ની રહેણાંકીય હેતુની બીનખેતીની જમીન ઉપર "ગ્રીનવેલી" નાં નામથી ઓળખાતી યોજના આવેલ છે, જેમાં આવેલ સબપ્લોટો પૈકી સબપ્લોટ નંબર ૦૪ ની સમચોરસમીટર ૫૫૪.૮૩ ની રહેણાંકીય હેતુની બીનખેતીની જમીન., તથા સદર "ગ્રીનવેલી" નાં નામથી ઓળખાતી યોજનામાં મુકવામાં આવેલ રોડ રસ્તા કોમન પ્લોટની જમીનમાં વણવહેંચાયેલ સમચોરસમીટર ૨૨૧.૯૫ ની જમીન એમ મળી કુલ સમચોરસમીટર ૭૭૬.૭૮ ની જમીન સહીતની., સદર યોજનાની કોમન મીલકતો સહીયારી સહમાલીકી હક્કે વાપરવા, ભોગવવાના હક્કો સહિત., અંજનાબેન ઘનશ્યામસિંહ વનારએ તેઓની કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકીપણા અને કબજા ભોગવટાની તથા બોજા રહિત હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે અમારી પાસે સદર જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર અંજનાબેન ઘનશ્યામસિંહ વનારએ કોઈપણ બેંક, વ્યક્તિ, પેઢી કે ખાનગી સંસ્થા પાસેથી લોન ધિરાણ મેળવી બોજો ઉત્પન્ન કરેલ નથી., તેમજ સદરહુ જમીન અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિત શખ્સને લખી આપી ટ્રાન્સફર એસાઈન કરેલ નથી તેમજ સદર જમીન ઉપર કોઈપણ કોર્ટ કચેરીમાં કોઈપણ જાતના દાવાદુવી કે પ્રોસીડીંગ્સ ચાલુ નથી., તેમજ સદર જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો તે જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ અમારા અસીલ સદર જમીન વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ
તારીખઃ- ૨૨/૧૦/૨૦૨૬

**નેહલ એન. શાહ એસોસીએટ્સ**
**સૌરિન રાજેશભાઈ શાહ એડવોકેટ**
૪૦૮, શાંતિમોલ, નવરંગ ટાવર સામે, સાર્થક સ્કુલ પાસે, સત્તાધાર ચાર રસ્તા પાસે, ઘાટલોડીયા, અમદાવાદ.
મો.નં.- ૭૯૮૪૯૩૦૧૩૭

## જાહેર નોટિસ

જત જી-અમદાવાદ, તા-સાણંદ, મોજે-કોલટની સીમના સર્વે/બ્લોક નંબર-૫૮૨ પૈકીની બિનખેતીની જમીન પર આવેલ "Abhishree Orchard" ના યુનિટ નંબર-૧૨૯ ની ૪૯૧ સમ ચો.વાર (નેટ એરીયા) જમીન તથા તેના ઉપર ટાઈપ-કે ના ૧૦૦ સમ ચો.વાર (સુપર બિલ્ટઅપ) ના બાંધકામવાળી મિલક્ત (૧) જીજ્ઞેશ જયકુમાર ભટ્ટ (૨) સોનલ જીજ્ઞેશભાઈ ભટ્ટ ની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની, હોવાનુ જણાવી સદર મિલક્ત અંગેના તેઓના ટાઇટલ ક્લીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે, જો સદર મિલક્ત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, દાવો, લોન, વાંધો, ધિરાણ, વિગેરે કાંઈપણ હોય તો તે અંગેની લેખીત જાણ દિન-૭ (સાત)માં પ્રમાણિત પુરાવા સાથે રજી.એ.ડી. થી કરવી. ત્યારબાદ, કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, વાંધો વિગેરે નથી અને હોય તો તે જતા (વેવ) કરેલ છે તેમ સમજી હું ટાઈટલ સર્ટીફીકેટ આપીશ, જેની નોંધ લેશો.

**Girish R Vithlani (Advocate)**
13, First Floor, Abhinandan Complex, Opp. TRP, Bopal, Ahmedabad.
(M): 98983 46164

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડિસ્ટ્રીકટ ગાંધીનગર તાલુકે ગાંધીનગરના મોજે શેરથાની સીમમાં આવેલ સીટી સર્વે નં.-NA૩૭૫ ના બ્લોક નં.-૩૭૫ (જુનો બ્લૉક નં.-૧૦૦૫) ની ૪૨૮૧ ચોરસમીટર વાળી બીનખેતીની જમીન પીનલભાઈ ધીરજલાલ મોદી, રહેવાસી-૧૯-બી, નિરાંતપાર્ક હાઉસ ઓનર્સ એસોસીએશન, સન એન્ડ સ્ટેપ ક્લબની સામે, થલતેજ, અમદાવાદનાએ પોતાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી સંપૂર્ણપણે મુક્ત હોવાનું જણાવી અમારી પાસે સદરહુ જમીન અંગે ટાઈટલ ક્લીઅરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. તો સર્વે શખ્સો કે જે જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હીસ્સો, બોજો કે અલાખો વિગેરે ધરાવતાં હોય તો તેમણે તે અંગેની લેખિત જાણ દિન-૭ (સાત) માં તે અંગેના તમામ લેખિત પુરાવાઓ સહિત નીચેનાં સરનામે કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હિસ્સો, બોજો કે અલાખો નથી અને જો હોય તો તે જતો કરેલ છે તેમ માની સદરહુ જમીન અંગે ટાઈટલ ક્લીઅરન્સ સર્ટિફીકેટ આપી દેવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે જાણવું.

આજ તારીખ-૨૨/૧૦/૨૦૨૬

**શાંતિલાલ એન્ડ કંપની, (અમદાવાદ)**
**એડવોકેટ્સ, સોલિસીટર એન્ડ**
**IMMIGRATION LAW**
ઠે. ૮૦૧, પ્રેસિડેન્ટ હાઉસ, સી.એન. વિદ્યાલય સામે, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.
ટેલી નં.-૨૬૫૬૧૬૭૫.

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના મોજે ગામ ચેખલારાણીની સીમનાં જુનો સર્વે નં.૧૨૯/૨ કે જેનો નવો સર્વે નં.૧૯૫ ની ૨૫૭૭૦ ચો.મી. વાળી જુની શરતની ખેતી જમીનના માલીક કબજેદાર સેંધાજી ચુંથાજી ઠાકોર વિગેરેની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની કોઇપણ જાતના બોજા વગરની હોવાનુ જણાવી અમારા અસીલે વેચાણ લેવાનું નકકી કરી અમો પાસેથી સદરહુ જમીનનું ટાઇટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતના સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન સંબંધે કોઇપણ ઈસમનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક દાવો, હીત સંબંધ સુખાધિકાર તેમજ ખોરાકી પોષાકીનો હક્ક પોષાતો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તેવા હક્ક દાવા સંબંધેના લેખીત વાંધા પુરાવા સહીત અમોને નીચે જણાવેલ સરનામે મોકલી આપવા. જો કોઇપણ ઈસમના કોઈપણ પ્રકારના વાંધા તકરાર પુરાવા સહીત દિન-૭ (સાત) માં મળશે નહીં તો સદરહુ જમીનમાં કોઇપણ ઈસમનો કોઇપણ પ્રકારનો લાગભાગ,હક્ક દાવો, હીત, સંબંધ સુખાધિકાર તેમજ ખોરાકી પોષાકીના હક્ક પોષાતો નથી અને હોય તો તે જતા યાને વેઈવ કરેલ છે તેમ સમજી સદરહુ જમીન સંબંધે ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનુ સર્ટીફીકેટ કાઢી આપવામાં આવશે તેની સર્વે શખ્સોએ નોંધ લેવી.

તારીખ :- ૨૨/૧૦/૨૦૨૬ ગાંધીનગર

**કમલેશ બી. પટેલ એડવોકેટ**
ઓફીસ નં. ૫૦૩, પાંચમો માળ, પ્લોટ નં.૨, શાલીન સેન્ટ્રમ, એચ.પી.પેટ્રોલ પંપની પાછળ, સે-૧૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૪૩૦૭૫૭

## જાહેર નોટિસ

**મોજે-શીલજ**

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ- ૯ (બોપલ) ઘાટલોડીયા તાલુકાના મોજે - શીલજ ગામની સીમના બ્લોક નં. ૭૭૧ ની ચો.મી. ૧૦૬૨૩ ની જમીનને ટી.પી. સ્કીમ નં. ૨૧૬ (શીલજ) માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૯૧ ની ચો.મી. ૭૪૩૬ ની બિનખેતીની જમીન પૈકી વગર વહેંચાયેલ હિસ્સાની જમીન ભીખાભાઈ આત્મારામની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઇનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૩-૧૦-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીક્ટ અને તાલુકા કલોલનાં મોજે ગામ ખાત્રજની સીમના રેવન્યુ સર્વે નંબર ૪૪૩ (જૂના એકત્રીત રેવન્યુ સર્વે નંબર ૩૩૪ ના જૂના રેવન્યુ સર્વે નંબર ૩૩૪, ૩૪૨, ૩૪૬, ૩૪૭ તથા ૩૪૮ ના સીટી સર્વે નંબર NA334, 342, 346, 347 તથા 348) ની રહેણાંકીય હેતુની બીનખેતીની જમીન ઉપર "ગ્રીનવેલી" નાં નામથી ઓળખાતી યોજના આવેલ છે, જેમાં આવેલ સબપ્લોટો પૈકી સબપ્લોટ નંબર ૪૨ ની સમચોરસમીટર ૪૨૧.૭૬ ની રહેણાંકીય હેતુની બીનખેતીની જમીન., તથા સદર "ગ્રીનવેલી" નાં નામથી ઓળખાતી યોજનામાં મુકવામાં આવેલ રોડ રસ્તા કોમન પ્લોટની જમીનમાં વણવહેંચાયેલ સમચોરસમીટર ૧૬૮.૭૧ ની જમીન એમ મળી કુલ સમચોરસમીટર ૫૯૦.૪૭ ની જમીન સહીતની., સદર યોજનાની કોમન મીલકતો સહીયારી સહમાલીકી હક્કે વાપરવા, ભોગવવાના હક્કો સહિત., અંજનાબેન ઘનશ્યામસિંહ વનારએ તેઓની કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકીપણા અને કબજા ભોગવટાની તથા બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે અમારી પાસે સદર જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર અંજનાબેન ઘનશ્યામસિંહ વનારએ કોઈપણ બેંક, વ્યક્તિ, પેઢી કે ખાનગી સંસ્થા પાસેથી લોન ધિરાણ મેળવી બોજો ઉત્પન્ન કરેલ નથી., તેમજ સદરહુ જમીન અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિત શખ્સને લખી આપી ટ્રાન્સફર એસાઈન કરેલ નથી તેમજ સદર જમીન ઉપર કોઈપણ કોર્ટ કચેરીમાં કોઈપણ જાતના દાવાદુવી કે પ્રોસીડીંગ્સ ચાલુ નથી., તેમજ સદર જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો તે જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ અમારા અસીલ સદર જમીન વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ તારીખઃ- ૨૨/૧૦/૨૦૨૬

**નેહલ એન. શાહ એસોસીએટ્સ**
**સૌરિન રાજેશભાઈ શાહ એડવોકેટ**
૪૦૮, શાંતિમોલ, નવરંગ ટાવર સામે, સાર્થક સ્કુલ પાસે, સત્તાધાર ચાર રસ્તા પાસે, ઘાટલોડીયા, અમદાવાદ.
મો.નં.- ૭૯૮૪૯૩૦૧૩૭

## જાહેર નોટિસ

**મોજે ગામ : રેલ**

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ આણંદ, સબ ડીસ્ટ્રીકટ તારાપુર તથા તાલુકો તારાપુર ના મોજે ગામ - રેલની સીમના ખાતા નં. ૧૯૬ ના બ્લોક/સર્વે નં. ૨૨૯ ની કુલ ૧૮૩૧૨ ચો.મી. વાળી ખેતીની જમીનના માલિકો (૧) કાનજીભાઈ હનુભાઈ ભરવાડ (૨) તખુબેન કાનજીભાઈ ભરવાડ (૩) વિપુલભાઈ કાનજીભાઈ ભરવાડ (૪) સજનબેન કાનજીભાઈ ભરવાડ (૫) ઉમાબેન કાનજીભાઈ ભરવાડ, તમામ રહે. વડોદરા, આણંદ નાઓની સંયુકત માલિકી કબજા ભોગવટાની જમીન તમામ પ્રકારના બોજા ઓ રહીત હોવાનું જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને સદરહુ જમીનના ટાઇટલ કલીયર સર્ટીફિકેટ/અભિપ્રાયની અમારી પાસેથી માંગણી કરેલ છે. ઉપરોકત જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો બોજો યા હક્ક દાવો આવેલો હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઇડ નકલ સહિત દિન - ૭ (સાત) માં રજી. એ.ડી. પોસ્ટ દ્વારા જાણ કરવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો કોઇ હક્કો આવેલા નથી અને આવેલ હોય તો જતા કરેલ છે તેમ સમજી ટાઇટલ કલીયર સર્ટીફિકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહિ.

તા. ૨૨/૧૦/૨૦૨૬
સ્થળ : અમદાવાદ

**MAHESH THAKOR ASSOCIATES**
**મહેશ આર. ઠાકોર (એડવોકેટ)**
**રાહુલ એસ. ઠાકોર (એડવોકેટ)**
**જયેશ આર. ઠાકોર(એડવોકેટ)**
**કિસ્મત જે. ઠાકોર (એડવોકેટ)**
ઓફીસ : ૫૦૮, શીલ્પ ધ એડ્રેસ, એસ.પી. રીંગ રોડ, શીલજ સર્કલ, શીલજ, અમદાવાદ - ૩૮૦૦૫૯

## જાહેર નોટિસ

આથી અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જણાવવાનું કે જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ મહીસાગર, તાલુકા બાલાસિનોર, મોજેગામ વડદલાની સીમના ખાતા નં.૨૪૬૧ ના (૧) સર્વે/બ્લોક નં.૫૦૫/૧ ની ૧૬૦૯૬ ચો.મી., (૨) સર્વે/બ્લોક નં. ૫૦૫/૨ ની ૧૬૫૯૨ ચો.મી. તથા (૩) સર્વે/બ્લોક નં. ૫૦૬ ની ૩૩૪૮૮ ચો.મી. વાળી ખેતીની જમીનો (૧) અંકીત નટુભાઈ પટેલની ૧૦% હીસ્સાની, (૨) જીજ્ઞેશભાઈ રમણભાઈ ઉર્ફે રમેશભાઈ પ્રજાપતિની ૧૦% હીસ્સાની, (૩) હરેશકુમાર ઈશ્વરભાઈ પટેલની ૬૦% હીસ્સાની તથા (૪) સુરેશભાઈ રવજીભાઈ પટેલની ૨૦% હીસ્સાની સંયુકત માલીકી, કબજા, ભોગવટાની તથા તમામ પ્રકારના બોજા રહીતની આવેલી હોવાનું જણાવી તેઓએ તેમની જમીનો વેચાણ કરવાનું નક્કી કરેલ હોવાથી મજકુર જમીનોના ટાઈટલ ક્લીયર અને માકેટેબલ તેમજ કોઈપણ જાતના બોજા કે વિવાદ વગરના હોવા બદલના ટાઈટલના અભિપ્રાય/પ્રમાણપત્રની માંગણી અમારી પાસે કરેલ છે. તો મજકુર જમીનો ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો, ગીરો, બોજો અલાખો, હિત સંબંધ, ગણોત હક્ક કે ઈઝમેન્ટ રાઈટસ આવેલ હોય તો આ નોટીશ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં નીચેના સરનામે તમામ પ્રકારના પુરાવા સહિત રજી.એ.ડી. થી લેખીતમાં જાણ કરવી, જો મુદતમાં જાણ કરવામાં નહીં આવે તો મજકુર જમીનો ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો, ગીરો, બોજો, અલાખો, હિત સંબંધ, ગણોત હક્ક કે ઈઝમેન્ટ રાઈટસ આવેલ નથી અને આવેલ હોય તો તેવા તમામ હક્કો જતા (Waive) કરેલ છે તેમ સમજી મુદત વિતેથી મજકુર જમીનોનું ટાઈટલ ક્લીયરન્સ અભિપ્રાય/પ્રમાણપત્ર આપવામાં આવશે અને ત્યારબાદ મજકુર જમીનો અંગે વેચાણ વ્યવહાર પુર્ણ કરવામાં આવશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોધ લેવી.

તા.૨૩/૧૦/૨૦૨૬. અમદાવાદ

**ડીમ્પી પ્રકાશ શાહ (એડવોકેટ)**
**પ્રકાશ સી. શાહ (એડવોકેટ)**
**પ્રકાશ સી. શાહ એન્ડ કું.**
૫૦૨, પાંચમો માળ, પી.વી. એન્કલેવ, શીલ્પ ચાર રસ્તાથી રાજપથ રંગોલી રોડ, સિંધુભવન રોડ પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
(મો.નં. ૯૯૨૪૨૧૩૩૩૨)

## જાહેર નોટિસ

આથી અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જણાવવાનું કે... જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ મહીસાગર, તાલુકા બાલાસિનોર, મોજેગામ વડદલાની સીમના ખાતા નં.૮૬ ના (૧) સર્વે/બ્લોક નં.૫૦૭ ની ૫૨૬૦૯ ચો.મી. તથા (૨) સર્વે /બ્લોક નં.૫૧૧ ની ૪૦૮૭૩ ચો.મી. વાળી ખેતીની જમીનો (૧) ગીરાજી સોમાજી ઠાકોર, (૨) મંજુલાબેન સોમાજી ઠાકોર, (૩) દીવાબેન સોમાજી ઠાકોર, (૪) હીરાબેન પુનાજી ઠાકોર, (૫) મેલાજી પુનાજી ઠાકોર, (૬) પોપટજી પુનાજી ઠાકોર, (૭) ભારતીબેન ઉર્ફે લસીબેન આશાજી ઠાકોરની દિકરી, (૮) મનોજભાઈ આશાજી ઠાકોર, (૯) સજનબેન આશાજી ઠાકોર તથા (૧૦) અજીતસિંહ આશાજી ઠાકોર નાઓની સંયુકત માલીકી, કબજા, ભોગવટાની તથા તમામ પ્રકારના બોજા રહીતની આવેલી હોવાનું જણાવી તેઓએ તેમની જમીનો વેચાણ કરવાનું નક્કી કરેલ હોવાથી મજકુર જમીનોના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ તેમજ કોઈપણ જાતના બોજા કે વિવાદ વગરના હોવા બદલના ટાઈટલના અભિપ્રાય/પ્રમાણપત્રની માંગણી અમારી પાસે કરેલ છે. તો મજકુર જમીનો ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો, ગીરો, બોજો અલાખો, હિત સંબંધ, ગણોત હક્ક કે ઈઝમેન્ટ રાઈટસ આવેલ હોય તો આ નોટીશ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં નીચેના સરનામે તમામ પ્રકારના પુરાવા સહિત રજી.એ.ડી. થી લેખીતમાં જાણ કરવી, જો મુદતમાં જાણ કરવામાં નહીં આવે તો મજકુર જમીનો ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો, ગીરો, બોજો, અલાખો, હિત સંબંધ, ગણોત હક્ક કે ઈઝમેન્ટ રાઈટસ આવેલ નથી અને આવેલ હોય તો તેવા તમામ હક્કો જતા (Waive) કરેલ છે તેમ સમજી મુદત વિતેથી મજકુર જમીનોનું ટાઈટલ ક્લીયરન્સ અભિપ્રાય/પ્રમાણપત્ર આપવામાં આવશે અને ત્યારબાદ મજકુર જમીનો અંગે વેચાણ વ્યવહાર પુર્ણ કરવામાં આવશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોધ લેવી.

તા.૨૩/૧૦/૨૦૨૬. અમદાવાદ

**ડીમ્પી પ્રકાશ શાહ (એડવોકેટ)**
**પ્રકાશ સી. શાહ (એડવોકેટ)**
**પ્રકાશ સી. શાહ એન્ડ કું.**
૫૦૨, પાંચમો માળ, પી.વી. એન્કલેવ, શીલ્પ ચાર રસ્તાથી રાજપથ રંગોલી રોડ, સિંધુભવન રોડ પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
(મો.નં. ૯૯૨૪૨૧૩૩૩૨)

## જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૮ (સોલા)ના તાલુકા ઘાટલોડીયાના મોજે ગામ ઓગણજની સીમના રેવન્યુ સર્વે નંબર ૧૦૮૩/૫ ની કુલ સમચોરસમીટર ૧૮૭૩ ની જમીન તથા અન્ય રેવન્યુ સર્વે નંબરોની જમીનનો સમાવેશ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૨૨૧ (સોલા-ઓગણજ-ભાડજ)માં થતાં તેને ફાળવેલ ફાઇનલ પ્લોટ નંબર ૩૮૧ ની કુલ સમચોરસમીટર ૫૫૮૫ ની બીનખેતીની જમીનમાં ''કપિધ્વજ'' ના નામથી ઓળખાતી યોજના આવેલ છે., અને જેમાં આવેલા સબ પ્લોટો પૈકી સબ પ્લોટ નંબર ૫ ની કુલ સમચોરસમીટર ૧૦૧૨ ની બીનખેતીની જમીન તથા સદર યોજનાની જમીનમાં આવેલ રોડ, રસ્તા તથા કોમન પ્લોટની જમીનમાંથી સદર સબ પ્લોટની જમીનના વરાડે આવતી સમચોરસમીટર ૧૧૨ ની જમીન એમ મળીને કુલ સમચોરસમીટર ૧૧૨૪ ની બીનખેતીની જમીન., કે જે જમીન હાલ રેવન્યુ સર્વે નંબર ૧૦૮૩/૫ થી ઓળખાય છે., તેવી બીનખેતીની જમીન., અલ્પેશ કાંતીભાઇ પટેલએ તેઓની કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકીપણા અને કબજા ભોગવટાની તેમજ બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે., અને અમારા અસીલે અમારી પાસે સદર જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર અલ્પેશ કાંતીભાઇ પટેલએ કોઇપણ બેંક, વ્યક્તિ, પેઢી કે ખાનગી સંસ્થા પાસેથી લોન ધિરાણ મેળવી બોજો ઉત્પન્ન કરેલ નથી., તેમજ સદરહુ જમીન અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિત શખ્સને લખી આપી ટ્રાન્સફર એસાઈન કરેલ નથી તેમજ સદર જમીન ઉપર કોઈપણ કોર્ટ કચેરીમાં કોઈપણ જાતના દાવાદુવી કે પ્રોસીડીંગ્સ ચાલુ નથી., તેમજ સદર જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો તે જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ અમારા અસીલ સદર જમીન વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ તારીખ :- ૨૨/૧૦/૨૦૨૬

**નેહલ એન. શાહ એસોસીએટ્સ**
**સૌરિન રાજેશભાઈ શાહ એડવોકેટ**
૪૦૮, શાંતિમોલ, નવરંગ ટાવર સામે, સાર્થક સ્કુલ પાસે, સત્તાધાર ચાર રસ્તા પાસે, ઘાટલોડીયા, અમદાવાદ.
મો.નં.- ૭૯૮૪૯૩૦૧૩૭

## જાહેર નોટિસ

આથી અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જણાવવાનું કે... જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ મહીસાગર, તાલુકા બાલાસિનોર, મોજેગામ વડદલાની સીમના ખાતા નં. ૨૨૩૯ ના (૧) સર્વે/બ્લોક નં. ૫૧૨ ની ૩૧૮૬૯ ચો.મી., (૨) સર્વે/બ્લોક નં. ૫૨૭ ની ૧૬૧૮૮ ચો.મી. તથા (૩) સર્વે/બ્લોક નં. ૫૧૪ પૈકી ૧ ની ૨૨૯૦૪ ચો.મી. વાળી ખેતીની જમીન મહેશભાઈ દશરથલાલ પટેલની કુલ સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની તથા તમામ પ્રકારના બોજા રહીતની આવેલી હોવાનું જણાવી તેઓએ તેમની જમીન વેચાણ કરવાનું નક્કી કરેલ હોવાથી મજકુર જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ તેમજ કોઈપણ જાતના બોજા કે વિવાદ વગરના હોવા બદલના ટાઈટલના અભિપ્રાય/પ્રમાણપત્રની માંગણી અમારી પાસે કરેલ છે. તો મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો, ગીરો, બોજો અલાખો, હિત સંબંધ, ગણોત હક્ક કે ઈઝમેન્ટ રાઈટસ આવેલ હોય તો આ નોટીશ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં નીચેના સરનામે તમામ પ્રકારના પુરાવા સહિત રજી.એ.ડી. થી લેખીતમાં જાણ કરવી, જો મુદતમાં જાણ કરવામાં નહીં આવે તો મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો, ગીરો, બોજો, અલાખો, હિત સંબંધ, ગણોત હક્ક કે ઈઝમેન્ટ રાઈટસ આવેલ નથી અને આવેલ હોય તો તેવા તમામ હક્કો જતા (Waive) કરેલ છે તેમ સમજી મુદત વિતેથી મજકુર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અભિપ્રાય/પ્રમાણપત્ર આપવામાં આવશે અને ત્યારબાદ મજકુર જમીન અંગે વેચાણ વ્યવહાર પુર્ણ કરવામાં આવશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોધ લેવી.

તા.૨૩/૧૦/૨૦૨૬. અમદાવાદ

**ડીમ્પી પ્રકાશ શાહ (એડવોકેટ)**
**પ્રકાશ સી. શાહ (એડવોકેટ)**
**પ્રકાશ સી. શાહ એન્ડ કું.**
૫૦૨, પાંચમો માળ, પી.વી. એન્કલેવ, શીલ્પ ચાર રસ્તાથી રાજપથ રંગોલી રોડ, સિંધુભવન રોડ પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
(મો.નં. ૯૯૨૪૨૧૩૩૩૨)

## જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ મહેસાણા સબ ડીસ્ટ્રીક્ટ જોટાણા ના તાલુકા જોટાણાનાં મોજે ગામ બાલસાસણની સીમના ખાતા નંબર ૮૯૨ નાં રેવન્યુ સર્વે નંબર ૨૧૭ (જુના રેવન્યુ સર્વે નંબર ૪૩૧/૮) ની કુલ હે.આરે.ચો.મી. ૦-૧૫-૫૩ આકાર રૂા.૦.૯૦ પૈસાની જુની શરતની ખેતીની જમીન., ૧) જયંતીભાઈ મુળાભાઈ ઉર્ફે મુળજીભાઈ મકવાણા, ૨) ડાહ્યાભાઈ મુળાભાઈ ઉર્ફે મુળજીભાઈ મકવાણા, ૩) વિનોદભાઈ મુળાભાઈ મકવાણા, ૪) કિરીટભાઈ મુળાભાઈ ઉર્ફે મુળજીભાઈ મકવાણા, ૫) ભરતભાઈ મુળાભાઈ ઉર્ફે મુળજીભાઈ મકવાણા, ૬) પંકજભાઈ બબાભાઈ મકવાણા તથા ૭) હરજીવનભાઈ ઉર્ફે હરજીભાઈ મુળાભાઈ મકવાણા એમ સર્વેએ તેઓની કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકીપણા અને કબજા ભોગવટાની તથા બોજા રહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે., અને અમારા અસીલે અમારી પાસે સદર જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર ૧) જયંતીભાઈ મુળાભાઈ ઉર્ફે મુળજીભાઈ મકવાણા, ૨) ડાહ્યાભાઈ મુળાભાઈ ઉર્ફે મુળજીભાઈ મકવાણા, ૩) વિનોદભાઈ મુળાભાઈ મકવાણા, ૪) કિરીટભાઈ મુળાભાઈ ઉર્ફે મુળજીભાઈ મકવાણા, ૫) ભરતભાઈ મુળાભાઈ ઉર્ફે મુળજીભાઈ મકવાણા, ૬) પંકજભાઈ બબાભાઈ મકવાણા તથા ૭) હરજીવનભાઈ ઉર્ફે હરજીભાઈ મુળાભાઈ મકવાણા એમ સર્વેએ કોઈપણ બેંક, વ્યક્તિ, પેઢી કે ખાનગી સંસ્થા પાસેથી લોન ધિરાણ મેળવી બોજો ઉત્પન્ન કરેલ નથી કે હાલમાં ચાલુ નથી., તેમજ સદરહુ જમીન અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિત શખ્સને લખી આપી ટ્રાન્સફર એસાઈન કરેલ નથી કે સદર જમીનમાં હાલ કોઈપણ જાતની રેવન્યુ તકરારો કે દિવાની તકરારો ચાલતી નથી કે પેન્ડીંગ નથી કે કોઈપણ જાતનું હુકમનામું થયેલ નથી કે મનાઈ હુકમ ચાલુ નથી., તેમજ સદર જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો તે જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ સદર જમીન અમારા અસીલ વેચાણ રાખવા અંગેની કાર્યવાહી હાથ ધરશે., તો ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ
તારીખઃ- ૨૨/૧૦/૨૦૨૬

**નેહલ એન. શાહ એસોસીએટ્સ**
**સૌરિન રાજેશભાઈ શાહ એડવોકેટ**
૪૦૮, શાંતિમોલ, નવરંગ ટાવર સામે, સાર્થક સ્કુલ પાસે, સત્તાધાર ચાર રસ્તા પાસે, ઘાટલોડીયા, અમદાવાદ.
મો.નં.- ૭૯૮૪૯૩૦૧૩૭

**સી.પી.સી. ઓર્ડર-૨૧ રૂલ - ૬૫ તથા ૬૬**
**કેશોદના નામદાર એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. કેશોદ.**
**રેગ્યુલર દરખાસ્ત નં. ૦૨/૨૦૨૬**

ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા
ઈન્ડસ્ટ્રીઝ હાઉસ, નટરાજ થીયેટર પાછળ, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯
ઓલ્સો એટઃ-
ચોથો માળ, અમૃતા એસ્ટેટ, મહાત્મા ગાંધી રોડ, રેસકોર્સ પાસે,
રાજકોટ-૩૬૦૦૦૧

......વાદી

**વિરૂદ્ધ**

પ્રવિણસિંહ એચ. રાયજાદા
૩, ગૌતમ બુધ્ધ એપાર્ટમેન્ટ, સેકન્ડ ફલોર, શાસ્ત્રી મેદાન સામે,
રાજકોટ-૩૬૦૦૦૧
ઓલ્સો એટઃ-
ફલેટ નં. એ-૬૦૨, છઠ્ઠો માળ, શુભમ ટાવર,
સર્વે નં. ૧૦૧/૧ પૈકી,
કેશોદ-૩૬૨૨૨૦.

..... પ્રતિવાદી

**બાબત : સ્થાવર મિલકતની જાહેર હરરાજી કરવા અંગેનું જાહેરનામું.**

આથી આ દરખાસ્તના કામના પક્ષકારો તથા જાહેર જનતાને સ્થાવર મિલકત હરરાજીની જાહેર નોટીસ આપવામાં આવે છે કે, આ કામના પ્રતિવાદી પ્રવિણસિંહ એચ. રાયજાદા, રે. રાજકોટ તથા કેશોદવાળાની સ્થાવર મિલકત ઉપરોક્ત કામમાં આંક-૧૭ ના હુકમ મુજબ પ્રતિવાદીની સ્થાવર મિલકતની જાહેર હરરાજીથી વેચાણ કરવા માટે કમીશ્નર તરીકે અમારી નિમણૂંક થયેલ છે અને **આ જાહેર હરરાજીની પ્રક્રિયા વાદીના ઓથોરાઈઝડ ઓફીસરશ્રીની હાજરીમાં કરવામાં આવશે.**

**:- સી.પી.સી. ઓર્ડર - ૭ રૂલ - ૩ મુજબ સ્થાવર મિલકતની વિગત :-**
**જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના ગામ મોજે કેશોદમાં આવેલ ''શુભમ ટાવર''માં એ-વીંગમાં છઠ્ઠા માળે આવેલ ફલેટ નં. ૬૦૨, ચો.મી. ૬૯-૧૨ આ., સર્વે નં. ૧૦૧/૧ પૈકી, મુ. કેશોદ.**

ઉપરોક્ત સ્થાવર મિલકતની જાહેર હરરાજીથી વેચાણ કરવા માટે કોઈ મનાઈ હુકમ કે હુકમ મોકુફ થયેલ નથી. તેમજ વેચાણ આપવામાં આવેલ સ્થાવર મિલકત જાહેર હરરાજીનું સ્થળ, તારીખ અને સમય નીચે મુજબ છે.

**સ્થળ :** **જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના ગામ મોજે કેશોદમાં આવેલ ''શુભમ ટાવર''માં એ-વીંગમાં છઠ્ઠા માળે આવેલ ફલેટ નં. ૬૦૨, ચો.મી. ૬૯-૧૨ આ., સર્વે નં. ૧૦૧/૧ પૈકી, મુ. કેશોદ.**
**તારીખ :** **૧૪-૧૧-૨૦૨૬**
**સમય :** **સવારે ૧૦-૦૦ વાગ્યાથી બપોરના ૦૧-૦૦ કલાક સુધી.**

આ સ્થાવર મિલકત સાધારણ રીતે બધા લોકોને જાતે અથવા અધિકાર અપાયેલા એજન્ટ મારફત માંગણી કરવા દેવામાં આવશે. પણ ન્યાયાલયે અગાઉથી સ્પષ્ટ પરવાનગી સિવાય ઉપર જણાવેલા હુકમનામા દેણદાર અથવા તેમના વતી કોઈ માંગણી સ્વીકારવામાં આવશે નહીં.

**-: વેચાણની બીજી શરતો નીચે મુજબ છે :-**

(૧) હરરાજીમાં સ્થાવર મિલકતની **અપસેટ પ્રાઈઝ રૂા. ૧૯,૯૪,૬૯૩-૬૬ પૈસા (અંકે રૂપિયા ઓગણીસ લાખ ચોરાણું હજાર છસ્સો ત્રાણું અને છાંસઠ પૈસા પુરા)** નક્કી કરવામાં આવે છે.
(૨) હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિ પુખ્ત વયના હોવા જોઈશે અને તેને પોતાનું આધાર કાર્ડ, પાનકાર્ડ તથા બે ફોટા સાથે લઈને આવવાના રહેશે.
(૩) માંગણીઓ કેટલી-કેટલી રકમથી વધારવાની છે તે વેચાણ કરનાર અધિકારી નક્કી કરશે.
(૪) વેચાણ વખતે વધુ માંગણી કરનારને ખરીદનાર તરીકે જાહેર કરવામાં આવશે અને ખરીદનાર જાહેર થતા માંગણીની રકમના ૨૫%ની રકમનો ચેક વેચાણ કરનાર અધિકારીને તાત્કાલિક આપવાનો રહેશે.
(૫) મિલકત ખરીદનારે વેચાણ થયાના દિવસ-૧૫ માં બાકીની ખરીદ કિંમતની રકમનો ચેક કોર્ટમાં જમા કરાવવાનો રહેશે. તેમા કસુર થયે હરરાજી સમયે આપેલ ચેકની રકમ ખાલસા કરવામાં આવશે.

**આજ રોજ તા. ૧૫મી માહે ઓકટોબર, સને-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.**

ઉપરોક્ત જાહેરનામું નીચે જણાવ્યા સરકારી કચેરી તથા સ્થળોએ પ્રસિદ્ધ કરવું.

**વંથલી**
**તા. ૧૫-૧૦-૨૦૨૬.**

**(એસ. કે. વાજા)**
**કોર્ટ દ્વારા નિમાયેલ કોર્ટ કમીશ્નર**
**મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ,**
**કેશોદ**

### એક તરફ ચાંદીના ભાવ તૂટી રહ્યા છે તો બીજી તરફ આયાત માટેના દ્વાર ખુલ્લા

# દિવાળીની પૂર્વ સંધ્યાની ભેટ: ૬,૫૦૦ મેટ્રીક ટન ચાંદીની આયાતને મંજૂરીના કારણે ચાંદીના ભાવ તૂટશે

અમદાવાદ, તાઃ ૨૨

એક તરફ ચાંદીના ભાવ તૂટી રહ્યા છે તો બીજી તરફ આગામી છ માસમાં ૬,૫૦૦ મેટ્રિક ટન ચાંદીની આયાત કરવાનો નિર્ણય લેવાતા ચાંદીનો ભાવોમાં હજુ ઘટાડો થવાની સંભાવના છે. તહેવારોની મોસમમાં વધતી માંગને પહોંચી વળવા માટે ભારતે આગામી છ મહિના માટે આશરે ૬,૫૦૦ મેટ્રિક ટન ચાંદીની આયાતને મંજૂરી આપી છે, તેમ ન્યૂઝ એજન્સી દ્વારા અહેવાલ આપવામાં આવ્યો છે.

## સરકારે મે મહિનાના મધ્યમાં તાત્કાલિક અસરથી લગભગ તમામ સ્વરૂપોમાં ચાંદીની આયાત પર પ્રતિબંધો મૂક્યા હતા. જૂન મહિનામાં, આ પ્રતિબંધિત કેટેગરીનો વિસ્તાર કર્યો હતો

પરમિટ મેળવનારા ચાર બુલિયન ડીલરોએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે આ મંજૂરીઓને કારણે વિશ્વનો સૌથી મોટો ચાંદીનો વપરાશકાર દેશ તહેવારોની વેચાણ મોસમ દરમિયાન રહેનારી માંગને સરળતાથી પૂરી કરી શકશે.

અહીં એ નોંધવું જરૂરી છે કે ભારત તેની ચાંદીની જરૂરિયાતના ૮૦% થી વધુ પુરવઠા માટે વિદેશી આયાત પર નિર્ભર છે, જેના કારણે આયાતનો પ્રવાહ સ્થાનિક બજાર અને વૈશ્વિક કિંમતો માટે એક મહત્વપૂર્ણ પરિબળ બની રહે છે.

આ વધારાની મંજૂરી વૈશ્વિક સ્તરે ચાંદીના ભાવને ટેકો આપી શકે છે, જ્યારે ભારતમાં ઊંચા પ્રીમિયમને નીચે લાવી




શકે છે, જ્યાં તંગ પુરવઠાને કારણે સ્થાનિક ભાવ અધિકૃત બેંચમાર્ક કરતાં વધી ગયા હતા.

સરકારે મે મહિનાના મધ્યમાં તાત્કાલિક અસરથી લગભગ તમામ સ્વરૂપોમાં ચાંદીની આયાત પર પ્રતિબંધો મૂક્યા હતા. જૂન મહિનામાં, આ પ્રતિબંધિત કેટેગરીનો વિસ્તાર કરીને તેમાં 'સિલ્વર ગ્રેન' (ચાંદીના દાણા) અને પાવડરનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો, જેથી આ ઉત્પાદનો માટે પણ પૂર્વ આયાત મંજૂરી ફરજિયાત બની ગઈ હતી.

ચાંદીના આયાતકારોએ જણાવ્યું હતું કે મંજૂર કરાયેલું આ પ્રમાણ આગામી છ મહિનાની ભારતની સંભવિત જરૂરિયાતો કરતાં ઘણું વધારે જણાય છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ વધારાનો પુરવઠો સ્થાનિક ભાવો ઘટાડવામાં મદદ કરશે.

આ આયાત મંજૂરીઓ એવા સમયે આવી છે જ્યારે ભારત પોતાના વિદેશી મુદ્રા ભંડાર પરનું દબાણ ઘટાડવા અને રૂપિયાને મજબૂત કરવા માટે કિંમતી ધાતુઓની ખરીદી પર નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ પ્રયાસોના ભાગરૂપે સરકારે સોના અને ચાંદી પરની આયાત જકાત ૬% થી વધારીને ૧૫% કરી દીધી હતી.છેલ્લા આયાત હિસ્સાના આટલા મોટા પ્રમાણે બજારના ખેલાડીઓને આશ્ચર્યમાં મૂકી દીધા છે, કારણ કે ઘટતા ભાવો વચ્ચે ચાંદીના દાગીના અને રોકાણ માટેની માંગ નબળી રહી છે.

બુલિયન આયાત કરતી બેંકના મુંબઈ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું કે તહેવારોની મોસમની માંગે હજુ વેગ પકડ્યો નથી. તાજેતરમાં થયેલા ભાવઘટાડાને કારણે ઘણા રોકાણકારોને નુકસાન સહન કરવું પડ્યું છે અને તેઓ બજારમાં પાછા ફરતા અચકાઈ રહ્યા છે.

### સંસ્થાકીય રોકાણકારોનો અધધ...૧૩.૨૯ ગણો રિસ્પોન્સ

# જિયો પ્લેટફોર્મના IPO માટે રોકાણકારો પણ ઉમટ્યા : ઈસ્યુ ૫.૫૭ ગણો છલકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ તા.૨૨




રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડિજિટલ અને ટેલિકોમ સાહસ જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડના રૂ.૩૦,૨૧૩ કરોડના સંપૂર્ણ નવા શેરોના આઈપીઓ-ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ માટે સંસ્થાકીય રોકાણકારોના જબરદસ્ત પ્રતિસાદ ચાલુ રહી આજે બીજા દિવસે વધીને ૧૩.૨૯ ગણા પ્રતિસાદ સાથે રિટેલ રોકાણકારો પણ આઈપીઓમાં રોકાણ કરવા માટે ઉમટવા લાગ્યા છે. આઈપીઓના આજે બીજા દિવસે રિટેલ કેટેગરીમાં ઈસ્યુ સંપૂર્ણ ભરાઈ જઈ રોકાણકારોએ ૧.૫૪ ગણો પ્રતિસાદ આપ્યો હતો. આ સાથે શેર દીઠ રૂ.૧૦૬૫થી રૂ.૧૧૧૯ પ્રાઈસ બેન્ડનો આ ઈસ્યુ આજે બીજા દિવસે વધીને કુલ ૫.૫૭ ગણો છલકાઈ ગયો હતો. પબ્લિક માટે આ ભરણામાં ૧૯,૭૫,૨૫,૯૩૪ શેરોની ઓફર સામે આજે વધીને ૧૧૦,૦૦,૦૦,૮૮૦ શેરો માટે બીડ્સ મળીને કુલ ૫.૫૭ ગણો ઈસ્યુ છલકાયો હતો. આ સાથે રૂ.૩૦,૨૧૩ કરોડના આઈપીઓ માટે રોકાણકારોએ કુલ મળીને રૂ.૩.૭૩ લાખ કરોડ માટેની બીડ્સ(એન્કર બુક સહિત) કરી જબ્બર પ્રતિસાદ આપ્યો છે. કુલ મળીને આ ઈસ્યુ માટે આજે વધીને ૧૧૦ કરોડથી વધુ શેરો માટે બીડ્સ મળી છે.

ક્વોલિફાઈડ ઈન્સ્ટીટયુશનલ બાયર્સ (ક્યુઆઈબીઝ) કેટેગરીમાં ૪,૯૦,૦૭,૮૨૭ શેરો રિઝર્વ સામે આજે બીજા દિવસે વધીને ૬૫,૧૪,૫૮,૨૩૨ શેરો માટે બીડ્સ મળી ૧૩.૨૯ ગણો સૌથી વધુ પ્રતિસાદ મળ્યો હતો. ક્યુઆઈબીઝ કેટેગરીમાં બીડ્સનો આંક વધીને રૂ.૭૨,૮૯૮ કરોડ થયો છે. જ્યારે નોન-ઈન્સ્ટીટયુશનલ ઈન્વેસ્ટર્સ (એનઆઈઆઈઝ) કેટેગરીમાં ૩,૬૪,૪૪,૫૬૯ શેરો રિઝર્વ સામે ૨૧,૭૧,૩૮,૪૬૪ શેરો માટે બીડ્સ મળીને ૫.૯૬ ગણો પ્રતિસાદ મળ્યો હતો. જે કુલ વધીને રૂ.૨૪,૩૩૦ કરોડ માટેની બીડ્સ થઈ છે.

રિટેલ વ્યક્તિગત રોકાણકારોની કેટેગરીમાં ૮,૫૦,૩૭,૩૨૭ શેરો રિઝર્વ સામે ૧૩,૦૭,૭૩,૬૮૪ શેરો માટે બીડ્સ મળીને ૧.૫૪ ગણો પ્રતિસાદ મળ્યો હતો. જે રિટેલ કેટેગરીમાં રૂ.૧૪,૬૫૨ કરોડની કુલ બીડ્સ મળી છે. કર્મચારીઓ માટે અનામત કેટેગરીમાં ૪૬,૯૪,૮૩૫ શેરો રિઝર્વ સામે ૯૮,૪૩,૩૧૨ શેરો માટે કુલ બીડ્સ મળીને ૨.૧૦ ગણો પ્રતિસાદ મળ્યો હતો. જ્યારે શેરધારકો માટે રિઝર્વ ૨,૨૩,૪૧,૩૭૬ શેરો સામે આજે બીજા દિવસે વધીને ૯,૦૨,૦૬,૯૫૨ શેરો માટે બીડ્સ મળીને ૪.૦૪ ગણો પ્રતિસાદ મળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ભારતીય મૂડી બજારના ઈતિહાસમાં સૌથી મોટો આઈપીઓ લાવીને રેકોર્ડ સર્જનાર જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડે એન્કર ઈન્વેસ્ટરો માટે રૂ.૮૧૧૦ કરોડ રિઝર્વ સામે ૩૦ ગણો રોકાણકારોનો રૂ.૨.૪૦ લાખ કરોડ ડિમાન્ડ કરતો જંગી પ્રતિસાદ મળ્યો હતો. ભારતના મૂડી બજારના ઈતિહાસમાં સૌથી મોટા ઈસ્યુ-આઈપીઓ, સૌથી ઝડપી પ્રારંભિક ૧૦૦ મીનિટમાં જ ઈસ્યુ છલકાઈ જવાનો અને સંસ્થાકીય રોકાણકારો દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદના એન્કર ઈન્વેસ્ટર્સ તરફથી ૩૦ ગણા પ્રતિસાદના વિક્રમો સર્જનાર કંપનીનો આઈપીઓ ૨૩, ઓકટોબર ૨૦૨૬ના બંધ થનાર હોઈ આજે અંતિમ દિવસે રોકાણકારોનો છેલ્લી ઘડીનો ધસારો જોવાઈ શકે છે એવું જાણકારોનું માનવું છે.

## રોકાણકારોએ ૮.૫૦ કરોડ રિઝર્વ સામે ૧૩.૦૮ કરોડ શેરો માટે બીડ્સ ભરી ૧.૫૪ ગણો પ્રતિસાદ આપ્યો : આજે ઈસ્યુનો છેલ્લો દિવસ

### વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓ તૂટતાં દેશમાં ઈમ્પોર્ટ કોસ્ટ ગબડી

# ચાંદીની આયાતને અપાયેલી મંજૂરીથી ઝડપી મંદી, રૂપિયા ૭૦૦૦નું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,ગુરૂવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદી તથા પ્લેટીનમના ભાવમાં ઝડપી ઘટાડો આગળ વધ્યો હતો. વિશ્વ બજાર ગબડતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરી હતી. દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે ચાંદીના ભાવ જીએસટી વગર કિલોદીઠ ઘટી રૂ.બે લાખની સપાટીની અંદર ઉતરી ગયાના નિર્દેશો હતા. જો કે જીએસટી સાથેના ભાવ ૩ ટકા ઉંચા રહ્યા હતા. ભારતમાં સરકારે ચાંદીમાં ૬૫૦૦ ટનની ઈમ્પોર્ટ માટે પરમીટો ઈસ્યુ કર્યાના નિર્દેશોની અસર પણ બજાર પર દેખાઈ હતી.

## મુંબઈ ચાંદીના જીએસટી વગર ભાવ રૂપિયા બે લાખની અંદર: સોનામાં પણ ઘટાડો: જો કે ક્રૂડના ભાવ ફરી ઉછળ્યા

આના પગલે દિવાળી પૂર્વે દેશમાં ચાંદીની સપ્લાય વધવાની શક્યતા જાણકારો દર્શાવી રહ્યા હતા. આ વર્ષે મે મહિનામાં સરકારે નવી લાઈસન્સ જરૂરિયાતની શરત લાગુ કરી હતી. દરમિયાન, આ ૬૫૦૦ ટન ચાંદીની ઈમ્પોર્ટની પરમીટો ૬ મહિના સુધી અમલમાં રહેનાર હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. દેશમાં ચાંદીની આયાત વધી તાજેતરમાં સપ્ટેમ્બરમાં ૩૨૮ ટન થઈ હતી. ૨૦૨૫માં ભારતમાં ચાંદીની વાર્ષિક આયાત ૭૦૦૦ ટન થઈ હતી.

દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે ચાંદીના ભાવ જીએસટી વગર કિલોદીઠ રૂ.૭૦૦૦ તૂટી રૂ.૧૯૯૭૭૭ બોલાયા હતા. જીએસટી સાથેના ભાવ જોકે આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, અમદાવાદ બજારમાં આજે ચાંદીના ભાવ રૂ.૭૦૦૦ ગબડી રૂ.૨૦૪૦૦૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં ચાંદીના ભાવ આજે ઔંસના ૫૭.૭૧ વાળા ઘટી નીચામાં ભાવ ૫૫.૬૬ ડોલર થઈ ૫૫.૮૪થી ૫૫.૮૫ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૧૩૯થી ૪૧૪૦ વાળા આજે ઘટી ૪૦૫૭ થઈ ૪૦૭૦થી ૪૦૭૧ ડોલર રહ્યા હતા. અમદાવાદ સોનાના ભાવ રૂ.૧૦૦૦ ઘટી ૯૯૫ના રૂ.૧૪૭૭૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૮૦૦૦ રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૧૪૦૦ ઘટી ૯૯૫ના રૂ.૧૪૨૧૨૩ તથા ૯૯૯ના રૂ.૧૪૨૬૯૪ રહ્યા હતા. મુંબઈ પ્લેટીનમના ભાવ આજે ૧૦ ગ્રામના રૂ.૧૮૦૦ ઘટી રૂ.૫૬૩૪૭ રહ્યા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમ ઘટી ૧૫૭૭ થઈ ૧૫૯૨ ડોલર તથા પેલેડીયમ ઘટી ૧૦૫૩ થઈ ૧૦૬૬ ડોલર રહ્યા હતા. કોપરના ભાવ આજે ફરી વધ્યા હતા. બ્રેન્ટક્રૂડના ભાવ બેરલના ૧૦૯.૪૫ વાળા વધી ૧૧૨.૬૮ થઈ ૧૧૧.૯૮ ડોલર રહ્યા હતા.

# રૂપિયા સામે ડોલર, પાઉન્ડ તથા યુરોના ભાવ ઉછળ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,ગુરૂવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઘટતા અટકી ફરી ઉછળ્યા હતા. શેરબજારમાં પીછેહટ તથા વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ફરી તેજી આવતાં મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયો ફરી દબાણ હેઠળ જોવા મળ્યો હતો.

## અમેરિકામાં આવતા સપ્તાહમાં વ્યાજ દરમાં વધુ વૃદ્ધિની શક્યતાઃ જાપાન, ચીનની કરન્સી પણ ઉંચકાઈ

ડોલરના ભાવ રૂ.૯૪.૪૭ વાળા આજે સવારે રૂ.૯૪.૪૭ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૯૪.૩૨ થયા પછી ઉંચામાં ભાવ ફરી વધી રૂ.૯૪.૯૫ થઈ રૂ.૯૪.૮૨ રહ્યા હતા. ડોલરના ભાવ આજે ૩૫ પૈસા ઉછળતાં ડોલર સામે રૂપિયો ૦.૩૭ ટકા ઘટયો હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

વિશ્વ બજારમાં ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ઘટાડા પર રહ્યો હતો. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૧.૭૩ રહ્યા પછી નીચામાં ૧૦૧.૪૫ થઈ ૧૦૧.૬૪ રહ્યાના સમાચાર હતા.

દરમિયાન, મુંબઈ બજારમાં આજે રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૪૫ પૈસા ઉછળી ઉંચામાં ભાવ રૂ.૧૨૭.૨૯ થઈ રૂ.૧૨૭.૦૧ છેલ્લે રહ્યા હતા યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે આજે ૪૦ પૈસા ઉછળી ઉંચામાં ભાવ રૂ.૧૦૬.૭૪ થઈ રૂ.૧૦૬.૪૦ રહ્યા હતા. જાપાનની કરન્સી રૂપિયા સામે આજે ૦.૯૯ ટકા ઉંચકાઈ હતી. જ્યારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૪૧ ટકા પ્લસમાં રહી હતી. વિશ્વ બજારમાં ક્રૂડના ભાવ વધતાં હવે અમેરિકામાં ટૂંકમાં મળનારી ફેડરલ રિઝર્વની મિટિંગમાં વ્યાજના દરમાં ફરી વૃદ્ધી થશે એવી શક્યતા વિશ્વ બજારમાં ચર્ચાઈ રહી હતી. ભારતમાં ફોરેક્સ રિઝર્વના શુક્રવારે (આજે) બહાર પડનારા આંકડાઓ પર પણ બજારની નજર રહી હતી.

**ફોરેક્સ ભાવ**

| | |
|---|---|
| ડોલર | રૂા. ૯૪.૮૨ |
| પાઉન્ડ | રૂા. ૧૨૭.૦૧ |
| યુરો | રૂા. ૧૦૬.૪૦ |
| યેન | રૂા. ૦.૬૦ |
| બ્રેન્ટ ક્રૂડ | ૧૧૨.૫૦ ડોલર |

# ડયૂટી ફ્રી ખાંડની આયાત માટેની મુદત બે મહિના લંબાવી ૩૧ ડિસેમ્બર સુધી કરાઈ

મુંબઈ, તા. ૨૨

ડયૂટી ફ્રી ખાંડની આયાત માટેની મુદત બે મહિના લંબાવીને ૩૧ ડિસેમ્બર સુધી કરવામાં આવી છે. દેશમાં તહેવારો દરમિયાન ખાંડનો પૂરવઠો જાળવી રાખવા અને ભાવને અંકૂશમાં લેવા સરકારે દસ લાખ ટન ખાંડની ડયૂટી ફ્રી આયાતની છૂટ આપી છે.

## સરકારની છૂટ છતાં સાકરની આયાત કરવામાં ટ્રેડરો ઉદાસીન

આ છૂટ વીસ ઓગસ્ટના જારી કરાયેલા એક નોટિફિકેશન મારફત અપાઈ હતી અને તેની મુદત ૩૧ ઓકટોબરના સમાપ્ત થઈ રહી હતી.

સરકારની આ છૂટ છતાં સદર સ્કીમ હેઠળ માત્ર ત્રણ લાખ ટન ખાંડ જ આયાત થઈ હોવાનું જણાતા મુદત લંબાવવાનો નિર્ણય આવી પડયો હોવાનું માનવામાં આવે છે.

છેલ્લા દસ દિવસમાં ઘરઆંગણે ખાંડના ક્વિન્ટલ દીઠ ભાવમાં રૂપિયા ૧૦૦૦નો વધારો થયો છે.

ઘરઆંગણે ખાંડના ભાવ અંકૂશમાં રાખવા સરકાર દ્વારા લેવાયેલા વિવિધ પગલાંને પરિણામે ભાવ હાલમાં નીચે ગયા છે. આવી સ્થિતિમાં ટ્રેડરોને ખાંડની આયાત કરવાનું વ્યવહારુ જણાતું નથી કારણ કે આયાતી ખાંડ મોંઘી પડી શકે છે.

૨૦૨૬-૨૭ની ઓકટોબરથી સપ્ટેમ્બરની ખાંડ મોસમ માં ભારતમાં ઉત્પાદન ત્રણથી ચાર લાખ ટન નીચુ રહેવાની શકયતા છે. મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં પાછોતરો વરસાદ સામાન્ય કરતા નીચો રહ્યો છેજેને પરિણામે જળાશયોમાંથી શેરડીના પાકને પાણી પૂરવઠો મર્યાદિત જોવા મળી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનિય છે કે વર્તમાન વર્ષમાં અલ નિનોને કારણે શેરડીના ઉત્પાદન પર અસરને ધ્યાનમાં રાખી સરકારે જાહેર ક્ષેત્રના ઉપક્રમોને ખાંડમાંથી ઉત્પાદિત થયેલા ઈથેનોલ ખરીદવા માટે ટેન્ડર જારી કરવાથી દૂર રહેવા સૂચના આપી છે.

શેરડીના નીચા ઉત્પાદનની સીધી અસર ખાંડ ઉત્પાદન પર પડે છે એ હકીકતને ધ્યાનમાં રાખી સરકારનો આ નિર્દેશ આવી પડયો છે.

શક્તિશાળી અલ નિનોને કારણે વર્તમાન વર્ષનું ચોમાસુ દાયકાનું સૌથી નબળું રહ્યું છે જેને પરિણામે વિશ્વમાં ખાંડના બીજા મોટા ઉત્પાદક ભારતમાં શેરડીનો પાક ઓછો ઊતરવાનો અંદાજ મુકાઈ રહ્યો છે. નવી મોસમમાં પિલાણ માટે શેરડીની ઉપલબ્ધતા નીચી રહેવાની શકયતા છે.

દેશમાં ક્રુડ તેલની આયાત નિર્ભરતા ઘટાડવા ઈથેનોલ મિકસ પેટ્રોલની વેચાણ યોજનામાં ભારત આક્રમક રીતે આગળ વધી રહ્યું છે.

# સપ્ટેમ્બરમાં દેશનું ક્રુડ આયાત બિલ ૪૭ ટકા વધી ૧૫.૪૦ અબજ ડોલર રહ્યું

મુંબઈ, તા. ૨૨

ક્રુડ તેલના ભાવમાં ઉછાળાને પરિણામે સપ્ટેમ્બરમાં ભારતનું ક્રુડ ઓઈલઆયાત બિલ વાર્ષિક ધોરણે ૪૭ ટકા વધી ૧૫.૪૦ અબજ ડોલર રહ્યાનું પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના ડેટામાં જણાવાયું છે. પશ્ચિમ એશિયામાં તંગદિલી વધવાને કારણે ક્રુડ તેલના ભાવ ફરી ઊંચે ગયા છે.

વોલ્યુમની દ્રષ્ટિએ સપ્ટેમ્બરમાં આયાત સાત ટકા વધી ૨.૧૭ કરોડ ટન રહી છે જે ૨૦૨૫ના સપ્ટેમ્બરમાં ૨.૦૩ કરોડ ટન જોવા મળી હતી.

સપ્ટેમ્બરમાં ભારતને ક્રુડ તેલની સરેરાશ આયાત કિંમત ૧૧૬.૦૯ ડોલર પ્રતિ બેરલ પડી હતી જે ગયા વર્ષના સપ્ટેમ્બરમાં ૬૯.૬૧ ડોલર રહી હતી.

**નીચા વોલ્યુમે પણ આયાત બિલ ઊંચુ**

એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળાનું આયાત બિલ ૪૬.૪૦ ટકા વધી ૯૦.૬૦ અબજ ડોલર રહ્યું છે.

ભારતની આયાતમાં ક્રુડ તેલ ટોચના ક્રમે રહે છે. દેશના માલસામાનના એકંદર આયાત બિલમાં ક્રુડનો હિસ્સો વીસ ટકા જેટલો રહે છે. વર્તમાન કટોકટીને ધ્યાનમાં રાખી ભારતે ઊંચા ભાવે પણ તેલ ખરીદવાનું ચાલુ રાખ્યુ છે જેથી ઘરઆંગણે ઉપલબ્ધતા જળવાઈ રહે.

હોર્મુઝ ખાડી મારફત અવરજવર કરતા જહાજોના ટ્રાફિકમાં પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે ખલેલ પડતા તાજેતરના સમયમાં ક્રુડ તેલના ભાવમાં ફરી ઉછાળો આવ્યો છે. સપ્ટેમ્બરમાં પણ રશિયા ભારતનું ક્રુડ તેલનું મોટું પૂરવઠેદાર જળવાઈ રહ્યું હતું.

# ખાનગી ક્ષેત્ર દ્વારા મૂડીખર્ચની યોજનામાં એક વર્ષમાં ૩૯% વધારો

મુંબઈ, તા. ૨૨

ભારતમાં ખાનગી ક્ષેત્ર દ્વારા આયોજિત ઈન્વેસ્ટમેન્ટસનો આંક સપ્ટેમ્બરમાં રૂપિયા ૯૯.૭૦ લાખ કરોડ પર પહોંચ્યો છે. છેલ્લા એક વર્ષમાં આયોજિત મૂડીખર્ચમાં ૩૯ ટકા વધારો થયાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું.

પ્રોજેકટસ ખર્ચમાં વધારો થયો છે તે પ્રમાણે પ્રોજેકટસની સંખ્યા વધી નથી જે સામે રિપોર્ટમાં ચિંતા વ્યકત કરવામાં આવી છે.

છેલ્લા બે વર્ષમાં મૂડીખર્ચની યોજનામાં ૮૭ ટકા વધારો થયો છે પરંતુ પ્રોજેકટસની સંખ્યા ૧૮ ટકા જ વધી છે.

પ્રોજેકટ ખર્ચમાં થયેલા વધારામાં સૌથી મોટો ફાળો આઈટી-એનેબલ્ડ સર્વિસીઝ તથા પરંપરાગત વીજ ક્ષેત્રનો રહ્યો છે. પ્રોજેકટ ખર્ચમાં થયેલા નેટ વધારામાં ૮૭ ટકા હિસ્સો આ બે ક્ષેત્રનો રહ્યો હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

આઈટી-એનેબલ્ડ સર્વિસીઝના આયોજિત ખર્ચમાં રૂપિયા ૧૬.૮૦ લાખ કરોડનો જ્યારે વીજ પ્રોજેકટ ખર્ચમાં રૂપિયા ૭.૬૦ લાખ કરોડનો ઉમેરો થયાનું નોંધાયું હતું.

# નવી મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સમાં કલેકશનમાં ૬૭ ટકાનો ઘટાડો

અમદાવાદ, તા. ૨૨

**ઓગસ્ટની સરખામણીમાં સપ્ટેમ્બરમાં નવી મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સમાં આશરે ૬૭% ઓછો ઈનફ્લો જોવા મળ્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૬ માટે એમ્ફી ડેટા અનુસાર, ૨૨ નવી ઓપન-એન્ડેડ સ્કીમ્સે ન્યૂ ફંડ ઓફરિંગ્સ (એનએફઓ) દ્વારા ૨,૩૭૨ કરોડ એકત્ર કર્યા હતા.**

## એનએફઓ દ્વારા ૨,૩૭૨ કરોડનું ભંડોળ એકત્ર કરાયું

ઓગસ્ટમાં, ૨૬ સ્કીમ્સે ૭,૧૧૦ કરોડ એકત્ર કર્યા હતા. આનો અર્થ એ થયો કે નવી સ્કીમ્સની સંખ્યામાં આશરે ૧૫%નો ઘટાડો થયો છે, પરંતુ તેમના કલેક્શનમાં વધુ તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે.

બીજી બાજુ, સપ્ટેમ્બરમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડસમાં ચોખ્ખો પ્રવાહ આશરે ૩૧% વધીને ૩૮,૩૦૭ કરોડ થયો. SIPમાં પણ રેકોર્ડ ૩૨,૪૯૦ કરોડનો રેકોર્ડ રોકાણ પ્રવાહ જોવા મળ્યો હતો.

સપ્ટેમ્બરમાં, પાંચ ઈક્વિટી એનએફઓ શરૂ થયા હતા, જેનાથી ૯૯૮ કરોડ એકત્ર થયા હતા. તેની સરખામણીમાં, ઓગસ્ટમાં છ ઈક્વિટી એનએફઓ એ ૩,૦૫૧ કરોડ એકત્ર કર્યા હતા. હાઈબ્રિડ શ્રેણીમાં દર મહિને બે એનએફઓ જોવા મળ્યા, તેમ છતાં, સંગ્રહ ૧,૮૪૮ કરોડથી ઘટીને ૨૮૮ કરોડ થયું હતું.

ડેટ શ્રેણીમાં પણ દર મહિને ત્રણ એનએફઓ જોવા મળ્યા, પરંતુ એકત્રિત રકમ ૧,૬૪૭ કરોડથી ઘટીને ૨૬૬ કરોડ થઈ ગઈ હતી. ઈન્ડેક્સ ફંડ્સ માટે ચિત્ર અલગ હતું. એનએફઓ ની સંખ્યા ચારથી વધીને છ થઈ ગઈ, અને રોકાણ રૂ. ૩૫૫ કરોડથી વધીને રૂ. ૬૬૯ કરોડ થયો. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે તમામ પ્રકારની નવી યોજનાઓમાં ઘટાડો એકસમાન નહોતો.

જૂના ફંડ્સ તેમના ભૂતકાળના પ્રદર્શન અને રોકાણ વ્યૂહરચનાના આધારે નિર્ણય લેવાનું સરળ બનાવે છે. તેથી, કેટલાક રોકાણકારો નવી યોજનાઓ પસંદ કરવાને બદલે તેમના હાલના ફંડ્સમાં રોકાણ કરવાનું ચાલુ રાખી શકે છે. રોકાણકારો તેમની વ્યૂહરચના અને સમય જતાં જૂના ફંડ્સમાં કેવું પ્રદર્શન કર્યું છે તે જોઈ શકે છે.ઓગસ્ટમાં, દરેક એનએફઓ એ સરેરાશ આશરે રૂ. ૨૭૩ કરોડ એકત્ર કર્યા હતા, જ્યારે સપ્ટેમ્બરમાં, આ રકમ આશરે ૧૦૮ કરોડ હતી. આનો અર્થ એ છે કે દરેક યોજના દીઠ સરેરાશ સંગ્રહમાં પણ આશરે ૬૧% ઘટાડો થયો હતો.

### ઓગસ્ટ અંતે NBFCની બાકી લોન ૬૯% વધીને રૂ. ૩.૬૫ લાખ કરોડ

# NBFC દ્વારા ગોલ્ડ લોનમાં દબાણના સંકેતો

અમદાવાદ, તા. ૨૨

ભારતનું ઝડપથી વિકસતું ગોલ્ડ લોન બજાર દબાણના પ્રારંભિક સંકેતો દર્શાવી રહ્યું છે. ગોલ્ડ લોન ક્ષેત્રની આગેવાન કંપનીઓ દ્વારા પુનઃચુકવણીમાં વિલંબ (ડિફોલ્ટ) તેમજ અન્ય નાણાકીય સંસ્થાઓ પાસેથી લીધેલી લોન પર પહેલેથી ૯૦ દિવસથી વધુ બાકી ધરાવતા ગ્રાહકોને ગોલ્ડ લોન અપાઈ રહી હોવા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

ગિરવે મૂકેલા સોનાના દાગીનાની સલામતીથી આકર્ષાઈને બેંકો અને નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (એનબીએફસી) પોતાના ગોલ્ડ લોન પોર્ટફોલિયોનો આક્રમક રીતે વિસ્તાર કરી રહી હોવાથી આ ચિંતાઓ ઊભી થઈ છે. પરંતુ ધિરાણકર્તાઓ અને વિશ્લેષકો ચેતવણી આપી રહ્યા છે કે જો લોનધારકો પોતાની નાણાકીય સ્થિતિ સુધારવાને બદલે જૂની લોનની



ચૂકવણી કરવા માટે નવી લોન લઈ રહ્યા હોય, તો ગિરવે મુકાયેલી અસ્કયામત મર્યાદિત સુરક્ષા જ આપી શકે છે.

ગોલ્ડ લોન ક્ષેત્રની એનબીએફસીના સુત્રોના જણાવ્યા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સમગ્ર ઉદ્યોગમાં આપવામાં આવેલી કુલ ગોલ્ડ લોનમાંથી ૧૫થી ૨૩ ટકા લોન એવા ગ્રાહકોને આપવામાં આવી હતી, જેમના ખાતામાં અન્ય ઓછામાં ઓછી એક લોન પર ૯૦ દિવસથી વધુ સમયથી બાકી રકમ ચાલી રહી હતી. તેમણે આ પ્રકારની લોનની કુલ કિંમત આશરે રૂ. ૪.૭ લાખ કરોડ હોવાનો અંદાજ લગાવ્યો હતો.

રિઝર્વ બેંકના આંકડા દર્શાવે છે કે ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં દાગીના સામે એનબીએફસીની બાકી લોન વાર્ષિક ધોરણે ૬૯.૧% વધીને રૂ. ૩.૬૫ લાખ કરોડ થઈ હતી; જ્યારે બેંકોની લોન ૮૩.૨% વધીને રૂ. ૫.૫૯ લાખ કરોડ થઈ હતી. એવો અંદાજ છે કે FY૨૬માં વહેંચાયેલી ગોલ્ડ લોનમાંથી ૧૫-૨૩% એવા ગ્રાહકો પાસે ગઈ જેમના અન્ય લોન ખાતા ૯૦ દિવસથી વધુ સમયથી ઓવરડ્યુ હતા.

દેવાની પુનઃચુકવણી માટે સંઘર્ષ કરી રહેલા ઉધાર લેનારાઓ, પોતાની આવક કે નાણાકીય સ્થિતિ સુધાર્યા વિના માત્ર જૂની લોન ભરવા માટે અન્ય સંસ્થા પાસે સોનું ગિરવે મૂકી રહ્યા હોઈ શકે છે. હોમ લોન પછી ગોલ્ડ લોન ભારતની બીજી સૌથી મોટી રિટેલ લેન્ડિંગ કેટેગરી બની ગઈ છે, જે નોન-હાઉસિંગ રિટેલ લોન બુકમાં લગભગ ૨૮ ટકા હિસ્સો ધરાવે છે.

ધિરાણકર્તાઓએ સોના દ્વારા મળતી સુરક્ષાથી આગળ વધીને લોન લેનારની પુનઃચુકવણી ક્ષમતાનું મૂલ્યાંકન કરવાની જરૂર છે. જોકે ગિરવે મુકાયેલું સોનું ધિરાણકર્તાઓને તેમની બાકી રકમ વસૂલવામાં મદદ કરી શકે છે, પરંતુ તે ગ્રાહકો પર સતત વધી રહેલા દેવાના જોખમને દૂર કરતું નથી.

બેંકો અને એનબીએફસી જે ઝડપે ગોલ્ડ લોન વિસ્તારી રહ્યા છે તે જોતાં આ બાબતો અત્યંત મહત્વપૂર્ણ છે. આરબીઆઈના ડેટા મુજબ, ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં બેંકોની ગોલ્ડ લોન વાર્ષિક ધોરણે ૮૩ ટકા વધીને આશરે રૂ. ૫.૬ લાખ કરોડ થઈ હતી, જ્યારે એનબીએફસીની લોન ૬૯ ટકા વધીને આશરે રૂ. ૩.૬ લાખ કરોડ થઈ હતી.

**ગોલ્ડ લોન ક્ષેત્રે ઝડપી વૃદ્ધિ**

| વર્ષ | ગોલ્ડ લોન બાકી રકમ | કન્ઝમ્પશન લોનના % |
|---|---|---|
| FY૨૪ | ૯.૬ | ૧૦.૬% |
| FY૨૫ | ૧૨.૪ | ૧૨.૦% |
| FY૨૬ | ૧૮.૬ | ૧૫.૭% |
| Q૧FY૨૭ | ૨૧.૭ | ૧૭.૬% |

(રકમના આંકડા રૂ. લાખ કરોડમાં)

## હોમ લોન પછી ગોલ્ડ લોન ભારતની બીજી સૌથી મોટી રિટેલ લેન્ડિંગ કેટેગરી બની, જે નોન-હાઉસિંગ રિટેલ લોન બુકમાં લગભગ ૨૮ ટકા હિસ્સો ધરાવે છે

# દિવેલ તથા હાજર એરંડા ફરી ઉંચકાયા ખાદ્યતેલોમાં પ્રવર્તતી બેતરફી વધઘટ

મુંબઈ,ગુરૂવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે વિવિધ દેશી તથા આયાતી ખાદ્યતેલોના ભાવ બેતરફી વધઘટ વચ્ચે ફરતા રહ્યા હતા. નવા વેપાર ધીમા હતા. દિવાળી પૂર્વે આગળ ઉપર હવે માંગ કેવી નિકળે છે તેના પર બજારની નજર રહી હતી. દરમિયાન, વિશ્વ બજારમાં મલેશિયા ખાતે આજે પામતેલ વાયદાના ભાવ ૨૬ પોઈન્ટ પ્લસમાં રહ્યા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ફરી ઉંચકાતાં વૈશ્વિક ખાદ્યતેલોના ભાવ પર તેની પોઝીટીવ ઈમ્પેક્ટ દેખાઈ હતી. મુંબઈ હાજર બજારમાં આજે દિવેલના ભાવ ૧૦ કિલોદીઠ આંચકા પચાવી ફરી રૂ.૧૨ ઉછળતાં હાજર એરંડાના ભાવ ક્વિ.ના ફરી રૂ.૬૦ ઉછળ્યા હતા. મુંબઈ ખોળ બજારમાં ટનના ભાવ એરંડા ખોળના રૂ.૪૦૦ વધ્યા હતા જ્યારે સોયાતેલના ભાવ ટનના રૂ.૨૦૦૦ તૂટ્યા હતા. જો કે અન્ય ખોળો શાંત હતા.

દરમિયાન,મલેશિયામાં નવેમ્બર પામતેલ વાયદાના ભાવ આજે ૨૯ પોઈન્ટ તથા ડિસેમ્બરના ભાવ ૩૫ પોઈન્ટ પ્લસમાં રહ્યા હતા. ઘરઆંગણે આજે મસ્ટર્ડ-સરસવની આવકો રાજસ્થાનમાં ૭૫ હજાર ગુણી તથા ગુજરાતમાં ૧૦ હજાર, મધ્ય પ્રદેશમાં ૨૫ હજાર, ઉત્તર પ્રદેશમાં ૪૦ હજાર, હરિયાણા-પંજાબમાં ૨૦ હજાર તથા ઓલ ઈન્ડિયા આવકો ૨ લાખ ગુણી આવી હતી. જયપુર ખાતે સરસવ-મસ્ટર્ડ તેલના ભાવ ૧૭૬૫થી ૧૭૮૫ રહ્યા હતા. મુંદ્રા-હઝીરા ખાતે વિવિધ ડિલીવરીના ભાવ આયાતી પામતેલના રૂ.૧૪૧૫થી ૧૪૩૦ તથા સોયાતેલના ભાવ રૂ.૧૪૩૫થી ૧૪૭૦ સુધી છેક ડિસેમ્બર સુધીની ડિલીવરીના ભાવ રહ્યા હતા.

**સરસવની બે લાખ ગુણી આવકો**

## ટ્રમ્પ ૬૫ અબજ બેરલનો આંકડો ક્યાંથી લાવ્યા તેવો પણ સવાલ, અમેરિકાની ક્રૂડ રિઝર્વના આંકડાને વેનેઝુએલાનો આંકડો ગણાવ્યાની સંભાવના

### વેનેઝુએલાનું

(૨૧મા પાનાનું ચાલુ)

વેનેઝુએલાની ભ્રષ્ટ સરકારોએ એટલી સીફતતાથી આ જૂઠાણુ ચલાવ્યું કે મધ્યપૂર્વના દેશો તો ઠીક પણ અમેરિકા જેવી મહાસત્તા પણ તેમના આ જૂઠાણામાં ફસાઈ ગઈ. અમેરિકાના હ્યુસ્ટનમાં રહેતા વેનેઝુએલાના પૂર્વ એનર્જી ઓફિસર ઈવાનન રોમેરોનું કહેવું છે કે વેનેઝુએલા પાસે તે બતાવે છે તેટલું ક્રૂડ છે જ નહી. તેની પાસે માંડ ૬૦ અબજથી ૧૨૦ અબજ બેરલ વચ્ચેની ક્રૂડ ઓઈલ અનામતો હોઈ શકે છે, તેનાથી વધારે નહીં.

જો કે નિષ્ણાતોને આ આંકડા સામે પણ સંશય છે. તેઓનું માનવું છે કે આ આંકડો પણ સાચો ન હોઈ શકે. જ્યારે અમુક નિષ્ણાતોએ તો ટ્રમ્પ તંત્ર ૬૫ અબજ બેરલનો આંકડો ક્યાંથી ઉઠાવી લાવ્યુ તેની સામે પણ સવાલ ઉઠાવ્યો છે. આ અંગે એક નિષ્ણાતનું માનવું છે કે વાસ્તવમાં અમેરિકાની પોતાની ક્રૂડ ઓઈલ રિઝર્વ ૬૫ અબજ બેરલ હોય તેવી પૂરેપૂરી સંભાવના છે. ટ્રમ્પ તંત્ર તેનો જ આંકડો વેનેઝુએલાના ક્રૂડ ઓઈલમાં ગણાવતું ન હોય. આમ વેનેઝુએલાનું ક્રૂડ ઓઈલ ફક્ત ક્રૂડ ઓઈલ ન રહેતા કાગળ પરની આંકડાકીય રમત બની ગઈ છે.

પહેલા વેનેઝુએલાની સરકારે આખા વિશ્વને ખોટા આંકડા આપ્યા, હવે ટ્રમ્પ તંત્ર વેનેઝુએલાના ક્રૂડને લઈને સતત ખોટો પ્રચાર કરે છે, જેથી તેમણે વેનેઝુએલામાં કરેલી મૂર્ખામી ઢંકાઈ જાય. તેમા પણ ટ્રમ્પ તંત્ર પાસે જે પણ ક્રૂડ ઓઈલના કૂવા છે તે ક્યાં તો ખતમ થવા આવ્યા છે, કેટલાક ખતમ થઈ ગયા છે અને કેટલાક ખતમ થવાની નજીક છે.

કોલંબિયા યુનિ.ના રિસર્ચર પેલેસિયોસનું કહેવું છે કે જો વેનેઝુએલાની ક્રૂડ ઓઈલ રિઝર્વ ઓછામાં ઓછી ૬૫ અબજ બેરલ હોય અને ૨૦ ટકા રિકવરી રેટ ગણીએ તો ૧૨.૮ અબજ બેરલ થાય. જ્યારે બીજા એક નિષ્ણાત તો તેમા પણ પાંચ ટકા રિકવરી રેટ લેખે ૩.૨ અબજ બેરલ જ ક્રૂડ મળે તેમ માને છે.

## પહેલાથી જ બેડ બોયની છબી બનાવાઈ : કોર્ટ, છ FIR થઈ હોય તે 'નિર્દોષ' ના કહેવાય : સરકાર

### જ્ઞાનેશ સામેના

(૨૧મા પાનાનું ચાલુ)

કર્યો છે. હાઈકોર્ટમાં નેહાના વકીલ ગોપાલ શંકરનારાયણને કહ્યું કે, સમય સાથે દેશમાં અનેક મુદ્દાઓ પર કેટલાક વિરોધ પ્રદર્શન થયા છે અને લોકતંત્રમાં એ પણ જરૂરી છે કે તમે સરકારના કામનો વિરોધ કરી શકો અને આ જ આપણને સ્વસ્થ લોકતંત્ર બનાવે છે. નેહા બોરાએ ક્યારેય પણ મંચ પર હિંસા માટે ઉશ્કેરણી કરી નથી. સુનાવણી સમયે હાઈકોર્ટના જજે કહ્યું કે, નેહા બોરાની પહેલાથી જ 'બેડ બોય'ની છબી બનાવી દેવાઈ છે, હવે તેને સારા વર્તનનું વચન આપવા કહેવાય છે. આ સમયે સરકાર તરફથી એએસજી ચેતન શર્માએ કહ્યું કે, છ એફઆઈઆરનો સામનો કરી રહેલી વ્યક્તિ 'દૂધની ધોયેલી' કેવી રીતે માની શકાય. હાઈકોર્ટમાં આ કેસની સુનાવણી પૂર થઈ ગઈ અને કોર્ટે ચુકાદો અનામત રાખ્યો છે.

દરમિયાન કેન્દ્ર સરકાર વિરુદ્ધ દિલ્હીમાં સતત વિરોધ પ્રદર્શન કરી પોલીસ અને લોકોને મુશ્કેલીમાં નાખવા મુદ્દે કોકરોચ જનતા પાર્ટીના સહસંયોજક સૌરવ દાસ અને આશુતોષ રાંકાની મુશ્કેલીઓ વધી રહી છે. સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટે સૌરવ દાસ અને આશુતોષ રાંકાની સાથે તેમને જામીન આપનારા બે જમાનતીઓને શુક્રવારે કોર્ટમાં હાજર થવા જણાવ્યું છે. દિલ્હીમાં દાસ અને રાંકાના જામીન થવા કોઈ તૈયાર થયું નહીં. સૌરવ દાસ માટે ગાઝિયાબાદના રહેવાસી પ્રોફેસર અને રાંકા માટે તેની પત્ની જામીન બન્યા હતા. બીજીબાજુ રાંકા અને દાસ બુધવારે જામીન પર બહાર આવતા જ ક્રાઈમ બ્રાન્ચે પોતાના કેસમાં તપાસ માટે બંનેને નોટિસ પકડાવી દીધી હતી. આમ, જામીન પર છૂટ્યા પછી પણ બંનેની મુશ્કેલી વધી છે.

### જરાંગને દબાવવા

(૨૧મા પાનાનું ચાલુ)

જાલના જિલ્લાના અંબાડ તાલુકાના અંકુશનગર ખાતે પત્રકાર પરિષદમાં જરાંગેએ કથિત ઓડિયો ક્લિપ વગાડીને સમગ્ર મામલાની તપાસની માગ કરી હતી.

જરાંગે દ્વારા રજૂ કરાયેલી કથિત વાતચીતમાં એક વ્યક્તિ શ્રીકાંત શિંદે મારફતે રૂ. ૫૦૦ કરોડ જરાંગે સુધી પહોંચાડવામાં આવ્યા હોવાનો દાવો કરે છે તેવું દર્શાવાયું હોવાનું કહેવાય છે. વાતચીતના અન્ય ભાગોમાં વિધાનસભાની ચૂંટણીમાં જરાંગેનો પ્રભાવ રાજકીય રીતે કેટલો અસરકારક બની શકે, તેની ચર્ચા થતી હોવાનો દાવો છે.

ક્લિપમાં મરાઠવાડામાં જરાંગેના વધતા પ્રભાવનો સામનો કરવાની વ્યૂહરચના, મરાઠા અનામત, ખેડૂતોના પ્રશ્નો અને લોનમાફી જેવા મુદ્દાઓની પણ ચર્ચા સંભળાતી હોવાનો દાવો કરાયો છે. જરાંગે મરાઠા સમાજને ભાજપ મરાઠા વિરોધી હોવાની ગણાવી રહ્યા છે અને તેના રાજકીય પરિણામોનો સામનો કેવી રીતે કરવો, તે અંગે પણ વાતચીત હોવાનો દાવો છે. જોકે, ક્લિપમાં સંભળાતા અવાજોની ઓળખ અને વાતચીતની સત્યતાની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

જરાંગેએ આરોપ લગાવ્યો હતો કે છેલ્લા ત્રણ વર્ષથી તેમને બદનામ કરવા અને તેમના આંદોલનને નબળું પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પાસે કથિત કાવતરાની સંપૂર્ણ તપાસ કરાવવાની માગ કરી હતી.

જરાંગેના જણાવ્યા અનુસાર, આ મામલાના તેત અંગે તેમની પાસે માહિતી છે અને સત્ય બહાર લાવવાની જવાબદારી સરકારની છે. તેમણે ચેતવણી આપી હતી કે જો ફડણવીસ ક્લિપની તપાસ નહીં કરાવે તો સરકારની ભૂમિકા અંગે પણ સવાલો ઊભા થશે.

જરાંગેએ શરદ પવાર અને દિવંગત અજિત પવારને મરાઠા સમાજના નેતાઓ તરીકે માન આપતા હોવાનું જણાવ્યું હતું. એકનાથ શિંદે પણ મરાઠા સમાજના હિતોનું પ્રતિનિધિત્વ કરે છે એવી તેમની માન્યતા હતી, પરંતુ હાલના આક્ષેપો દ્વારા તેમણે શિંદે પર સમાજના વિશ્વાસને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવ્યો છે.

### ટાઈગર પર

(૨૧મા પાનાનું ચાલુ)

રોકાયા હતા. તેઓ એકલા રહેતા હતા અને સામાન્ય રીતે બહાર જમવા જતા હતા. અંધેરી પૂર્વના ચકાલા વિસ્તારમાં આવેલી હોટલમાંથી ત્રણ આરોપી બહાર ગયા હતા. જુહુના એક ફૂટબોલ ગ્રાઉન્ડ તરફ આરોપીઓ ગયા હતા.જ્યાં તે જ દિવસે સાંજે લગભગ ગોળીબાર થયો હતો.

હોટલનો રૂમ અંકિત અને મનદીપ નૈન નામથી બુક કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે. જોકે આ બે આરોપીઓની ઓળખ કથિત રીતે શૂટર ફૂલ સિંહ અને રેહાન તરીકે થઈ હતી. આરોપીઓ જે હોટલમાં રોકાયા હતા તે જુહૂમાં ફાયરિંગ થયું ત્યાથી લગભગ આઠ કિલોમીટર દૂર આવેલી છે.

પોલીસ આરોપીઓની હિલચાલ અને ગોળીબાર માટે ઉપયોગમાં લેવાયેલા શ ોને લઈ જવાની તપાસ કરી રહ્યા છે ત્યારે આ ફૂટેજ બહાર આવ્યું છે.હુમલામાં ઉપયોગમાં લેવાયેલા શ ો હજુ સુધી મળી આવ્યા નથી.આરોપીઓએ ગુનાના સંદર્ભમાં ઉપયોગમાં લેવાયેલા મોબાઈલ ફોનનો નાશ કર્યો હતો. આ મોબાઈલ ફોનનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે જાણવા અને ઘટનાઓનો ક્રમ નક્કી કરવામાં મદદ કરી શકે એવા પુરાવા મેળવવા માટે પોલીસે વધુ તપાસ આદરી છે. પોલીસ કથિત શ ો સપ્લાય ચેન, ગોળીબાર પહેલા આરોપીઓની હિલચાલ અને હુમલા માટે કરવામાં આવેલી તૈયારીઓની તપાસ કરી રહી છે.

શંકાસ્પદો હુમલાના સ્થળે કેવી રીતે પહોંચ્યા તે જાણવા માટે પોલીસ ઘટનાઓના ક્રમનું વિશ્લેષણ કરી રહી છે.

મુંબઈ પોલીસે આરોપ લગાવ્યો છે કે આ હુમલો અનિલ પંડિતના ઈશારે કરવામાં આવ્યો હતો.જેની ઓળખ પોલીસે લોરેન્સ બિશ્નોઈ ગેંગના સભ્ય તરીકે કરી છે. આ કેસની તપાસ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના એન્ટી-એક્સટોર્શન સેલ દ્વારા કરવામાં આવી રહી છે.

### અમેરિકામાં

(૨૧મા પાનાનું ચાલુ)

હેઠળ કોર્ટે દંડ ફટકાર્યો છે. આ ચુકાદા પછી ન્યૂ મેક્સિકોની કોર્ટના એટર્નીએ જણાવ્યું હતું કે અમેરિકાની ઈતિહાસમાં કોઈ ટેકનોલોજી કંપની પર આટલી મોટી રકમનો દંડ થયો હોય એવું પહેલી વખત બન્યું છે. આ ઉદાહરણરૂપ ચુકાદો બની રહેશે. તેનાથી અમેરિકાની ટેકનોલોજી કંપનીઓને સ્પષ્ટ મેસેજ જશે કે કંપનીઓએ જવાબદારીપૂર્વક વર્તન કરવું પડશે અને યુઝર્સની પ્રાઈવસીને મહત્ત્વ આપવું પડશે. મેટાએ આ ચુકાદા સામે ઉપલી કોર્ટમાં અપીલ કરવાનો સંકેત આપ્યો છે.

## અનિલ પંડિતના કહેવાથી કુણાલ અને સુમિતે પિસ્તોલની વ્યવસ્થા કરી

## ટાઈગર ફાયરિંગ કેસમાં ગેંગસ્ટર અનિલ પંડિત વોન્ટેડ આરોપી

મુંબઈ,તા. ૨૨

બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફ પર ગોળીબારની જવાબદારી સ્વીકારનાર ગેંગસ્ટર અનિલ પંડિતને આ કેસમાં વોન્ટેડ આરોપી તરીકે દર્શાવાયો છે, પોલીસે ગુરુવારે કોર્ટને જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા ચાર આરોપીઓને ૨૬ ઓક્ટોબર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.

લોરેન્સ બિશ્નોઈ ગેંગના સભ્ય પંડિત તેણે સોશિયલ મીડિયા પોસ્ટમાં ૧૮ ઓક્ટોબરના રોજ શ્રોફ પર થયેલા હુમલાની જવાબદારી સ્વીકારી હતી.

મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ગુરુવારે હરિયાણાના સોનીપત જિલ્લાના રહેવાસી કુણાલ (૨૧) અને સુમિત (૧૯) અને ઉત્તર પ્રદેશની રહેવાસી રાધા (૨૩) અને બબીતા (૨૩)ને એસ્પ્લેનેડ મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કર્યા હતા.

પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે શ્રોફ પર ગોળીબાર પંડિતના નિર્દેશ પર કરવામાં આવ્યો હતો અને તેમને આ કેસમાં વોન્ટેડ આરોપી તરીકે નામ આપવામાં આવ્યું છે.

તપાસકર્તાઓએ ધરપકડ કરાયેલા ચાર આરોપીઓની પોલીસ કસ્ટડી માંગી હતી અને જણાવ્યું હતું કે તેઓએ કેસમાં અગાઉ પકડાયેલા લોકો સાથે કાવતરામાં સક્રિયપણે ભાગ લીધો હતો. પોલીસે જણાવ્યું કે, આ ચારેય આરોપીઓએ ગોળીબાર કરનારાઓને હથિયારો પૂરા પાડ્યા હતા.

પોલીસે જણાવ્યું હતું કે અનિલ પંડિતના નિર્દેશ પર કુણાલ અને સુમિતે અમૃતસરથી એક પિસ્તોલ અને ૨૦ રાઉન્ડ મેળવ્યા હતા, જ્યારે રાધા અને બબીતા મુંબઈ ગયા હતા અને અન્ય કાવતરાખોરોને હથિયાર સોંપી દીધા હતા. બચાવ પક્ષના વકીલોએ દલીલ કરી કે આ ચાર આરોપીઓ સામે કોઈ પુરાવા નથી અને તેમની માત્ર શંકાના આધારે ધરપકડ કરવામાં આવી છે.

બંને પક્ષોને સાંભળ્યા બાદ, કોર્ટે ચારેય આરોપીઓને ૨૬ ઓક્ટોબર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલ્યા હતા.

૧૮ ઓક્ટોબરની સાંજે મુંબઈના જુહુ વિસ્તારમાં ઓછામાં ઓછા બે માણસોએ ટાઈગર શ્રોફની કાર પર ગોળીબાર કર્યો હતો અને પછી મોટરસાઈકલ પર ભાગી ગયા હતા. અભિનેતાને કોઈ ઈજા થઈ ન હતી, જ્યારે તેનો ડ્રાઈવર અને એક રાહદારી ઘાયલ થયા હતા.

## દિલ્હીથી મુંબઈ પિસ્તોલ લાવનારી રાધા અને બબીતા સહિત ચારને ૨૬મી ઓક્ટોબર સુધીના રિમાન્ડ

## ટાઈગર પર ગોળીબાર પહેલાં શૂટર્સને એક લાખ એડવાન્સ અપાયા હતા

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા. ૨૨

ટાઈગર શ્રોફની કાર પર ગોળીબારની ઘટનામાં મુંબઈ પોલીસની તપાસમાં વેગ આવ્યો છે. આ કેસમાં તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓને જુદાજુદા તબક્કામાં એક લાખ રૂપિયાનું એડવાન્સ પેમેન્ટ મોકલવામાં આવ્યું હતું. પોલીસ તપાસ કરી રહી છે કે આ રકમની વ્યવસ્થતા કોણે કરી , કોને પૈસા આપવામાં આવ્યા અને આ કાવતરામાં બીજું કોણ સામેલ છે. આ કેસમાં તપાસનું કેન્દ્ર ફક્ત ગોળીબાર કરનાર શૂટર સુધી મર્યાદિત નથી.

તેને કોણે હથિયારો પૂરા પાડ્યા, મુંબઈમાં તેના રહેવાની વ્યવસ્થા કોણે કરી અને હુમલા માટે પૈસા કોણે આપ્યા જેવા સવાલોનો જવાબ મેળવવા તપાસ ચાલી રહી છે.

તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓને શૂટિંગના પ્લોટ માટે એક લાખ રૂપિયા અગાઉથી આપવામાં આવ્યા હતા.

એવું કહેવામાં આવી રહ્યું છે કે આ રકમ એકસાથે ચૂકવવામાં આવી ન હતી પરંતુ અનેક નાના હપ્તાઓમાં મોકલવામાં આવી હતી. આથી પોલીસ સંબંધિત નાણાકીય વ્યવહારો પર નજર રાખી રહી છે. પૈસા કયા ખાતાઓ અથવા ચેનલો દ્વારા મોકલવામાં આવ્યા હતા, તેનો મૂળ ાેત અને દરેક આરોપીને કેટલી રકમ મળી હતી તેની માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે.

આ નાણાકીય વ્યવહારોના આધારે શક્ય છે કે હુમલાનું કાવતરું કરનારા અને તેના માટે ભંડોળ પૂરું પાડનારા લોકોની માહિતી મળી શકે છે.

### દિલ્હીની વાત

(૨૧મા પાનાનું ચાલુ)

આ પોસ્ટ વધુ પડતી નાટકીય લાગે છે. બીજી તરફ ડર્યા વગર આંદોલન કરવાની વાતો કરનાર સૌરવ અને આશુતોષે કોર્ટમાં વચન આપ્યુ છે કે તેઓ શાંતિનો ભંગ કરશે નહીં અને ન્યાયપાલિકા અને ન્યાયતંત્ર પર એમને સંપૂર્ણ ભરોસો છે. તેઓ જંતર મંતર પર હવે કોઈ વિરોધ પ્રદર્શન કરશે નહીં.

**ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શગુન પરિહાર કોણ છે**

ભાજપે સંગઠનમાં કરેલી નવી નિમણૂક હેઠળ જમ્મુ-કાશ્મીરના ધારાસભ્ય શગુન પરિહારને પક્ષના યુવા વિંગ ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ નિમ્યા છે. શગુન પરિહારને લાગે છે કે મા ભગવતીના આશિર્વાદને કારણે એમને આ હોદ્દો મળ્યો છે. શગુન પરિહારે ખાસ કરીને ગૃહ મંત્રી અમિત શાહ અને બી એલ સંતોષનો આભાર માન્યો હતો. જે સ્વાભાવિક છે. શગુન પરિહાર કિશ્તવાડ વિધાનસભાની બેઠકનું પ્રતિનિધિત્વ કરે છે અને જમ્મુ-કાશ્મીરમાં ભાજપનો સૌથી જાણીતો યુવા ચહેરો છે. તેઓ દિવંગત આરએસએસ નેતા અજીત પરિહારના પુત્રી છે. કિશ્તવાડ વિધાનસભા બેઠક પરથી પહેલી વખત ધારાસભ્ય બનેલા પરિહારની ગણના ભવિષ્યના રાષ્ટ્રીયસ્તરના નેતા તરીકેની થાય છે. ભાજપે પરિહાર સિવાય રાષ્ટ્રીયસ્તરના બીજા કેટલાક હોદ્દાઓ પર પણ નિમણૂક કરી છે. રાષ્ટ્રીય મહામંત્રી, રાષ્ટ્રીય મંત્રી, ખજાનચી, સહખજાનચી, કાર્યાલય પ્રભારી, મીડિયા પ્રભારી અને સોશ્યલ મીડિયા પ્રભારીના પદ પર નિમણૂકો કરી છે. યુવા મોરચા રાષ્ટ્રીય કાર્યકારીણીમાં નિમણૂક પામેલા ૩૪ સભ્યોમાંથી ૫ ઉત્તર પ્રદેશના છે.

**પિતા નારાયણ રાણે જેવી ઈમેજ બનાવવા નીતેશના પ્રયત્નો**

મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી નીતેશ રાણે અને શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના નેતા સંજય રાઉત વચ્ચે શાબ્દિક યુદ્ધ પરાકાષ્ઠાએ છે. બોલવામાં બેફામ સંજય રાઉતના નિવેદનનો જવાબ નીતેશ રાણેએ એમની જ ભાષામાં આપ્યો છે. નીતેશ રાણેએ આરોપ મૂક્યો છે કે, ઉદ્ધવ ઠાકરે દાઉદ ઈબ્રાહીમની ભૂમિકા ભજવી રહ્યા છે. સંજય રાઉતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની સરખામણી ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ સાથે કરી હતી. રાઉતની આ ટીકાનો જવાબ મહારાષ્ટ્ર ભાજપના કોઈ નેતાએ આપ્યો નહોતો. જોકે સમાચારમાં ચમકવા માટે હંમેશા તૈયાર નીતેશ રાણે બોલવામાં એમના પિતા નારાયણ રાણે જેવા જ છે. નીતેશ રાણેએ સંજય રાઉતને ત્વરીત જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે, જે રીતે દાઉદ ઈબ્રાહીમ માફિયાતત્વો, બાંગ્લાદેશી નાગરીકો અને રોહિંગ્યાઓને પ્રોત્સાહન આપતો હતો એવું જ ઉદ્ધવ ઠાકરે પણ કરી રહ્યા છે.

**બિશ્નોઈ જેલમાં હોવા છતાં એની ગેંગ કઈ રીતે ચાલે છે**

સલમાન ખાનથી માંડીને ટાઈગર શ્રોફ ઉપર થયેલા ગોળીબાર માટે લોરેન્સ બિશ્નોઈ જવાબદાર હોવાનું બહાર આવે છે. લોરેન્સ બિશ્નોઈ ઘણા વર્ષોથી અમદાવાદની સાબરમતી જેલમાં કેદ છે. ઘણાને નવાઈ લાગે છે કે જેલમાં રહીને લોરેન્સ બિશ્નોઈ કઈ રીતે એમનું નેટવર્ક ચલાવે છે. જાણવા મળેલી માહિતી પ્રમાણે લોરેન્સ બિશ્નોઈ ગેંગના સાથીદારોની 'શેડો કેબિનેટ' વિદેશમાં છે. જેમ એક જમાનામાં દાઉદ ઈબ્રાહીમની ગેંગ કંપની બનાવીને કામ કરતી હતી એ રીતે લોરેન્સના નવા સભ્યોની ભરતી, ગુનાખોરીનું આયોજન, ફંડીંગ તેમજ સ્થાનિક સાગરીતો સાથે સંપર્ક જાળવી રાખવાનું કામ કરે છે. બિશ્નોઈની આ કેબિનેટમાં ટાઈસન બિશ્નોઈ, અનિલ પંડિત, હરમન સંધુ, હિમાંશુ સોનીપત, હરી બક્ષર છે. નેટવર્કના તમામ સભ્યો એક બીજા સાથે સોશ્યલ મીડિયાથી સંપર્કમાં રહે છે. આ જૂથ કોને ટાર્ગેટ કરવા તેમજ પૈસાની લેવડ-દેવડ કઈ રીતે કરવી એ કામગીરી પણ સંભાળે છે. ગેંગસ્ટર ગોલ્ડી ધિલ્લોન પણ આ નેટવર્કનો ભાગ હતો. જોકે અમેરિકાની જાસુસી એજન્સી એફબીઆઈએ કડકાઈથી કામગીરી શરૂ કરતા તે હમણા અજ્ઞાત સ્થળે જઈ રહ્યો છે.

**રેજીમ ચેંજની માંગણી બાબતે આંદોલનકારીઓમાં તડ**

કોકરોચ જનતા પાર્ટીની પ્રેસ કોન્ફરન્સમાં સિનિયર એડવોકેટ પ્રશાંત ભૂષણએ સત્તાપલટો એટલે કે રેજીમ ચેંજની વાત કરી હતી. ભૂષણના આ નિવેદન પછી સરકારને કહેવાનું કારણ મળી ગયું હતું કે, જો અમે તો પહેલેથી જ કહેતા હતા કે આંદોલનકારીઓને સરકાર બદલવી છે અને બાંગ્લાદેશ તેમજ નેપાળ જેવી અવ્યવસ્થા ઉભી કરવી છે. જોકે પીઢ આંદોલનકારી યોગેન્દ્ર યાદવ પહેલેથી પ્રશાંત ભૂષણની વાત સાથે સંમત નહોતા. એમનું માનવું હતું કે, આંદોલનકારી નેતાઓએ જનતાથી એક ડગલુ આગળ રહીને એમની આગેવાની કરવી જોઈએ અને જનતાનો અવાજ હોય એ પ્રમાણે જ કાર્યવાહી થવી જોઈએ. છેલ્લા કેટલાક દિવસોથી કોકરોચ જનતા પાર્ટીના મંચ પર ૬૫ વર્ષના નેતાઓ વધુ નજર આવે છે. શરૂઆતના દિવસોમાં સીજેપી સાથે સંકળાયેલા યુવા નેતાઓ પણ હવે નાસીપાસ થવા માંડ્યા છે. એમનું માનવું છે કે નેહા બોરા જે રીતે ખુલ્લે આમ બાંગ્લાદેશની પદ્ધતિએ સત્તા બદલવાની વાતો કરે છે એને કારણે આંદોલનને નુકસાન થઈ રહ્યું છે અને આંદોલન-૨ સફળ થઈ શક્યું નથી.

**'રાહુલની વિદેશ યાત્રાના સવાલથી થરૂર ભડક્યા'**

રાહુલ ગાંધી આજકાલ વિદેશ પ્રવાસે છે. કોઈપણ આંદોલનની અધવચ્ચે રાહુલ ગાંધી વારંવાર વિદેશ ચાલ્યા જતા હોવાથી ટીકાકારોને કારણ મળી જાય છે. હમણા પણ સરકાર વિરુદ્ધ થઈ રહેલા દેખાવોની વચ્ચે રાહુલ ગાંધી વિદેશ યાત્રાએ ગયા છે. આ બાબતે પત્રકારોએ જ્યારે કોંગ્રેસના સાંસદ અને સિનિયર નેતા શશી થરૂરને પૂછયું હતું ત્યારે શશી થરૂર અકળાઈ ગયા હતા અને કહ્યું હતું કે, હું કોઈ ટ્રાવેલ એજન્ટ નથી. ભાજપનો આરોપ છે કે, વિરોધ પ્રદર્શનો દરમિયાન જૂઠું બોલી બોલીને થાકી જનાર રાહુલ ગાંધી આરામ કરવા માટે વિદેશ જાય છે. શશી થરૂરને પત્રકારોના સવાલો ગમ્યા નહોતા. થરૂરે કહ્યું હતું કે મને આવા સવાલો પૂછવાનો કોઈ અર્થ નથી. દરેક વ્યક્તિની કોઈ જવાબદારી હોય છે. એ માટે હું આ બાબતે કોઈ ટીપ્પણી કરવા માંગતો નથી. રાજકીય વર્તુળોમાં બધા જાણે જ છે કે, છેલ્લા કેટલાક મહિનાઓથી શશી થરૂર અને રાહુલ ગાંધી વચ્ચે બોલવાનો કોઈ વ્યવહાર નથી. શશી થરૂરની ગણના રાહુલ ગાંધીની નજીકની વ્યક્તિઓમાં થતી નથી.

**અખિલેશ યાદવ જેલમાં જઈને આઝમને મળ્યા**

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ અખિલેશ યાદવ રામપુર જેલમાં પક્ષના સિનિયર નેતા આઝમ ખાનને મળવા માટે ગયા હતા. બંને નેતાઓની મુલાકાતને કારણે રાજકીય વર્તુળમાં ચર્ચા થઈ રહી છે. એક એવી વાત હતી કે, આઝમ ખાન પર આવેલા સંકટ વખતે અખિલેશ યાદવ એમને પડખે ઉભા રહ્યા નહોતા. હવે ઉત્તર પ્રદેશમા વિધાનસભાની ચૂંટણી માથે છે ત્યારે મુસ્લિમ મતોને ધ્યાનમાં રાખીને અખિલેશ યાદવ ફરીથી આઝમ ખાનને પોતાની તરફ કરવા પ્રયત્ન કરી રહ્યા છે. જેલમાં આઝમ ખાનને મળવા ગયા પછી તેઓ બહાર નીકળીને અખિલેશ યાદવના રહેઠાણ પર ગયા હતા. ૨૦૨૫ના ઓક્ટોબર મહિનામાં અખિલેશ યાદવ આઝમ ખાનને મળવા એમના ઘરે ગયા હતા. અખિલેશ યાદવ એવો સંદેશો આપવા માંગે છે કે સમાજવાદી પાર્ટી આઝમ ખાનની સાથે છે.

## નવા સુરક્ષા અપડેટ લાગુ ના થાય ત્યાં સુધી વેબસાઈટ્સને ઓફલાઈન રાખવા સલાહ

### ઈન્ટરનેટ

(૨૧મા પાનાનું ચાલુ)

ચર્ચાનો વિષય બની ગયો. બેંગ્લુરુ સ્થિત ભારતના મોટા સર્ટિફિકેટ ઓથોરિટી ઈમુદ્રા મારફત જારી કરાયેલા ૮ સિક્યોરિટી સર્ટિફિકેટ પાછળની પ્રાઈમરી સિક્યોરિટીમાં ભારે સુરક્ષા ખામી જણાઈ આવી હતી.

આ સાથે દુનિયાની ૭૦ ટકા વેબસાઈટ્સ ચલાવતી પ્રોગ્રામિંગ ભાષા પીએચપીમાં સુરક્ષા સંબંધિત ગંભીર ખામીની જાણ થતાં આ જોખમથી બચવા માટે યુરોપ સહિત અનેક દેશોમાં તકેદારીના ભાગરૂપે સરકારી અને જાહેર વેબસાઈટ્સ ઓફલાઈન કરી દેવાઈ હતી. નેધરલેન્ડમાં રાષ્ટ્રીય સાઈબર સુરક્ષા કેન્દ્ર સિવાય રોટરડેમ પોર્ટ, સરકારી પોર્ટલ, ફિલેન્ડે સરકારી આઈટી સેવા પૂરી પાડતી વાલ્ટોરી, ફ્રાન્સના ગૃહમંત્રાલયે તેની બધી જ વબેસાઈટ્સ, ડેન્માર્કમાં આઈટી કંપની કોમ્બિટે રાષ્ટ્રીય સ્કૂલ સંચાર પ્લેટફોર્મ સહિત અનેક સેવાઓ બંધ કરી દીધી હતી.

સોફ્ટવેર ડેવલપર્સે આ ખામીઓ દૂર કરવા માટે નવા સુરક્ષા અપડેટ જાહેર કર્યા છે અને બધા યુઝર્સે વહેલામાં વહેલા તેને ઈન્સ્ટોલ કરવાની અપીલ કરી છે. બ્રિટન, ઓસ્ટ્રેલિયા, જાપાન તથા યુરોપીયન યુનિયનની સાઈબર સુરક્ષા એજન્સીઓએ પણ પીએચપીનો ઉપયોગ કરતા સુરક્ષા અપડેટ તુરંત લાગુ કરવા અથવા અપડેટ થાય ત્યાં સુધી વેબસાઈટ્સને ઓફલાઈન રાખવાની સલાહ આપી હતી.

ગૂગલ, મોઝિલા, એપલ અને માઈક્રોસોફ્ટ જેવી મોટી કંપનીઓએ તુરંત જ શંકાસ્પદ સર્ટિફિકેટ્સને બ્લોક કરી દીધા, પરંતુ જે રાઉટર્સ, એપ્સ અને જૂની ઈન્ટરનેટ ડિવાઈસીસ આ સુરક્ષા તપાસને બાયપાસ કરે છે તેમાં મોટું જોખમ છે.

મીડિયા રિપોર્ટ મુજબ પીએચપીમાં આ ખામીઓ વર્ષોથી હતી. જોકે, હવે એઆઈની મદદથી પીએચપીના કોડમાં રહેલી ખામીઓ શોધી કઢાઈ હતી. પારંપરિક રીતે આ ખામીઓ શોધવી અને તેનો લાભ ઉઠાવવો ઘણો મુશ્કેલ હતો.

## દુનિયામાં ૧૦ કલાકમાં વેબસાઈટ્સ પર કરોડો સાયબર હુમલા થયા

વોશિંગ્ટન, તા.૨૨

વેબસાઈટ્સની પ્રોગ્રામિંગ ભાષામાં ખામીની વિગતો સામે આવતા જ સાયબર હુમલાખોરો સક્રિય થઈ ગયા હતા તેમ મીડિયા રિપોર્ટ્સમાં જણાવાયું હતું. ક્લાઉડફ્લેરના સીઈઓના જણાવ્યા મુજબ દુનિયામાં માત્ર ૧૦ કલાકમાં અનેક વેબસાઈટ્સ પર કરોડો હુમલા થયા છે. અગાઉ વેબસાઈટ્સ પર હુમલાના પ્રયત્નોની સંખ્યા હજારોમાં હતી જ્યારે પીએચપીમાં ખામીનો ઘટસ્ફોટ થયા પછી તેની સંખ્યા લાખો સુધી પહોંચી ગઈ છે. અનેક દેશોમાં કંપનીઓ અને સરકારી સેવાઓએ તેમની સિસ્ટમની તપાસ અને સિક્યોરિટી અપડેટ્સ માટે ઝડપથી પગલાં લીધા છે. જોકે, કોઈ સિસ્ટમ પર હુમલો કરવાનો પ્રયત્ન કરવો અને તેમાં સફળ થઈને ડેટા ચોરવો બંને અલગ બાબત છે. જોકે, આ ખામીનો લાભ લઈને કોઈ વ્યાપક સફળ સાયબર હુમલો થયો હોવાની પુષ્ટી થઈ શકી નથી.


**જાહેર નોટિસ**

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટ તથા તાલુકા સાણંદ ના મોજે ગામ ગોધાવી ની સીમના બ્લોક/સર્વે નં ૬૯૧/૨ વિગેરેની બિનખેતીની જમીન પર શ્રી નિરલ કોર્પોરેશન ની સ્કીમ આવેલ જે ''તુલીપ વીલેજ'' ના નામથી ઓળખાય છે તેના સબ પ્લોટ નં ૯૧ ની આશરે ૫૦૦ સમ ચો.વાર યાને ૪૧૮.૦૬ ચો.મી. રહેણાંક હેતુની જમીન (૧) રવજીભાઈ દયાળભાઈ પાનસુરીયા (૨) વિષ્ણુભાઈ કાંતીલાલ પટેલ (એચ.યુ.એફ.) ના કર્તા અને મેનેજર તરીકે વિષ્ણુભાઈ કાંતીલાલ પટેલ ની માલીકી, કબજા-ભોગવટાની કોઇ પણ પ્રકારના બોજા રહિતની આવેલ છે, તથા અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરી અમારી પાસે ઉપરોકત જમીનમાં અમો પાસે ટાઇટલ કલીયર સર્ટીફીકેટ માંગેલ છે. તો સદરહુ મિલકતમાં કોઇ પણ બેંક,શખ્સ, વ્યકિત, સંસ્થાનો લાગભાગ, ભરણ-પોષણનો કે અન્ય કોઇ પણ પ્રકારનો હકક હિત હિસ્સો પોષાતો હોય તો નીચેના સરનામે દિન-૭ માં લેખિત પુરાવા સહિત રજી. એડી. થી જાણ કરવી. ત્યારબાદ કોઇનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહિ અને ટાઇટલ કલીયર સર્ટીફીકેટ આપવામાં આવશે તે જાણવું.

તારીખ: ૨૩-૧૦-૨૦૨૬

**મંથન અજીતકુમાર રાવલ**
**(એડવોકેટ અને નોટરી)**
ઓફિસ નં ૬૦૩, શિવાલીક સત્યમેવ, એસ.પી. રીંગ રોડ જંકશન, આંબલી, અમદાવાદ - ૩૮૦૦૫૮
મો - ૯૬૨૪૦ ૮૬૬૪૪

**જાહેર નોટિસ**

ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ- -ડીસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે શેલાની સીમના ખાતા નંબર. ૩૪૯, સર્વે/બ્લોક નંબર. ૪૩૪, હે.આરે.ચો.મી. ૦-૭૦-૮૨ યાને ચોરસમીટર. ૭૦૮૨ ની જુની શરતની ખેતીની જમીન જેનો સમાવેશ ટી.પી. સ્કીમ નંબર. ૧ (શેલા) માં થતા ફાઈનલ પ્લોટ નંબર. ૧૩૪ ની ચોરસમીટર. ૪૨૪૯ ની જુની શરતની ખેતીની જમીન ૧) બળદેવભાઈ હીરાભાઈ, ૨) ભોમાભાઈ ઉર્ફે ભેમાભાઈ હીરાભાઈ, બંન્ને ઠે. શેલા, અમદાવાદનાંએ તેઓની કુલ સ્વતંત્ર માલિકીપણા અને કબજા ભોગવટાની આવેલી છે તેમ જણાવી અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફિકેટની માંગણી કરેલ છે. એ રીતેની ઉપરોકત જમીન ઉપર કોઈનો વેચાણ હક્કોનો, ખેડહક્કોનો, વારસાઈનો, ગણોતનો કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, હીત, સંબંધ, બોજો, ચાર્જ હોય તો તે આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલના લેખિત પુરાવાઓ સહીત રજી. પોસ્ટથી નીચેના સરનામે જાણ કરવી તેમજ પુરાવા સીવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહીં અને તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો નથી અને જો હોય તો તે જતા કર્યા છે તેમ સમજી મજકુર જમીન અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અમો આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

**વિજય પટેલ એન્ડ એસોસીએટસ**
**વિજય પટેલ, જયેશ પટેલ,**
**જયરાજ પટેલ રાધિકા પટેલ,**
**જેનીશા પટેલ એડવોકેટસ,**
૨૦૨, સોલીટેર, સનરાઈઝ પાર્ક, બોડકદેવ, અમદાવાદ,
ફોન નં. ૪૦૦૭૬૦૦૮

**જાહેર નોટિસ**

ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૮ (સોલા) ના તાલુકા-ઘાટલોડીયાના ગામ મોજે લપકામણની સીમના નવા બ્લોક નંબર -૧૫૧ તથા ૧૫૮ (જુનો એકત્રીત બ્લોક નંબર - ૪૫ (બ્લોક નંબર - ૪૫, ૪૬, ૫૦, ૫૧, ૫૬, ૫૭ તથા ૫૯) તથા નવા બ્લોક નંબર - ૧૫૯ (જુનો બ્લોક નંબર - ૫૫ પૈકી) ની જમીન ઉપર ગીરીરાજ એસોસીએશન આવેલ છે. આ યોજનામાં આવેલ ખાનગી સબ પ્લોટ નંબર - ૬૭ ની ૮૪૦ ચોરસમીટર ની બીનખેતીની જમીનના માલિક અને કબજેદાર - દિપીકાબેન બંસીલાલ મોદી ઉર્ફે ચંપાબેન બંસીલાલ મોદી રહેવાસી - ૨૦૪, અભિજ્યોત એપાર્ટમેન્ટ, નેહા પાર્ક સોસાયટી પાસે, જોધપુર ગામ, માણેકબાગ, અમદાવાદ - ૩૮૦૦૧૫ એ તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજા મુક્ત આવેલ હોવાનું જણાવીને સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આ અંગે અમારા અસીલએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ પ્લોટની જમીન ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, લાગભાગ, લીઝ, ગીરો કે બોજો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન-૭ (સાત)માં નીચેના સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે હક્ક દાવા કે અધિકાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલ છે તેમ સમજીને અમો સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી. જેની નોંધ લેવી.

અમદાવાદ. તા. ૨૩-૧૦-૨૦૨૬

**મુકેશ જી.પંડ્યા, એડવોકેટ**
૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.
Offi. : 98258 09777
Mob. : 98259 09777

**જાહેર નોટિસ**

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૯ (બોપલ) તાલુકા ઘાટલોડીયા ના મોજે શીલજની સીમના બ્લોક/સરવે નંબર ૧૪૩૨ ની ૫૩૬૩ ચોરસમીટર જમીન (૧) ભરતભાઈ ડાહ્યાભાઈ ઉંઘાડ (૪૦ પૈસાના હિસ્સેદાર), (૨) અશોકભાઈ ડાહ્યાભાઈ ઉંઘાડ(૩૦ પૈસાના હિસ્સેદાર), (૩) રમેશભાઈ ઝીણાભાઈ રાજપરા (૧૦ પૈસાના હિસ્સેદાર), (૪) ચેતનભાઈ ઝીણાભાઈ રાજપરા (૧૦ પૈસાના હિસ્સેદાર), (૫) વલ્લભભાઈ નાનજીભાઈ પાઘડાળ (૫ પૈસાના હિસ્સેદાર), (૬) હેમાક્ષીબેન ધર્મેશભાઈ પટેલ, પાર્થવ ધર્મેશભાઈ પટેલ તથા નકુલ ધર્મેશભાઈ પટેલ (૫ પૈસાના હિસ્સેદાર) ધરાવે છે. તેઓએ સદરહુ જમીન તેઓની કુલ સ્વતંત્ર સહમાલીકી, પ્રત્યક્ષ સહકબજા ભોગવટાની તેમજ સર્વે પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી ટાઈટલ ચકાસણીની કામગીરી અમોને સોંપેલી છે. સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર, બીલ્ડર, ઓર્ગેનાઈઝર, કોન્ટ્રાક્ટર, પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ, કે ફાઈનાન્સર તરીકે, કે બાનાખતના કરાર, ભાડાચીઠ્ઠી ભાડા કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજુતી કરાર, હુકમનામું કે કોર્ટ કાર્યવાહી હેઠળ, અન્ય કોઈ લખાણ હેઠળ કે કુટુંબના સભ્ય/સહવારસ, સગીર કે અગાઉ ગુજરનારના વારસદાર તરીકે કે મજકુર જમીનોના જુના દસ્તાવેજો-ટાઈટલ ડીડ્સ બાબતે કે રેવન્યુ રેકર્ડમાં થયેલ વખતોવખતના ફેરફારો બાબતે કે બીજી કોઈપણ રીતે સદરહુ જમીનો પર સીધો કે આડકતરો હક્ક, દાવો, કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેના સરનામે કરવી. નહિતર આવા હક્ક, દાવા કે અલાખા પર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય અને જતા (Waive) કરેલા છે તેવું ગણી સદરહુ જમીનોનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.

**મેસર્સ એચ. દેસાઇ એન્ડ કંપની**
**એડવોકેટસ એન્ડ સોલીસીટર્સ,**
૨૦૨, સેકન્ડ ફ્લોર, ટાઈટેનીયમ વન રાજપથ ક્લબની પાસે, એસ. જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૯
ફાઈલ નંબર-172/2026/BJM

**જાહેર નોટિસ**

અમો એડવોકેટ શ્રી મુસ્તુફા બી. બંગાલી તે આથી અમારા અસીલની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, સીટી સરવે વોર્ડ : હાંસલપુર-(શે.)(બીનખેતી), જમીન દફતર નિરીક્ષક: વિરમગામ, જીલ્લો-અમદાવાદના શીટ નં.NA99 (૧) સીટી સરવે નં.NA276 ની ૭૭૯૦ સમ ચો.મી. તથા (૨) સીટી સરવે નં.NA277 ની ૭૯૯૨ સમ ચો.મી. બીનખેતીની જમીન (૧) રીટાબેન પોપટલાલ સુખાલાલના દિકરી અને જગદીશચંદ્ર ડાહ્યાલાલના પત્ની (મિલકતના ૫૦ ટકા ટકાના ભાગીદાર) રહે.મેમનગર, અમદાવાદ (૨) અમૃતભાઈ માતમભાઈ ભરવાડ (મિલકતના ૨૫ ટકા ટકાના ભાગીદાર) રહે. વાસણાચાંચરવાડી, તા.સાણંદ, જી.અમદાવાદ તથા (૩) નુરમહંમદભાઈ પ્યારભાઈ મોમીન (મિલકતના ૨૫ ટકા ટકાના ભાગીદાર) રહે.મોમીન વાસ, ગીબપુરા, તા.સાણંદ, જી.અમદાવાદનાંની સહમાલીકી સહકબજા ભોગવટામાં આવેલી છે. સદરહુ બીનખેતી હેતુ (બહુહેતુક ઉપયોગ) માટેની જમીનોમાં સદરહુ જમીન માલીકો સિવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો કે કોઈનો કોઈ ઈઝમેન્ટ હકક, લાયસન્સી હકક, ભાડવાત હકક નથી કે સદરહુ બીનખેતી જમીનો ઉપર કોઈ વ્યકિત, નાણાંકીય સંસ્થા કે બેન્કનો બોજો કે ચાર્જ નથી કે કોઈ દાવા-દુવી ચાલતા નથી કે હાલ પેન્ડીગ નથી. અને મજકુર બીનખેતી જમીનોના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની જમીન માલીકોએ અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર બીનખેતી જમીનોમાં કોઈપણ વ્યકિતનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે અન્ય કોઈ વ્યકિતનો કોઈપણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પ્રમાણીત પુરાવા સાથે અમોને આજથી દીન-૭ માં રજી. એ.ડી. થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર બીનખેતીની જમીનોમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે. તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.

અમદાવાદ તા.૨૨-૧૦-૨૦૨૬

**મુસ્તુફા બી. બંગાલી**
**(B.Com., LL.M.)**
**શ્રીમતી એ. એમ. બંગાલી**
**(B.A., L.L.B.)**
**ફીઝા એમ. બંગાલી,**
**(B.A., LL.M.)**
**માહીર એમ. બંગાલી**
**(B.A., LL.M.)**
**એડવોકેટસ**
ઓફીસ: ૩૩૦,૩૩૧, થર્ડ ફ્લોર, ''યશ એરીયન'' વિવેકાનંદ ચોક, ગુરૂકુલ રોડ, મેમનગર,અમદાવાદ-૫૨
મો.૯૯૯૮૫૩૩૩૦૯

### હિન્દુઓ સામે નફરત વિરુદ્ધ એક થવા અપીલ

# ન્યૂયોર્કના મેયર મમદાની ગરબા રમ્યા, મા દુર્ગાની આરતી ઉતારી

ન્યૂયોર્ક, તા.૨૨

અમેરિકામાં ટ્રમ્પના શાસનમાં હિન્દુઓ વિરુદ્ધ નફરત વધી રહી છે





અને હિન્દુ મંદિર પર ગોળીબારનું કથિત કાવતરું નિષ્ફળ ગયાનો મામલો સામે આવ્યા પછી ન્યૂયોર્કના મેયર ઝોહરાન મમદાનીએ નફરત વિરુદ્ધ એક થવા અપીલ કરી હતી. આ સાથે ન્યૂયોર્કના ક્વીન્સમાં હિન્દુઓ સાથે નવરાત્રી, દુર્ગા પૂજા અને વિજયાદશમીના ઉત્સવોમાં ભાગ લીધો હતો. આ સમયે મમદાની ગરબા રમ્યા હતા અને મા દુર્ગાની આરતી પણ ઉતારી હતી.

ન્યૂયોર્કના મેયર ઝોહરાન મમદાનીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે આ સપ્તાહે તેમને ન્યૂયોર્કમાં રહેતા હિન્દુઓ સાથે નવરાત્રી, દુર્ગા પૂજા અને વિજયાદશમીના ઉત્સવોની ઊજવણી કરવાની તક મળી. શહેરના મંદિરોમાં લોકો સાથે આનંદ, આસ્થા અને સામુદાયિક એકતા સાથે જોડાવું સન્માનની વાત હતી. અમે ગરબા રમ્યા, માતાની આરતી ઉતારી, સિંદૂર ખેલા અને દેવી દુર્ગાનું સન્માન કર્યું. વિશેષરૂપે ગયા સપ્તાહે ઈલિનોઈસના એક હિન્દુ મંદિરમાં સામૂહિક ગોળીબારના પ્રયત્ન પછી હિન્દુ સમુદાય સાથે એકતાથી જોડાવું સન્માનની વાત હતી.

મમદાનીએ વધુમાં લખ્યું કે, આવો આપણે બધા નફરત વિરુદ્ધ ઊભા થઈએ અને એકબીજાની સંભાળ રાખવાની આપી સંયુક્ત જવાબદારી પૂરી કરીએ.



નફરત સામે ઊભા રહેવું એ સમાજની સંયુક્ત જવાબદારી છે. આ સાથે મમદાનીએ સોશિયલ મીડિયા પર ઉત્સવોની ઊજવણી કરતી તસવીરો અને વીડિયો પણ શેર કર્યા હતા.

## મમદાની ક્વીન્સમાં હિન્દુઓ સાથે નવરાત્રી, દુર્ગા પૂજા અને વિજયાદશમીના ઉત્સવોમાં જોડાયા

### જાપાનની અંતરીક્ષ એજન્સીનું રસપ્રદ તારણ

# ચંદ્ર પર ૫૦ કિ.મી. લાબું, ૧૬૦ ફૂટ ઊંડું અને પહોળું ભોંયરું જોવા મળતા આશ્ચર્ય !

ટોક્યો, તા. ૨૨

જાપાનની સ્પેસ એજન્સી જેક્સાએ ચંદ્ર અંગે કરેલા સંશોધનનું તારણ રજૂ કર્યા છે. એમાં દાવો થયો છે કે ચંદ્ર પર આવેલી મારિયસ હિલ્સ વિસ્તારમાં એક વિશાળ ભોંયરું છે, જે ૫૦ કિલોમીટર લાંબું છે. એ ભોંયરું કુદરતી છે. કાગુયા ઓર્બિટરના રડારમાં ઝીલાયેલા ડેટાના આધારે આ તારણ આપવામાં આવ્યું છે. વૈજ્ઞાનિકોએ કહ્યું હતું કે ભવિષ્યમાં માણસ ચંદ્ર પર ઉતરશે ત્યારે તેને આ ભોંયરું ખૂબ કામ આવે તેમ છે.

## ભવિષ્યમાં માનવજાત ચંદ્ર પર વસાહત બનાવશે તો વિશાળ ભોંયરું શરૂઆતમાં માણસને તોફાનોથી બચવા માટે કામ લાગશે

જાપાનની સ્પેસ એજન્સીના કહેવા પ્રમાણે કાગુયા ઓર્બિટરે ચંદ્રની જે તસવીરો ઘણાં વર્ષો પહેલાં લીધી હતી તેનો વિગતવાર અભ્યાસ કરાયો હતો. ચંદ્રના જે વિસ્તારને મારિયસ હિલ્સ નામ આપવામાં આવ્યું છે ત્યાંની તસવીરોનો ઝીણવરપૂર્વક અભ્યાસ કરાતાં એક ભોંયરું દેખાયું છે.

લગભગ ૫૦ કિલોમીટર લાંબું આ ભોયરું ૧૬૦ ફૂટ પહોળું અને લગભગ એટલા જ આકારનું ઊંડું છે. ચંદ્રનો આ વિસ્તાર પૃથ્વીથી દેખાતા હિસ્સામાં જ આવેલો છે.

વૈજ્ઞાનિકોનું માનવું છે કે આ ભોંયરું કોઈ વિશાળ ભોંયરાનો ભાગ હોઈ શકે છે. કુદરતી રીતે જ એનું નિર્માણ થયું હશે. ઓર્બિટરના રડારમાં ખાસ પ્રકારના સેન્સર્સ લાગેલા હતા.

એ સેન્સર્સ ચંદ્રની સપાટીના સિગ્નલ મોકલીને તેનું એનાલિસિસ કરતાં હતાં. અમુક સિગ્નલ પાછા આવતા હતા એના પરથી વધારે સ્ટડી કરતાં ભોંયરાનું લોકેશન મળ્યું હતું. સંશોધકો આને લાવા ટ્યૂબ કહે છે. કદાચ લાવા નીકળ્યો હોય ને તેના કારણે આ કુદરતી ભોંયરું બન્યું હોય તેમ પણ બને.

જાપાનના વૈજ્ઞાનિકો માને છે કે આ ભોંયરું અંદાજે ૩.૫ અબજ વર્ષ પહેલાં બન્યું હશે. જો ભવિષ્યમાં માણસ ચંદ્ર પર ઉતરે અથવા વસાહત બનાવવાનું વિચારે તો ત્યાંના વિષમ તોફાનોથી બચવા માટે શરૂઆતમાં આ ભોંયરાનો ઉપયોગ રહેવા માટે કરી શકે છે. વૈજ્ઞાનિકોને તો એવી પણ આશા છે કે કદાચ ત્યાં પાણી કે બરફના સંકેતો પણ મળી શકે છે.

### વાંસમાંથી બનેલું ઓઈલ વાહનોમાં ઈંધણ તરીકે વાપરી શકાશે

# મેસેચ્યુસેટ્સની વોર્સેસ્ટર પોલિટેકનિકનાં રિસર્ચર્સે વાંસમાંથી 'ઈંધણ' બનાવ્યું

નવી દિલ્હી, તા. ૨૨

પેટ્રોલ અને ડીઝલનાં અન્ય વિકલ્પોની તપાસ કરી રહેલા વૈજ્ઞાનિકોએ વાંસમાંથી વાહનોમાં ઈંધણ તરીકે વાપરી શકાય તવા ઓઈલ બનાવવામાં સફળતા મળી છે. અમેરિકાનાં મૈસાચુસેટ્સમાં આવેલ વોર્સેસ્ટર પોલિટેકનિક ઈન્સ્ટીટયૂટનાં રિસર્ચર્સે એક ખાસ રીતે વાંસનું ઓઈલ જેવા પ્રવાહીમાં રૂપાંતર કર્યુ છે.

## મોટા પાયે ઉત્પાદન થાય તો આ ઈંધણની પડતર લગભગ ૨.૭૫ ડોલર પ્રતિ ગેસોલીન-ગેલનની બરાબર થઈ શકે

લેબમાં વાંસને ૩૦૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાને ફક્ત ૧૦ મિનિટ માટે ગરમ કરવામાં આવ્યું હતું. આ ટેસ્ટમાં વાંસનાં ૩૫ ટકાથી વધારે હિસ્સાને ઓઈલ જેવા પ્રવાહીમાં રૂપાંતર કરવામાં સફળતા મળી હતી.

આ ઓઈલને સ્વચ્છ કરી વાહનો, વિમાનો અને ટ્રેનોમાં ઈંધણ તરીકે ઉપયોગ કરી શકાશે. મોટા પાયે ઉત્પાદન થવા પર આ ઈંધણની પડતર લગભગ ૨.૭૫ ડોલર પ્રતિ ગેસોલીન-ગેલનની બરાબર થઈ શકે છે.

રિસર્ચમાં એ પણ દાવો કરવામાં આવ્યો છે કે આનાથી ડીઝલની સરખામણીમાં ગ્રીનહાઉસ ગેસોનું ઈમિશન ૨૬ ગણા સુધી ઘટી શકે છે. આ હાલમાં રિસર્ચ અને અંદાજ પર આધારિત પરિણામો છે.

સંશોધકોએ વાંસમાંથી ઓઈલ બનાવવા માટે હાઈડ્રોથર્મલ લિક્વિફેકશન ટેકનિકનો ઉપયોગ કર્યો હતો. આ પધ્ધતિમાં પાણી, વધારે ગરમી અને હાઈ પ્રેશરની મદદથી વાંસમાંથી ઓઈલ જેવો પ્રવાહી બનાવવામાં આવે છે.


**DEENDAYAL PORT AUTHORITY**
**MARINE DEPARTMENT**

No.MR/PS/Manpower/2026 Date : 23.10.2026

**ENGAGEMENT OF**

(I) MARINE HELPERS (Survey) - 04 POSTS
(II) MARINE HELPERS (Flotilla) - 12 POSTS

**IN MARINE DEPARTMENT, DEENDAYAL PORT AUTHORITY ON CONTRACTUAL BASIS FOR 03 YEARS**

Deendayal Port Authority, a leading Major Port under the administrative control of Ministry of Shipping, Port & Waterways, intends to engage total **16 Nos.** of Marine Helpers in Marine Department on contractual basis for 03 years.

For details of eligibility, qualification, experience, remuneration, terms & conditions of contract, etc., please visit the Recruitment Section of DPA website at www.deendayalport.gov.in

**Last Date of Application : 13/11/2026**

संविदा के आधार पर निम्नलिखित पदों पर 03 वर्ष की अवधि के लिए नियुक्ति

(i) समु ी सहायक (सर्वेक्षण) – 04 पद
(ii) समु ी सहायक (फ्लोटिला) – 12 पद

समु ी विभाग, दीनदयाल पत्तन प्राधिकरण में 03 वर्ष की अवधि के लिए संविदा के आधार पर नियुक्ति

पत्तन, पोत परिवहन एवं जलमार्ग मंत्रालय के प्रशासनिक नियंत्रणाधीन एक अग्रणी महापत्तन, दीनदयाल पत्तन प्राधिकरण अपने समु ी विभाग में उपर्युक्त विभिन्न श्रेणियों के कुल 16 पदों पर 03 वर्ष की अवधि के लिए संविदा के आधार पर नियुक्ति करना चाहता है ।

पात्रता, शैक्षिक अर्हता, अनुभव, पारिश्रमिक, संविदा के नियम एवं शर्तों तथा अन्य विस्तृत जानकारी के लिए कृपया दीनदयाल पत्तन प्राधिकरण की वेबसाइट www.deendayalport.gov.in के भर्ती (Recruitment) अनुभाग का अवलोकन करें ।

**आवेदन की आखरी तारीख : 13/11/2026**

उप संरक्षक
दीनदयाल पत्तन प्राधिकरण
Deputy Conservator
Deendayal Port Authority


### ઈઝરાયેલનાં સ્વતંત્રતા દિવસે બંનેને નિમંત્રણ

# નેતન્યાહુનું મોદી અને સ્મિત મચ્છર સાથે મશાલ પ્રગટાવવાનું આમંત્રણ

નવી દિલ્હી, તા. ૨૨

ઈઝરાયેલનાં વડાપ્રધાન બેન્જામિન નેતનયાહુએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર વાત કરી હતી. આ વાતચીતમાં બંને દેશોની વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા અંગે ચર્ચા થઇ હતી.

## બને દેશોનાં વડાપ્રધાનોની ફોન પર વાતચીત વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા ચર્ચા

આ વાતચીત દરમિયાન નેતનયાહુએ વડાપ્રધાન મોદીને ઈઝરાયેલનાં સ્વતંત્રતા દિવસ સમારંભમાં ફલાયદુબઈનાં કેપ્ટન સ્મિત મચ્છરની સાથે મશાલ પ્રગટાવવાનું આમંત્રણ આપ્યું છે.

ફોન પર થયેલી વાતચીતની માહિતી આપતા નેતનયાહુએ જણાવ્યું હતું કે મે મારા મિત્ર ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી હતી. મેં તેમને ઈઝરાયેલનાં સ્વતંત્રતા દિવસ પર ભારતીય પાયલોટ સ્મિત મચ્છર સાથે મશાલ પ્રગટાવવા માટે આમંત્રણ આપ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીએ આ આમંત્રણ બદલ આભાર માન્યો હતો અને કહ્યું હતું કે જમીન અને હવામાં ભારત અને ઈઝરાયેલ મળીને આતંકવાદ સામે લડી રહ્યાં છે. વડાપ્રધાન મોદીએ ઈઝરાયેલની સાથે લાંબા સમયથી ચાલી આવી રહેલા સંબધોની પ્રશંસા કરી હતી. નેતનયાહુએ જણાવ્યું હતું કે ઈઝરાયેલ અને ભારત આતંકવાદની વિરુદ્ધ એક થઈને ઉભા છે અને આ આમંત્રણ બંને રાષ્ટ્રોની વચ્ચે મજબૂત થતાં સંરક્ષણ અને વ્યૂહાત્મક સંબધોનું પ્રતિક છે.

વડાપ્રપધાન નરેન્દ્ર મોદીએ પણ આ વાતચીતની સોશિયલ મીડિયા પર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ઈઝરાયેલનાં વડાપ્રધાન નેતનયાહુનો ફોન આવ્યો હતો. અમે બંને દેશોનાં વધતા જતા દ્વિપક્ષીય સંબધોની સમીક્ષા કરી હતી અને ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાનું પુનરાવર્તન કર્યુ હતું.

### ટ્રમ્પ તંત્ર ભારતીયોને વધુ એક ફટકો મારશે

# અમેરિકામાં કાયમી નાગરિક બનવાનું આગામી વર્ષથી વધુ મોંઘુ બનશે

વોશિંગ્ટન,તા.૨૨

અમેરિકામાં રોકાણ કરીને ત્યાંના નાગરિક બનવાના સપના જોનારા ભારતીયોને આગામી વર્ષથી વધુ એક ફટકો મારવાની તૈયારી ટ્રમ્પ તંત્ર કરી રહ્યુ છે. ટ્રમ્પ તંત્ર ઈબી-ફાઈવ ઈમિગ્રન્ટ ઈન્વેસ્ટર પ્રોગ્રામમાં રોકાણની લઘુત્તમ મર્યાદા હાલના આઠ લાખ ડોલર એટલે કે રુ. ૭.૫૯ કરોડથી વધારી ૯,૩૭,૫૦૦ ડોલર એટલે કે ૮.૮૯ કરોડ રૂપિયા કરવા આયોજન કરી રહ્યુ છે.

## ઈબી-૫ કેટેગરીના વિઝાની ફીમાં વધારો કરવાની તૈયારીમાં ટ્રમ્પ તંત્ર લાગ્યું

આ વધારો પહેલી જાન્યુઆરી ૨૦૨૭થી અમલમાં આવે તેવી સંભાવના છે. આમ અમેરિકન નાગરિક બનવા માંગતા ભારતીય નાગરિકોએ વધુ રકમ ચૂકવવી પડશે. આ ઉપરાંત બીજા પ્રોજેક્ટમાં પણ રોકાણની લઘુત્તમ રકમ ૧.૦૫ મિલિયન ડોલર એટલે કે ૯.૯૬ કરોડ ડોલરથી વધારીને ૧.૨૮ મિલિયન ડોલર એટલે કે રુ. ૧૧.૮૫ કરોડ કરવાનું આયોજન પણ ધરાવે છે. તેના કારણે અમેરિકામાં કાયમી ધોરણે વસવા માંગતા ભારતીય નાગરિકોનો પરમેનન્ટ રેસિડન્સી મેળવવાનો ખર્ચ વધી શકે છે.

જો કે સુધારેલી રકમની સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી નથી. આ પ્રસ્તાવિત વધારો ઈબી-૫ રિફોર્મ એન્ડ ઈન્ટિગ્રિટી એક્ટ ૨૦૨૨ હેઠળ ઈન્ફલેશન એડજસ્ટમેન્ટ મિકેનિઝમ લાગુ કર્યા પછી અમલમાં આવશે. તેમા દર પાંચ વર્ષે લઘુત્તમ રોકાણ મર્યાદા વધારવાની જોગવાઈ છે. આ પ્રોગ્રામ હેઠળ નાગરિકત્વ મેળવવા માંગતા ભારતીયોને અરજીના સમયે જ રોકાણની લઘુત્તમ રકમ જાણવા મળશે. જો કે સંભવિત રોકાણકારોએ દસ્તાવેજોની જરૂરિયાત, પ્રોજેક્ટ રિસ્ક, કાયદાકીય ફી અને અન્ય ખર્ચા પણ અરજી કરતાં પહેલા ધ્યાનમાં લેવા પડશે.

# દશેરાએ એક-૪૭માંથી હવામાં ફાયર કરનારા આઈપીએસ અંકિતા શર્માને નોટિસ

(પીટીઆઈ) રાયપુર,તા.૨૨

એક વરિષ્ઠ મહિલા આઈપીએસ અધિકારીએ રાજનંદગાંવમાં દશેરા-પર્વે પરંપરાગત શસ્ત્રપૂજન વિધિ દરમિયાન એકે-૪૭ રાયફલમાંથી ગોળી છોડી હોવાનો વિડિયો વાયરલ થતાં છત્તીસગઢ પોલીસ વડામથક દ્વારા એને કારણદર્શક નોટિસ અપાઈ છે. રાજનંદગાંવના પોલીસ અધીક્ષક અંકિતા શર્માને સાંકળતા આ બનાવના પગલે સુરક્ષા, શિસ્ત અને શસ્ત્રના ઉપયોગ સંબંધી ઔપચારિકતા મુદ્દે ચર્ચા શરૂ થઈ છે.



વિડિયોમાં, સાડી પહેરેલાં શર્મા શસ્ત્રપૂજાની વિધિ પછી એકે-૪૭ રાયફલમાંથી ગોળીઓ છોડતા જણાઈ રહ્યાં છે. શર્માએ ૨૦ ઓકટોબરે વિજયાદશમી પ્રસંગે શહેરની પોલીસ લાઈન્સ ખાતે પરંપરાગત શસ્ત્રપૂજા કરાઈ એ પછી રાયફલમાંથી ગોળીબાર કર્યા હતા. શર્માનું કૃત્ય, પોલીસ દ્વારા કરાતા શસ્ત્રના ઉપયોગ સંબંધી નિયમો મુજબનું નહિ હોવાનું જણાતા પોલીસ વડામથકે બનાવની ગંભીર સ્પષ્ટતા માગી છે, એમ પોલીસ વિભાગે કહ્યું. વાયરલ થયેલા વિડિયો વિષેની વિવિધ ટિપ્પણીઓને ધ્યાને લેતા વડામથકનો જણાયું કે નકારાત્મક ટીકાઓ પોલીસ દળની મહત્તાને નુકસાનકારક છે. પોલીસતંત્રે સુરક્ષાની જોગવાઈઓનો દેખીતો ભંગ કરનાર શર્મા પાસે ખુલાસો માગ્યો છે.

પોલીસ અધીક્ષક શર્માનો જવાબ મળ્યા પછી હું મારાં નિરીક્ષણો નોંધીશ અને એ દસ્તાવેજોને પોલીસ વડામથકે મોકલી આપીશ. ત્યાંથી મળનારા માર્ગદર્શન અનુસાર આગળ ઉપર પગલાં લેવાશે, એમ રાજનંદગાંવ રેન્જના ઈન્સ્પેક્ટર જનરલ અજય યાદવે કહ્યું.

### બ્રિટિશ ભારતીય લેન્ડલોર્ડનું શાહી સન્માન રદ કરાયુ

(પીટીઆઇ) લંડન,તા.૨૨

ભેજયુક્ત અને ગંદકીવાળા રૂમ ભાડે આપવા બદલ જેને દંડ થયો એ લંડનવાસી બ્રિટિશ ભારતીય લેન્ડલોર્ડને અપાયેલું શાહી સન્માન, દંડ પછી કિંગ ચાર્લ્સ - તૃતીય દ્વારા રદ કરાયું છે.

શાહી સન્માન રદ થવાના ભાગ્યે બનતા બનાવ માટે નિમિત્ત બનેલી નિરપાલ સિંઘ રિઆત નામની વ્યક્તિને સ્વ. ક્વીન એલિઝાબેથ-૨ દ્વારા ૩૧ ડિસેમ્બર ૨૦૧૦ ના રોજ પંજાબી પ્રજાને સખાવતી સેવા પૂરી પાડવા બદલ ઓર્ડર ઓફ ધ બ્રિટિશ એમ્પાયર (ઓબીઈ) એનાયત થયો હતો.

જોકે રિઆતની અન્ય કામગીરીઓ દ્વારા સન્માનની પ્રતિષ્ઠા નહિ જળવાઈ હોવાનું જણાતા આ મહિને જેમના શાહી સન્માન રદ થયા એ લોકોની, યુકે કેબિનેટ ઓફિસે પ્રસિધ્ધ કરેલી યાદીમાં રિઆતનું નામ સામેલ છે.

### નવી મુંબઈના ૨૨ વર્ષના યુવકને જીવતદાન

# મુલુંડથી ગ્રીન કોરિડોર રચી ધબકતું હૃદય પરેલ પહોંચાડાયું

પરેલની બાઈ જરબાઈ વાડિયા હોસ્પિટલ ફોર ચિલ્ડ્રનમાં પહેલી જ વાર એક તરુણનું હાર્ટ-ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન કરીને તેને નવું જીવન આપવામાં આવ્યું હતું. મુલુંડની હોસ્પિટલમાં એક ૨૨ વર્ષના બ્રેનડેડ યુવકનું હૃદય કાઢીને સ્પેશ્યલ એમ્બ્યુલન્સમાં ફક્ત ૨૫ મિનિટમાં ૨૩.૯ કિ.મી.ના અંતેર આવેલી વાડિયા હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યું હતું. એમ્બ્યુલન્સ ટ્રાફિકના કોઈ પણ અવરોધ વગર સડસડાટ પહોંચી શકે માટે ગ્રીન કોરિડોર રચવામાં આવ્યો હતો. બાઈ જરબાઈ વાડિયા હોસ્પિટલ ફોર ચિલ્ડ્રન મુંબઈની પહેલી જ બાળકોની સાર્વજનિક હોસ્પિટલ છે જ્યાં હાર્ટ-ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડીને ટીનએજરને નવજીવન બક્ષવામાં આવ્યું હતું. નવી મુંબઈના ઘણસોલીનો રહેવાસી તન્મય શિંદે (ઉં. વ. ૧૭) હૃદયની અત્યંત ગંભીર બીમારી (ડાઈલેટેડ કાર્ડિયોમાયોપથી)થી પીડાતો હતો.

### ફ્રાંસ બાદ ઓસ્ટ્રિયામાં વિદ્યાર્થીઓનું આંદોલન



ફ્રાંસ બાદ હવે ઓસ્ટ્રિયામાં યુનિવર્સિટી બજેટમાં કાપ મૂકવાનો વિરોધ થઈ રહ્યો છે. ઓસ્ટ્રિયાની સરકારે યુનિવર્સિટીઓના બજેટમાં અંદાજે ૧૦ ટકા કાપ મૂકવાની દરખાસ્ત કરતાની સાથે જ રાજધાની વિયેનામાં હજારો વિદ્યાર્થીઓ અને શિક્ષકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. યુરોપના અન્ય દેશોની જેમ ઓસ્ટ્રિયામાં પણ લોકો મોંઘવારી અને બેરોજગારીથી પરેશાન છે. તેમનો વિરોધ રસ્તા પર જોવા મળી રહ્યો છે.

### ઘટાડા છતાં રશિયા હજી પણ ભારતનું ટોચનું ક્રૂડ સપ્લાયર

# ભારતની ખાડી દેશોમાંથી ક્રૂડ ઓઈલની આયાત યુદ્ધ પૂર્વના સ્તરે પહોંચી ગઈ

નવી દિલ્હી,તા.૨૨

ભારતની પશ્ચિમ એશિયામાંથી ક્રૂડ ઓઈલની આયાત યુદ્ધ પૂર્વેના સ્તરે પહોંચી ગઈ છે. ચીન સાથેની ભારે સ્પર્ધા વચ્ચે રિફાઈનરોએ રશિયન ઓઈલની ખરીદી ઘટાડી છે અને પશ્ચિમ એશિયામાંથી ખરીદી વધારી હોવાનું શિપ ટ્રેકિંગ ડેટા જણાવે છે. રિફાઈનરોએ મધ્યપૂર્વના સ્પોટ કાર્ગો લેવા માંડ્યા છે અને ટ્રેડરોએ પણ હોર્મુઝમાંથી પસાર થવા શિપમેન્ટ લેવા માંડયા છે. આ બતાવે છે કે ઈરાન યુદ્ધના કારણે પુરવઠાના મોરચે સ્થિતિ હળવી થઈ છે. તેના લીધે ભારતની પશ્ચિમ એશિયામાંથી ક્રૂડ ઓઈલની આયાત વધી છે.

## ભારતની ક્રૂડની આયાતમાં અખાતનો હિસ્સો વધીને ૫૪ ટકા થયો, રશિયાની આયાત ૪૬.૬ ટકાથી ઘટી ૩૩.૫ ટકા થઈ

ભારતની પશ્ચિમ એશિયામાંથી ક્રૂડ ઓઈલની આયાત વધીને પ્રતિ દિન ૨૮ લાખ બેરલ થઈ છે, જે ફેબ્રુઆરી પછી સૌથી વધારે છે અને ઓગસ્ટની તુલનાએ ૩૨ ટકાનો વધારો દર્શાવે છે. કુલ આયાતમાં અખાતમાંથી થતી આયાતનો હિસ્સો ૫૪ ટકા થઈ ગયો છે.

આમ ભારતની પશ્ચિમ એશિયામાંથી ક્રૂડ ઓઈલની આયાત વધી છે તો બીજી બાજુએ રશિયામાંથી થતી ક્રૂડ ઓઈલની આયાતમાથી ઘટાડો થયો છે. રશિયામાંથી થતી ક્રૂડ ઓઈલની આયાત સપ્ટેમ્બરમાં ૧૪ ટકા ઘટી પ્રતિ દિન ૧૮ લાખ બેરલ થઈ છે. ભારતની રશિયામાંથી થતી ક્રૂડ ઓઈલની આયાત ૪૬.૬ ટકાથી ઘટીને ૩૩.૫ ટકા થઈ છે. ભારતીય રિફાઈનિંગ સૂત્રોના જણાવ્યા મુજબ ભારતીય રિફાઈનરો આગામી દિવસોમાં રશિયન ઓઈલની આયાત ઘટાડી શકે છે, કારણ કે રશિયન ઓઈલ હવે પશ્ચિમ એશિયાના દેશોના ભાવમાં જ પડે છે. તેમા પણ ખાસ કરીને ઈરાકનું ક્રૂડ ઓઈલ લો કે રશિયન ઓઈલ લો ભાવ સરખો જ પડે છે.

રશિયન ઓઈલ પર તાજેતરના મહિનાઓમાં પ્રતિ બેરલ ૧૦ ડોલરનું પ્રીમિયમ મળતું હતું તે ઘટીને હવે એકથી બે ડોલર થઈ ગયું છે. પશ્ચિમ એશિયાનો પુરવઠો બજારમાં આવતા આ સ્થિતિ સર્જાઈ છે, એમ સૂત્રએ જણાવ્યું હતું.

રિફાઈનરો મધ્યપૂર્વમાંથી ક્રૂડ ઓઈલની ખરીદી વધારવાનું આયોજન ધરાવે છે, કેમકે અહીં મુસાફરીનો સમય ઘણો ઓછો છે. ફ્રેટના ખર્ચમાં નોંધપાત્ર વધારો થતાં મધ્યપૂર્વના કેટલાક ઉત્પાદકોએ તો તેમના ભાવમાં પણ ઘટાડો કર્યો છે. અમને જે પણ વાજબી ભાવ ઓફર કરશે તેની પાસેથી અમે ખરીદીશું, એમ સૂત્રએ જણાવ્યું હતું.

ભારતની સપ્ટેમ્બરમાં કુલ આયાત માસિક ધોરણે ૨૦ ટકા વધીને લગભગ ૫૩.૩ લાખ બીપીડી થઈ હોવાનું આંકડા દર્શાવે છે. જો કે રશિયા હજી પણ ભારતનું સૌથી મોટું ઓઈલ સપ્લાયર છે. પછીના ક્રમે યુએઈ અને ઈરાક આવે છે. ગયા મહિને ઈરાકના ઓઈલની આયાત અગાઉના મહિનાના પ્રતિ દિન ૧.૭૧ લાખ બેરલથી વધીને ૮.૩૦ લાખ બેરલ થઈ હતી.

### નોબેલ બાદ વધુ એક સન્માન ન મળ્યાનો વસવસો !

# મારા લેખન બદલ મને પુલિત્ઝર એવોર્ડ મળવો જોઈતો હતો : ટ્રમ્પ

નવી દિલ્હી, તા. ૨૨

અમેરિકાનાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એક વખત પોતાના પુરસ્કારોનાં પ્રેમ લઈને ચર્ચામાં છે. નોબેલ શાંતિ પુરસ્કાર ન મળવાની ફરિયાદની વચ્ચે હવે ટ્રમ્પે જણાવ્યું છે કે તેમને પોતાના લેખન કાર્ય માટે પણ પુલિત્ઝર પુરસ્કાર મળવો જોઈતો હતો.

## રશિયાથી જોડાયેલ તપાસનાં રિપોર્ટિંગ માટે પુલિત્ઝર એવોર્ડ મેળવનારા પત્રકારોની ટીકા કરી

સાઉથ કેરોલિનામાં એક રેલી દરમિયાન તેમણે આ વાત જણાવી હતી. આ દરમિયાન તેમણે રશિયાથી જોડાયેલ તપાસનું રિપોર્ટિંગ કરનારા પત્રકારોને પણ નિશાન બનાવ્યા હતાં.

સંયુક્ત રાજ્ય અમેરિકાનાં સાઉથ કેરોલિનાનાં પેંડલટનમાં રિપબ્લિકન સમર્થકોને સંબોધન કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમને નોબેલ પુરસ્કાર મળ્યો નથી અને પુલિત્ઝર પુરસ્કાર પણ આપવામાં આવ્યો નથી. ટ્રમ્પે એ પત્રકારોની પણ ટીકા કરી છે જેમને રશિયાથી જોડાયેલ તપાસનાં રિપોર્ટિંગ માટે પુલિત્ઝર પુરસ્કાર મળ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે આ પત્રકારોનું રિપોર્ટિંગ ખોટું હતું અને તેમને સન્માન મળવું જોઈતું ન હતું. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે વારંવાર જણાવ્યું છે કે આંતરરાષ્ટ્રીય વિવાદ અને યુદ્ધોને સમાપ્ત કરવાનાં તેમના પ્રયત્નો માટે તેમને નોબેલ શાંતિ પુરસ્કાર મળવું જોઈતું હતું.તેમણે દાવો કર્યો છે કે તેમણે અનેક યુદ્ધો સમાપ્ત કરવામાં મદદ કરી છે. ચાલુ વર્ષે નોબેલ શાંતિ પુરસ્કાર ન મળ્યા પછી પણ ટ્રમ્પે આ મુદ્દે નારાજગી વ્યક્ત કરી હતી. ટ્રમ્પનું માનવું છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના પ્રયત્નોને પૂરતું સન્માન મળ્યું નથી.

## ઈઝરાયેલમાં ચૂંટણી અને અમેરિકામાં મિડ ટર્મ ઈલેકશન પછી બંને દેશ ઈરાન પર હુમલો શરુ કરે તેવી પ્રબળ સંભાવના

### હોર્મુઝમાં

(૨૧મા પાનાનું ચાલુ)

વધુ હુમલા ઓક્ટોબરમાં થયા હતા, એમ બ્રિટિશ મિલિટરી મોનિટરે જણાવ્યું હતું.

હવે જો ફરીથી યુદ્ધ શરૂ થાય તો આ વિસ્તારના નાગરિકોનું જીવન તો ભયમાં મૂકાય જ, પરંતુ વૈશ્વિક ઓઈલ પુરવઠાને લઈને પણ મોટો અવરોધ સર્જાઈ શકે. તેના પગલે ફરી પાછી સપ્લાય ચેઈનને બ્રેક વાગી શકે છે.

આ સંજોગોમાં ભાવ વધુ ઊંચા જઈ શકે છે. નેચરલ ગેસ, ખાતર, ઓઈલ, ખાતર વગેરેની ડિલિવરી અત્યંત ખર્ચાળ બની શકે છ.

સાઉદી અરેબિયાના ઓઈલ ફિલ્ડ પર અને એરપોર્ટ પર થયેલા હુમલામાં એક ભારતીય સહિત ત્રણના મોત નીપજ્યા હતા. યમનના હુથીઓએ મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો હતો. એરપોર્ટ-ઓઈલફિલ્ડ પરની એર ડિફેન્સ સિસ્ટમ તેને રોકવામાં નિષ્ફળ ગઈ હતી. સાઉદી અરેબિયાના દમ્મામમાં કિગ ફહદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આ હુમલો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સાઉદી અરામ્કોની રિફાઈનરી પર કરાયેલા હુમલામાં એક ભારતીય ઈજા પામ્યો હતો.યમનની સાઉદી સમર્થિત સરકારે જણાવ્યું હતું કે તેઓ હુથીઓની રેલીમાં ત્રાટકી શકે છે. નાગરિકો પર હુમલાના વોર ક્રાઈમ કહેવાય છે.


**"Short E-Tendering Notice No. (09) 2026-27"**

**GUJARAT STATE WAREHOUSING CORPORATION, Opp. Karmayogi Bhavan, Sector-10 A, Gandhinagar-382010.**

| Sr. No. | Name of Work | Tender Amount | Uploading & Submission |
|---|---|---|---|
| 1. | Construction of Compound Wall and Ancillary works For GSWC Campus at : Umedpara, Dist. Gir Somnath | 2.29 Cr. | Dt. 23-10-2026 To Dt. 29-10-2026 Up to 18:00 o'Clock |
| 2. | Construction of R.C.C. Road in GSWC Campus at: Harij (New Campus), Dist. Patan. | 61.11 Lakh | |
| 3. | Construction of R.C.C. Road in GSWC Campus at: Bhatpura, Dist. Mahisagar. | 38.15 Lakh | |
| 4. | Construction of R.C.C. Road and Pipe Culvert in GSWC Campus at : Gorakhmadhi, Dist. Gir somnath. | 64.89 Lakh | |
| 5 | Construction of R.C.C. Road in GSWC Campus at : Patdi, Dist. Surendranagar. | 37.66 Lakh | |

Tender fee EMD, Other Documents send by R.P.A.D./Speed Post up to 04-11-2026 Website: http://tender.nprocure.com/Ph. 079-23242608



**ઉત્તર પશ્ચિમ રેલવે**

ઈ-ટેન્ડર ટેન્ડર નોટિસ

**ઈપીસી મોડ આધારે સિંગલ સ્ટેજ બે પેકેટ સિસ્ટમ**

ચીફ ઈલેક્ટ્રિક એન્જિનિયર / પ્રોજેક્ટ, ઉ. પ. રેલવે, જયપુર દ્વારા ભારત સંઘના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચે લખેલા કાર્ય માટે ઓપન ઈ-ટેન્ડરનું ઓનલાઈન ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવ્યું છે. બિડરો પોતાની અસલ / ફેરફાર કરેલ દરખાસ્ત ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય પહેલા ઓનલાઈન ભરે. 1. ઈ-ટેન્ડર નોટિસ નંબર : બિડ / પેકેજ નંબર EL-PROJ-PSI-JP-EPC-03 2. કામનું નામ અને સ્થળ : ઉત્તર પશ્ચિમ રેલવેના જયપુર ડિવીઝનના રેવાડી-અલવર - બાંદીકૂઈ વિભાગમાં 2x25 KV ટ્રેકશન સિસ્ટમ (સ્કોટ કનેકટેડ ટ્રાન્સફોર્મર) હેઠળ 132/55 KV ટ્રેકશન સબસ્ટેશન, સેકશનિંગ પોસ્ટ (SPs) અને સબ-સેકશનિંગ પોસ્ટ (SSPs) ની ડિઝાઈન, પુરુ પાડવુ, અમલીકરણ, ટેસ્ટિંગ અને કાર્યરત કરવું. 3. અંદાજિત કિંમત : રૂ. 183,92,49,492.37/- 4. બાનાની રકમ : રૂ. 3,67,85,000.00/- 5. કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો : 540 દિવસ. 6. ઈ-ટેન્ડર ભરવાની અંતિમ તારીખ અને સમય : 22/12/2026 (15.00 કલાક) 7. વેબસાઈટનું વર્ણન : www.ireps.gov.in નોંધ : કોઈપણ મેન્યુઅલ ટેન્ડરનો સ્વીકાર કરાશે નહિ.

1517-CQ/26



# 9મી હોકી
## એશિયન ચેમ્પિયંસ ટ્રોફી
## પંજાબ, 2026

**જલંધર-મોહાલી**

**27 ઓક્ટોબર - 5 નવેમ્બર, 2026**



**સ. ભગવંતસિંહ માન**
મુખ્યમંત્રી પંજાબ




## છ રાષ્ટ્ર, એક ચેમ્પિયનશિપ

| તારીખ | સમય | ટીમ વિરુદ્ધ ટીમ | સ્થળ |
|---|---|---|---|
| 27 ઓક્ટોબર, 2026 | 13:00 | મલેશિયા - ચીન | જલંધર |
| | 15:15 | જાપાન - કોરિયા | જલંધર |
| | 19:00 | ભારત - બાંગ્લાદેશ | જલંધર |
| 29 ઓક્ટોબર, 2026 | 14:30 | મલેશિયા - કોરિયા | જલંધર |
| | 16:45 | બાંગ્લાદેશ - જાપાન | જલંધર |
| | 19.00 | ભારત - ચીન | જલંધર |
| 30 ઓક્ટોબર, 2026 | 14:30 | બાંગ્લાદેશ - મલેશિયા | જલંધર |
| | 16:45 | કોરિયા - ચીન | જલંધર |
| | 19:00 | જાપાન - ભારત | જલંધર |
| 1 નવેમ્બર, 2026 | 14:30 | કોરિયા - બાંગ્લાદેશ | જલંધર |
| | 16:45 | ચીન - જાપાન | જલંધર |
| | 19:00 | મલેશિયા - ભારત | જલંધર |
| 2 નવેમ્બર, 2026 | 14:30 | ચીન - બાંગ્લાદેશ | જલંધર |
| | 16:45 | જાપાન - મલેશિયા | જલંધર |
| | 19:00 | ભારત - કોરિયા | જલંધર |
| 4 નવેમ્બર, 2026 | 14:00 | પૂલમાં પાંચમા સ્થાનની ટીમ - પૂલમા છઠ્ઠા સ્થાનની ટીમ | મોહાલી |
| | 16:30 | પૂલમાં પ્રથન સ્થાનની ટીમ - પૂલમાં ચોથા સ્થાનની ટીમ | મોહાલી |
| | 19:00 | પૂલમાં બીજા સ્થાનની ટીમ - પૂલમાં ત્રીજા સ્થાનની ટીમ | મોહાલી |
| 5 નવેમ્બર, 2026 | 16:30 | કાંસ્ય ચંદ્રક મેચ | મોહાલી |
| | 19:00 | સુવર્ણ ચંદ્રક મેચ | મોહાલી |



માહિતી અને લોકસંપર્ક વિભાગ, પંજાબ

## સોનિયા ગાંધીનું ઈન્સ્ટા ડેબ્યુ અને બુક



કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ ગુરુવારે ઈન્સ્ટાગ્રામ પર ડેબ્યુ કર્યું હતું. તેમની પહેલી પોસ્ટમાં તેમણે તેમની આત્મકથા બેલોંગિંગ અ જર્ની ઓફ લવની પહેલી ઝલક શેર કરી હતી. આ પુસ્તક ૧૦ નવેમ્બરના રોજ લોન્ચ થવાનું છે. ઈન્સ્ટાગ્રામ પર તેમણે રીલ શેર કરી હતી. જેમાં, તેમને પુસ્તકની પહેલી કોપી આપવામાં આવી હતી. વીડિયોમાં સોનિયા ગાંધી પુસ્તકના પાના ફેરવતી વખતે બાળપણની તસવીરો જોઈને પ્રિયંકા ગાંધીને હસતા હસતા કહે છે કે, લોટ્સ ઓફ પિક્ચર્સ પ્રિયંકા.

### હાઈકોર્ટની ઝાટકણી સાથે બીએમસી અને પોલીસ વડાઓને સમન્સ

# મુંબઈ દિલ્હી કરતાં વધુ પ્રદૂષિત, કહી દો કે અમે કશું નથી કરવાના : હાઈકોર્ટ

મુંબઈ, તા. ૨૨

બોમ્બે હાઈકોર્ટે વાયુ પ્રદૂષણને કાબુમાં લેવામાં અને જાહેર રસ્તાઓ પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધો લાગુ કરવામાં કેમ નિષ્ફળતા મળી રહી છે તે સમજાવવા બીએમસી, મુંબઈ પોલીસ અને મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (એમપીસીબી)ના વડાઓને ૨૬ ઓક્ટોબરે સમન્સ પાઠવ્યું છે.

## અધિકારીઓ એફિડેવિટ આપે કે અમે લાચાર છીએ અને આદેશોનું પાલન કરવામાં અમને રસ નથી !

અધિકારીઓને આદેશનું રતીભર પાલન થયાનું જણાવો અન્યથા એક સોગંદનામું દાખલ કરો કે અમે લાચાર છીએ અને આદેશોનું પાલન કરવામાં રસ ધરાવતા નથી અને અમે કંઈ કરવાના નથી, એમ કોર્ટે જણાવ્યું હતું.

મુંબઈનું પ્રદૂષણનું સ્તર દિલ્હી કરતાં વધી રહ્યું હોવાનું અવલોકન કરતાં કોર્ટે ચેતવણી આપી હતી કે જો આ ભૂલો ચાલુ રહેશે તો સંબંધિત અધિકારીઓને જવાબદાર ઠેરવવામાં આવશે અને તિરસ્કારની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. ૨૨ સપ્ટેમ્બર અને ૧૫ ઓક્ટોબરના રોજ જારી કરાયેલા તેના વિગતવાર નિર્દેશોનો ઉલ્લેખ કરીને, કોર્ટે રસ્તાઓ, શેરીઓ, ગલીઓ અને ફૂટપાથ પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ છે તેવી મૂળભૂત જાહેર નોટિસ જારી કરવામાં નિષ્ફળ રહેવા બદલ બીએમસી અને એમપીસીબીની ટીકા કરી હતી. સત્તાવાર તંત્ર કાર્યવાહી કરવામાં ખૂબ જ ધીમું છે એમબેન્ચે અવલોકન કર્યું હતું કે બીએમસી અને એમપીસીબીને ૨૪ ઓક્ટોબર સુધીમાં અખબારો અને સોશિયલ મીડિયા પર નોટિસ પ્રકાશિત કરવાનો નિર્દેશ આપ્યો છે. નોટિસમાં ફટાકડાના ધુમાડા અને અવાજની હાનિકારક અસરોને પણ પ્રકાશિત કરવી જોઈએ, એમ ઉમેર્યું હતું.

ખંડપીઠે ચિંતા વ્યક્ત કરી કે જ્યારે વ્યસ્ત રસ્તાઓ પર ફટાકડા ફોડવામાં આવી રહ્યા હતા અને જરૂરી પરવાનગી વિના સરઘસો કાઢવામાં આવી રહ્યા હતા ત્યારે પોલીસ અધિકારીઓ કોર્ટના આદેશોથી અજાણ હતા. ન્યાયાધીશોએ કહ્યું હતું કે કે કાગળ પર જ આદેશો રાખવાનો શું અર્થ છે? તેમણે પોલીસ કમિશનરને નિર્દેશ આપ્યો કે તમામ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને આદેશોની જાણ કરવામાં આવે અને પાલનની પુષ્ટિ કરતું સોગંદનામું માંગવામાં આવે. લાખો લોકોને અસર કરી રહેલા પ્રદૂષણ સંકટનો ઉલ્લેખ કરતા, બેન્ચે પ્રશ્ન કર્યો કે જ્યારે કટોકટીનાં પગલાં ભરવાં પડે એવી પરિસ્થિતિ ઉભી થઈ છે ત્યારે અધિકારીઓ કેવી રીતે શાંત રહી શકે છે. તેમાં ભારે ધુમ્મસ અને નબળી દૃશ્યતાના અહેવાલોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, ભાર મૂક્યો હતો કે પ્રદૂષણનો સામનો કરવા માટે જાહેર જાગૃતિ અને વર્તણૂકીય પરિવર્તન આવશ્યક છે. કોર્ટે બાંધકામ સંબંધિત પ્રદૂષણ અને ગેરકાયદેસર ડમ્પિંગ સામે અસરકારક કાર્યવાહીના અભાવ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો, અને અવલોકન કર્યું કે નિયમો અને માનક સંચાલન પ્રક્રિયાઓ ફક્ત કાગળ પર જ અસ્તિત્વમાં હોય તેવું લાગે છે.

### શ્રીલંકામાં ૨૪૦૦ કિલો કેન્દુના પાનની દાણચોરી : સાત ભારતીયની ધરપકડ

(પીટીઆઈ) કોલંબો, તા. ૨૨

શ્રીલંકન નૌકાદળે ૨૪૦૦ કિલો કેન્દુના પાનની દાણચોરી કરવાનો પ્રયાસ કરવા બદલ સાત ભારતીય નાગરિકોની ધરપકડ કરી છે.

શ્રીલંકા નૌકાદળે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પશ્ચિમ નૌકા કમાન્ડને મળેલી ગુપ્ત માહિતીના પગલે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શ્રીલંકાના જળસીમા વિસ્તારમા બે શંકાસ્પદ ભારતીય નૌકા અને તેની નજીક બે નાની હોડી જોવા મળતા તેને રોકવામાં આવી હતી.નૌસેનાના સુત્રોએ જણાવ્યું હતું કે બુધવારે પુટ્ટલમ જિલ્લામાં ઉડપ્પવા પાસે સર્વેલન્સ ઓપરેશન દરમિયાન આ નૌકામા સવાર સાત ભારતીય નાગરિકો અને નાની નાવમા ચાર શ્રીલંકન નાગરિકોની અટકાયત કરવામાં આવી હતી. આ નૌકાની તપાસ કરતા તેમાથી ૬૦ બોરીમા ભરેલ ૨૪૦૦ કિલો કેન્દુના પાન મળી આવ્યોં હતાં. કેન્દુના પત્તાનો ઉપયોગ બીડી બનાવવામા કરવામાં આવે છે.આ પત્તા ઘણા ટકાવ હોવાથી તેમા તમાકુ લપેટીને બિડી બનાવવામા આવે છે. સિગરેટની કિંમત વધુ હોવાથી સસ્તી બિડી બનાવવા માટે આ કેન્દુના પત્તાની શ્રીલંકામા દાણચોરી કરવામાં આવે છે.

### ભારત-પાક. સરહદે સીઆઈની કાર્યવાહી

# અમૃતસરમાં રૂ. ૭૦ કરોડનું ૧૦ કિલો હેરોઈન જપ્ત : ચારની ધરપકડ

અમૃતસર, તા. ૨૨

કાઉન્ટર ઈન્ટેલિજન્સ (સીઆઈ), અમૃતસરે નશાકારક વસ્તુઓની દાણચોરી નેટવર્કની વિરુદ્ધ કાર્યવાહી કરી ચાર આરોપીઓની દસ કિલો હેરોઈન સાથે ધરપકડ કરી છે. જપ્ત થયેલા ડ્રગ્સની કિંમત અંદાજે રૂ. ૭૦ કરોડ જેટલી છે. પોલીસનાં જણાવ્યા અનુસાર આરોપીઓ વિદેશમાં બેસેલા દાણચોરોનાં નિર્દેશ પર હેરોઈનનો જથ્થો પ્રાપ્ત કરી તેને આગળ સપ્લાય કરતા હતાં.

## પોલીસે દાણચોરીમાં ઉપયોગમાં લેવાયેલ મોટર સાઈકલ અને સ્કૂટર પણ જપ્ત કર્યું

પોલીસે દાણચોરીમાં ઉપયોગમાં લેવામાં આવેલ એક મોટર સાયકલ અને એક સ્કૂટર પણ જપ્ત કરી લીધું છે. ડીજીપી ગૌરવ યાદવે જણાવ્યું હતું કે ધરપકડ કરવામાં આવેલા આરોપીઓની ઓળખ હરગોવિંદ એવન્યુનાં રહેવાસી સુખરાજ સિંહ, ખંડવાલા રહેવાસી અજીતપાલ સિંહ ઉર્ફે મોટા, જવાહર નગર નિવાસી અનમોલપ્રીત સિંહ અને ગામ ચોગાવાં રહેવાસી રોબિન ગિલ તરીકે કરી છે.

ડીજીપીનાં જણાવ્યા અનુસાર સીઆઇ, અમૃતસરની ટીમને બાતમી મળી હતી કે વિદેશમાં બેસેલા પોતાનાં સંચાલકનાં નિર્દેશ પર ચારેય આરોપીઓએ હેરોઇનનો મોટો જથ્થો પ્રાપ્ત કર્યો હતો. ચારેય આરોપીઓ આ જથ્થો આગળ કોઇ અન્ય વ્યકિતને પહોંચાડવા જઇ રહ્યાં હતાં. બાતમીને આધારે પોલીસની ટીમે ગામ ધનુપુર કાલેમાં ડેરા બાબા દર્શન સિંહની નજીક કાર્યવાહી કરી હતી. આ દરમિયાન મોટરસાયકલ અને સ્કૂટર પર જઇ રહેલા ચારેય આરોપીઓની ધરપકડ કરી તેમના કબજામાંથી ૧૦ કીલો હેરોઇન જપ્ત કર્યુ હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ વિદેશમાં બેસેલા નશાકારક વસ્તુઓનાં દાણચોરોનાં સંપર્કમાં હતાં.

### તિબેટમાં સાતની તીવ્રતાનો ભૂકંપ

નવી દિલ્હી,તા.૨૨

ચીનના તિબેટમાં ગુરુવારે ૭.૦ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો. ભારતના નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (એનસીએસ) મુજબ આ ભૂકંપ ભારતીય સમય મુજબ ૮.૦૩ વાગે આવ્યો હતો. તેનું કેન્દ્ર જમીનથી ૧૭૩ કિ.મી.ની ઊંડાઈ પર હતુ. આ પહેલા જર્મન રિસર્ચ સેન્ટર ફોર જિયોસાયન્સીઝે ભૂકંપના કેન્દ્રનું ઊંડાણ ૧૦ કિ.મી. ગણાવ્યું હતું. ચીનના ભૂકંપ નેટવર્ક કેન્દ્ર (સીઇએનસી) મુજબ ભૂકંપ સ્થાનિક સમય મુજબ રાત્રે લગભગ ૧૦:૩૩ વાગે ઉત્તર તિબેટના નાગચૂ ક્ષેત્રમાં આવ્યો હતો. ભૂકંપના ઝાટકા સ્થાનિક વિસ્તારમાં સ્પષ્ટપણે અનુભવાયા હતા. તેનું કેન્દ્ર તિબેટની રાજધાની લ્હાસાથી ૪૦૦ કિ.મી. દૂર હતું. હાલમાં ભૂકંપથી લઈને જાનમાલના નુકસાનના કોઈ સમાચાર સામે આવ્યા નથી. તિબેટમાં શક્તિશાળી ભૂકંપનો ભય આમ પણ તોળાતો જ રહેતો હોય છે. તેનું કારણ એ છે કે આ વિસ્તાર ભારતીય અને યુરેશિયન ટેકટોનિક પ્લેટોને મળતા વિસ્તારમાં આવેલો છે.આ પ્લેટો સતત એકબીજા સાથે અથડાય છે, તેનાથી ધરતીની અંદર ભારે દબાણ સર્જાતા ભૂકંપ આવે છે. આ ભૂકંપ તેવા સમયે આવ્યો છે જ્યારે થોડા સમય પહેલા નેપાળ-ચીન સરહદ પર પહાડી વિસ્તારોમાં ભીષણ પૂર અને ભૂસ્ખલનથી ભારે નુકસાન થયું હતું.

### રેહાને દિલ્હી દેખાવોની ૧૦૫ તસવીરો પ્રદર્શનમાં મૂકી

# આર્ટ શોમાંથી પ્રિયંકા ગાંધીના પુત્ર રેહાનની તસવીરો હટાવાતા વિવાદ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૨૨

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાના પુત્ર રેહાન વાડ્રાની દિલ્હી દેખાવોની તસવીરો બુધવારે બીકાનેર હાઉસના આર્ટ શોમાંથી હટાવી દેવાતા ભારે વિવાદ સર્જાયો છે. રેહાન વાડ્રાએ આક્ષેપ કર્યો કે બિકાનેર હાઉસના મેનેજમેન્ટે તેમના આર્ટ શોમાંથી મારી દિલ્હી દેખાવોની ૧૦૫માંથી ૭૦ જેટલી તસવીરો હટાવી દીધી છે. બીજીબાજુ બિકાનેર હાઉસના મેનેજમેન્ટે દાવો કર્યો કે, રેહાનની તસવીરો આર્ટ શોની નીતિઓનો ભંગ કરતી હોવાથી તેને હટાવાઈ છે.

## રેહાનની કેટલીક તસવીરો આર્ટ શોની નીતિઓથી વિપરિત રાજકારણ પ્રેરિત હોવાથી હટાવવા જણાવાયું

પ્રિયંકા ગાંધી વાડ્રાના પુત્ર અને વિઝ્યુઅલ આર્ટિસ્ટ રેહાન વાડ્રાએ ગુરુવારે જણાવ્યું હતું કે, તેની મોટાભાગની તસવીરો રાજકીય હતી અને આર્ટ ઈન્સ્ટિટ્યૂટે આર્ટ ઈન્સ્ટિટ્યૂટમાં રાજકીય કન્ટેન્ટના પ્રદર્શનની મંજૂરી નથી તેવું જણાવ્યું નહોતું. રેહાને ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું કે, પાંચ કલાક પહેલા જ બીકાનેર હાઉસ મેનેજમેન્ટે મને તેમના આર્ટ શો આઈડિયા ઈઝ ફાઈનલમાં પ્રદર્શિત તસવીરો હટાવવા મજબૂર કર્યા.



આ તસવીરોમાં દિલ્હીમાં યુવાનોના વિરોધ પ્રદર્શન દર્શાવાયા હતા. એટલું જ નહીં મારી ગેરહાજરીમાં તિરંગાની તસવીર પણ હટાવી દેવાઈ હતી. રેહાને દાવો કર્યો કે, હાલ તો આ શો આંશિકરૂપે ચાલુ રહેશે અને જરૂર પડશે તો કોઈ બીજી જગ્યા શોધીને વિરોધ પ્રદર્શનની તસવીરોનું આખું કલેક્શન દર્શાવાશે.

બીજીબાજુ આર્ટ શોના મેનેજમેન્ટ બીકાનેર હાઉસે ગુરુવારે જણાવ્યું કે, આ જાહેર સાંસ્કૃતિક સંસ્થા કળા, સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે અને બિકાનેર હાઉસ મેનેજમેન્ટ સોસાયટીની નીતિઓને અનુરૂપ પ્રદર્શનો અને સંલગ્ન પ્રવૃત્તિઓ ચલાવે છે. રેહાન વાડ્રાના પ્રદર્શન 'નો આઈડિયા ઈઝ ફાઈનલ'માં દર્શાવાયેલી કેટલીક તસવીરો રાજકારણ પ્રેરિત હતી, જે બીકાનેર હાઉસ મેનેજમેન્ટ સોસાયટીની નીતિઓને અનુરૂપ ન હતી. તેથી તેમને આ તસવીરો હટાવવા જણાવાયું હતું.







# યુદ્ધની વેદનાને સૂર આપતું મધર્સ ઑફ ખેરસન









યુદ્ધમાં બાળકો વિખૂટાં પડે ત્યારે માતાની વેદના કેવી હોય? યુક્રેનની એવી જ માતાઓની કહાણી હવે મ્યુઝિક અને નાટ્યના માધ્યમથી વિશ્વ સમક્ષ રજૂ કરવામાં આવી રહી છે. 'મધર્સ આત્ત્ફ ખેરસન' નામના ઓપેરાનું વર્લ્ડ પ્રીમિયર પોલેન્ડની રાજધાની વોર્સોમાં યોજાયું હતું. **કેવી રીતે આવ્યો વિચાર?** રશિયાના યુક્રેન પરના આક્રમણ બાદ ૨૦૨૨માં ન્યૂયોર્કના મેટ્રોપોલિટન ઓપેરાના જનરલ મેનેજર પીટર જેલ્બે યુદ્ધ પર ઓપેરા બનાવવાની પહેલ કરી હતી. અમેરિકન નાટ્યકાર જ્યોર્જ બ્રાન્ટે જુલાઈ ૨૦૨૩માં ક્રિમિયામાં લઈ જવાયેલાં બાળકોને પાછાં લાવવા નીકળેલી યુક્રેનિયન માતાઓની કહાણી પસંદ કરી. યુક્રેનના મ્યુઝિશિયન મેક્સિમ કોલોમિયેત્સે મ્યુઝિક આપ્યું, બાર્બરા વ્યસોકા નાટકની ડિરેક્ટર છે. **૩,૦૦૦ કિમીની જોખમી સફર :** સમર કેમ્પમાં ગયેલા બાળકો યુદ્ધને કારણે ફસાઈ જાય છે. તેમની માતાઓ રશિયન કબજાવાળા ક્રિમિયા સુધી પહોંચવા માટે પોલેન્ડ, બેલારુસ અને મોસ્કો થઈને આગળ વધે છે. યુદ્ધને કારણે નજીકનો રસ્તો શક્ય ન રહેતા આ અંતર લગભગ ૩૦૦૦ કિમીથી વધુ થાય છે. **હાલરડાથી શરૂઆત :** કોલોમિયેત્સે ઓપેરાની શરૂઆત યુક્રેનિયન હાલરડાથી પ્રેરિત ધૂનથી કરી છે. તેમણે હિંસાને સીધી રીતે મંચ પર બતાવવાને બદલે તેની માનવીય અસરો પર ભાર મૂક્યો છે. આ ઓપેરા મેટ્રોપોલિટન ઓપેરા અને પોલિશ નત્ત્શનલ ઓપેરાનો પ્રોજેક્ટ છે. ઓપેરાનો વિચાર યુનિવર્સલ છે. માતાઓ તેમના બાળકો માટે કંઈ પણ કરી શકે. તે યુદ્ધ વચ્ચે સરહદો પાર પણ કરી શકે. કોઈપણ મુસીબતમાંથી બાળકને બહાર કાઢવાની શક્તિ માતામાં જ રહેલી છે. એટલે જ તો કહેવાય છે કે, મા તે મા બાકી બધા વગડાના વા..

**યુક્રેનની માતાઓએ બાળકોને બચાવવા માટે પોલેન્ડ,બેલારુસ, મોસ્કોની ૩૦૦૦ કિમીની મુસાફરી કરી હતી**

---

### દયા નાયકની બાયોપિકમાં હર્ષવર્ધન મુખ્ય ભૂમિકામાં

## હર્ષ વર્ધન રાણેની પોલીસ કંપની આવતાં વર્ષે જૂનમાં રજૂ થશે

મુંબઈ, તા. ૨૨

મુંબઈના એન્કાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ દયા નાયકની કારકિર્દીને આવરી લેતી ફિલ્મ 'પોલીસ કંપની'નું પોસ્ટર જારી કરી તેને ચોથી જુન ૨૦૨૭માં રજૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ફિલ્મમાં દયા નાયકની ભૂમિકા હર્ષવર્ધન રાણે ભજવી રહ્યો છે.



આ ફિલ્મના નિર્માણ માટે રામ ગોપાલ વર્માએ ભૂષણ કુમાર સાથે હાથ મિલાવ્યા છે. ફિલ્મમાં મુંબઈના ગેંગ વોરનાં વર્ષોની કહાની પોલીસની નજરે રજૂ કરવામાં આવશે.

પોલીસ કંપની ફિલ્મમાં હર્ષવર્ધન રાણેની સાથે ફરદીન ખાન, ફાતિમા સના શેખ, પરેશ રાવલ, સૌરભ શુકલા, મકરંદ દેશપાંડે અને અશ્વિની કાલસેકર મહત્વની ભૂમિકાઓમાં જોવા મળશે.

**વર્ષો બાદ મુંબઈની અંધારી આલમ પર રામ ગોપાલ વર્માની વધુ એક ફિલ્મ**

---

## ઘૂંટણમાં ઈજાને પગલે અમિતાભ થોડા દિવસો આરામ કરશે

મુંબઈ, તા. ૨૨

૮૪ વર્ષની વયે પોતાના કામમાં સતત સક્રિય રહેતાં અમિતાભ બચ્ચને ડોકટરોની સલાહ અનુસાર આરામ કરી સાજા થઈ રહ્યા હોઈ પોતે કશું લખી શકે તેમં ન હોઈ સોશ્યલ મિડિયા પર પોતાના ચાહકોની માફી માંગતી પોસ્ટ મુકતાં તેમની તબિયત વિશે અટકળો શરૂ થઈ છે. ચાહકોએ તેમની તબિયત સુધરે એવી શુભેચ્છાઓ પણ પાઠવવા માંડ્યા છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે તાજેતરમાં કૌન બનેગા કરોડપતિના સેટ પર બીગ બી પડી જતાં તેઓ ઢીંચણમાં થયેલી ઈજાને કારણે ઉભાં રહી શકે તેમ ન હોઈ તેમણે શોનો ઓપનિંગ મોનોલોગ ઉભાં રહીને બોલવાને બદલે બેસીને બોલવાનું પસંદ કર્યું હતું. તે પછી એવું મનાઈ રહ્યું છે કે તબીબોએ તેમને પૂરતો આરામ લેવાની સલાહ આપી છે.

---

### ઝારખંડની કોલસાની ખાણોની ક્રાઈમ કથા રજૂ થશે

## સિદ્ધાંત ચતુર્વેદી અને અભિષેક ચૌબે વેબ સિરિઝમાં સાથે કામ કરશે

મુંબઈ, તા. ૨૨

ઝારખંડમાં આવેલી કોલસાની ખાણોમાં આકાર લેતી પિરિયડ ક્રાઈમ સિરિઝ 'કાલા'માં સિદ્ધાંત ચતુર્વેદી મુખ્ય ભૂમિકા ભજવશે જ્યારે અભિષેક ચૌબે તેનું નિર્દેશન કરશે. ચૌબેની આ ક્રાઈમ સિરિઝ ૧૯૬૦થી શરૂ થઈ દાયકાઓ સુધી ચાલશે અને તેમાં આ સમયગાળા દરમ્યાન થયેલી સત્તાની સાઠમારી, હિંસા અને સામાજિક પરિવર્તનોને ઝીલવામાં આવશે.



અભિષેક ચૌબેએ છેલ્લે જાન્યુઆરી ૨૦૨૪માં 'કીલર સૂપ' નામની ક્રાઈમ ડ્રામા સીરિઝ રજૂ કરી હતી. આ સીરિઝમાં મનોજ બાજપેયી અને કોંકણાસેન શર્માએ મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી. અભિષેક ચૌબે નૈતિક રીતે અસ્પષ્ટ કથાવસ્તુઓ ધરાવતી ફિલ્મોને નિર્દેશિત કરવા માટે જાણીતાં છે.

'કાલા' સીરિઝનું શૂટિંગ દિવાળી બાદ પૂણેમાં શરૂ કરી દેવામાં આવશે. સિદ્ધાંત ચતુર્વેદીનું એકસલ એન્ટરટેઈન સાથે ૨૦૧૯માં તેની વિખ્યાત 'ગલી બોય' ફિલ્મ કરી ચૂક્યો છે.

**કાલા સીરિઝનું શૂટિંગ દિવાળી બાદ પુણેમાં શરૂ કરી દેવામાં આવશે**

---

### અનેક કલાકારોએ બુલેટ પ્રૂફ ગાડીઓના ઓર્ડર આપ્યા

## બોલિવુડ સ્ટાર્સ ફફડ્યા: જાહેરમાં દેખાવાનું, પેપ્સને મળવાનું ઓછું કર્યું

મુંબઈ, તા. ૨૨

ટાઈગર શ્રોફ પર ગોળીબારની ઘટનાને પગલે ફફડી ગયેલા બોલીવુડના ફિલ્મ સ્ટાર્સમાં તેમની સુરક્ષાને મામલે અચાનક જાગૃતિ આવી જતાં તેમના ઘરો પર સુરક્ષા વ્યવસ્થા કડક બનાવવામાં આવી છે તથા ઘરની બારીઓના કાચ પણ બુલેટપ્રુફ બનાવવામાં આવી રહ્યાં છે.



ફિલ્મ સ્ટાર્સ હવે સુરક્ષાને ધ્યાનમાં રાખી બુલેટપ્રુફ કાર ખરીદવા માંડ્યા છે. કેટલાય કલાકારોએ તેમના સુરક્ષા કાફલામાં વધારો કરી દીધો છે.

લોરેન્સ બિશ્નોઈ ગેંગની ધમકીઓને પગલે ફિલ્મ સ્ટાર્સ હવે તેમની સુરક્ષા માટે જાહેર કાર્યક્રમોમાં હાજરી આપવાનું ટાળવા માંડ્યા છે. ઘણાં ફિલ્મ સ્ટાર્સ હવે પાપારાઝીઓને પણ અંતર રાખવા માંડ્યા છે. ફાયરિંગની ઘટના બાદ ટાઈગર, સલમાન ખાન, આમિર ખાન અને ફિલ્મ નિર્માતા રોહિત શેટ્ટીના ઘરોની આજુબાજુ સુરક્ષા કડક બનાવવામાં આવી છે.

અક્ષય કુમાર એક્સ કેટેગરીની અને સલમાન ખાનને વાય કેટેગરીની સુરક્ષા વ્યવસ્થા પુરી પડાયેલી છે. સલમાનખાનની સાથે કામ કરી ચૂકેલી બે હિરોઈન પણ તેમની સુરક્ષાને કારણે ચિંતિત હોવાનું જાણવા મળ્યું છે.

**ઘરની બારીઓને બુલેટ પ્રૂફ કાચ, સિક્યોરિટી કાફલામાં પણ વધારો કરાયો**

---

## કિમ કર્દાશિયન @ 46 : ફેમિલી સાથે સેલિબ્રેશન




અમેરિકન રિયાલિટી સ્ટાર કિમ કર્દાશિયને ૪૬મો બર્થ ડે ધામધૂમથી ઉજવ્યો હતો. પાર્ટીમાં કિમ બે અલગ અલગ લૂકસમાં જોવા મળી હતી. કિમની બહેન ક્લો કર્દાશિયન અને કોર્ટનીએ બર્થ ડેના ફોટોઝ અને વીડિયોઝ સોશિયલ મીડિયા સાઈટ પર શેર કર્યા હતા. માતા ક્રીસ જેનરે દીકરીને બર્થ ડે વીશ કરતી ઈમોશનલ પોસ્ટ મૂકી હતી. બર્થ ડે પહેલા કિમ ફિલાઈપાઈન્સ ગઈ હતી. જ્યાં, તેણે સ્કૂબા ડાઈવિંગ, ફાયરવર્કસની મજા માણી હતી. આ સેલિબ્રેશન દરમિયાન તેનો લૂક ચર્ચામાં રહ્યો હતો. તેણે બ્રિટિશ ડિઝાઈનર માર્ક ફાસ્ટના સ્પ્રિંગ સમર કલેક્શનનો ડ્રેસ પહેર્યો હતો. કીપિંગ અપ વીથ કર્દાશિયનથી પોપ્યુલર બનેલી સ્ટાર કાન્યે વેસ્ટ સાથે ડિવોર્સ લીધા બાદ એફ-૧ સ્ટારને ડેટ કરી રહી છે. તેના દ્વારા લોન્ચ કરવામાં આવેલી ફેશન બ્રાન્ડ સ્કીમ્સ ગ્લોબલ લેવલે સફળ રહી છે.

---

### સોલાર બેટરીની મોંઘી આયાત ડ્યૂટી અને અવિચારી-અણઘડ નીતિઓને પગલે પ્રજા મોંઘી વીજળી ખરીદવા લાચાર

# ગ્રીન એનર્જીના મોટા દાવાઓ અને પ્રજાને વીજકાપનો કરંટ!

ભારતમાં રિન્યુએબલ એનર્જી અને ખાસ કરીને સૌર ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે સરકારી સ્તરે મોટા પાયે જાહેરાતો, સબસિડી યોજનાઓ અને આકર્ષક લક્ષ્યાંકો રજૂ કરવામાં આવે છે. છત પર સોલાર પેનલ લગાવીને વીજળી ગ્રાહકમાંથી વીજળી ઉત્પાદક બનવાના પ્રલોભનો નાગરિકો સમક્ષ મૂકાયા છે. જોકે, આ આકર્ષક કાગળ ઉપરના આંકડાઓ અને ગ્રાઉન્ડ રિયાલિટી વચ્ચે એક મોટો તફાવત છે, જે સામાન્ય લોકોને મોટો આર્થિક ફટકો પહોંચાડી રહ્યો છે. એક તરફ ગ્રીન એનર્જી અપનાવવા માટે સબસિડીનો પ્રચાર ચાલે છે, તો બીજી તરફ સોલાર સ્ટોરેજ માટે અનિવાર્ય ગણાતી બેટરીઓ, ખાસ કરીને લિથિયમ-આયન બેટરી પેક અને સેલ્સ ઉપર અધધ કસ્ટમ્સ ડ્યૂટી, જીએસટી અને સંરક્ષણાત્મક ટેરિફ અને સોશિયલ વેલફેર ટેક્સ લાદી દેવામાં આવ્યા છે. સૂર્યપ્રકાશ દિવસ દરમિયાન પુષ્કળ મળે, પણ સાંજ પછી અથવા પાવર કટ દરમિયાન ઘર ચલાવવા માટે જે બેટરી સ્ટોરેજ જોઈએ, તેના ભાવ સામાન્ય નાગરિકની પહોંચ બહાર ધકેલાઈ ગયા છે.

> **કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટ્સમાં કાચા માલની અછત, ટ્રાન્સમિશન નેટવર્કની ખામીઓ અને વધતી જતી માંગને કારણે દેશના ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં કલાકો સુધી અઘોષિત વીજકાપ સામાન્ય બાબત બની ગઈ છે. પીક અવર્સમાં જ્યારે વીજળીની સૌથી વધુ જરૂર હોય છે, ત્યારે પરંપરાગત પાવર ગ્રીડ નિષ્ફળ નીવડે છે. તેનો વિકલ્પ ગ્રીન એનર્જી છે પણ તેમાં ઘાટ કરતા ઘડામણ મોંઘા જેવી સ્થિતિ થઈ છે : કેન્દ્ર સરકારે સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને આયાત ઘટાડવા માટે બેઝિક કસ્ટમ્સ ડ્યૂટી અને અન્ય કરવેરા વધારવાનો માર્ગ પસંદ કર્યો છે. આયાતી બેટરી અને સેલ્સ પર ૧૫થી ૨૦ ટકા કે તેથી વધુ કસ્ટમ્સ ડ્યૂટી, તેના પર લાગતો સેસ અને જીએસટી ઉમેરાતાં મૂળ કિંમત કરતાં બેટરીનો અંતિમ ભાવ સામાન્ય ગ્રાહક માટે લગભગ ૩૦થી ૪૦ ટકા વધી જાય છે**

તાજેતરમાં જ સમસ્યા સામે આવી છે કે, સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ અને કસ્ટમ દ્વારા ગ્રીડ સ્કેલ અને સ્ટેશનરી બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ ઉપર ૧૦ ટકા બેસિક કસ્ટમ ડ્યૂટી, ૧૮ ટકા જીએસટી અને ૧૦ ટકા સામાજિક કલ્યાણ સરચાર્જ જેવા ટેક્સ લાગુ કર્યા છે. આ સિવાય પણ કેન્દ્રીય એજન્સીઓ દ્વારા લિથિયમ બેટરીની આયાત દરમિયાન તેની ગુણવત્તા અંગે પણ વિવિધ નિયમો લાગુ કરવામાં આવ્યા છે. તેના પગલે સ્થિતિ એવી થઈ છે કે, આયાતકારો પૂરતા પ્રમાણમાં બેટરી આયાત કરી શકતા નથી. બેટરીની અછતને પગલે સોલાર પેનલ કામ કરતી અને વીજળીનો સંગ્રહ કરતી અટકી ગઈ છે. તેના કારણે લોકોને સોલાર પેનલ હોવા છતાં ગ્રીડની વીજળીનો ઉપયોગ કરવો પડે છે અને વીજળીનું બિલ વધારે ચુકવવું પડે છે.

જાણકારોના મતે આ વિરોધાભાસ ત્યારે વધુ ગંભીર બને છે જ્યારે દેશની ગ્રીડ વ્યવસ્થા ગરમીની ઋતુમાં હાંફી જાય છે. કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટ્સમાં કાચા માલની અછત, ટ્રાન્સમિશન નેટવર્કની ખામીઓ અને વધતી જતી માંગને કારણે દેશના ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં કલાકો સુધી અઘોષિત વીજકાપ સામાન્ય બાબત બની ગઈ છે. પીક અવર્સમાં જ્યારે વીજળીની સૌથી વધુ જરૂર હોય છે, ત્યારે પરંપરાગત પાવર ગ્રીડ નિષ્ફળ નીવડે છે. આવા સંજોગોમાં ડિસેન્ટ્રલાઈઝ્ડ સોલાર અને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ (BESS) શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થઈ શકે છે. પરંતુ નીતિ નિર્માતાઓએ સ્થાનિક સ્તરે પૂરતું ઉત્પાદન શરૂ થાય તે પહેલાં જ આયાતી સાધનો પર આકરા કરવેરા ઝીંકી દીધા છે. પરિણામે, જેને સાચો સ્વચ્છ ઉર્જા વિકલ્પ બનાવવો જોઈતો હતો, તે સામાન્ય અને મધ્યમ વર્ગ માટે મોંઘવારીનું નવું સાધન બની ગયો છે.

ઉલ્લેખનીય છે કે, ભારતમાં સોલાર સ્ટોરેજ સેક્ટરમાં વપરાતી અદ્યતન બેટરીઓ માટેની નિર્ભરતા મુખ્યત્વે ચીન પર રહેલી છે. હાલના આંકડાકીય અંદાજો મુજબ, ભારતમાં આયાત થતા કુલ લિથિયમ-આયન સેલ્સ અને બેટરી મોડ્યુલ્સમાંથી ૭૦થી ૮૦ ટકાથી વધુ હિસ્સો એકલા ચીનમાંથી આવે છે. ભારત દર વર્ષે અબજો ડોલરના મૂલ્યની લિથિયમ-આયન બેટરીઓની આયાત કરે છે. વૈશ્વિક સપ્લાય ચેઈન પર નજર કરીએ તો લિથિયમ પ્રોસેસિંગ, કેથોડ-એનોડ નિર્માણ અને વિશાળ ગીગાફેક્ટરી સ્કેલિંગ પર ચીનનું વર્ચસ્વ છે. ચીનની સરકાર દ્વારા વર્ષો સુધી અપાયેલા પ્રોત્સાહનો, વિશાળ લોજિસ્ટિક્સ અને કાચા માલના સંશોધન પરના નિયંત્રણને કારણે ચીની ઉત્પાદકો જે સ્કેલ અને ખર્ચે બેટરીનું ઉત્પાદન કરે છે, તેની સરખામણી વૈશ્વિક સ્તરે કોઈ દેશ તાત્કાલિક કરી શકે તેમ નથી.

આ ઉપરાંત ખર્ચના સંદર્ભમાં ચીનની બેટરીઓ ભારતીય કે પશ્ચિમી ઉત્પાદકો કરતાં ૩૦થી ૪૫ ટકા સુધી સસ્તી પડે છે. ભારત જ્યારે ચીનમાંથી સેલ કે પેક મંગાવે છે ત્યારે પ્રતિ કિલોવોટ-કલાક (kWh) ખર્ચ વૈશ્વિક બજારભાવ કરતાં પણ નીચો રહે છે. ચીની ઉત્પાદકો મોટા ઓર્ડર પર માર્જિન ઘટાડીને પણ સપ્લાય કરી શકે છે. જ્યારે બીજી તરફ ભારતમાં હજુ લિથિયમ સેલ ઉત્પાદનની પ્રાથમિક ફેક્ટરીઓ આકાર લઈ રહી છે. ભારતમાં હાલ મોટાભાગે બેટરી પેક એસેમ્બલ થાય છે, પરંતુ તેના માટે મહત્ત્વનો પાર્ટ ગણાતા જે સેલ છે તેનું ઉત્પાદન નહિવત છે. પરિણામે, ભારતીય એસેમ્બલર્સ પણ ચીની સેલ મંગાવીને પેક બનાવે છે. સ્થાનિક સ્તરે તૈયાર થતા પેક્સ પર સ્કેલ ઓફ ઈકોનોમીના અભાવે ઉત્પાદન ખર્ચ પહેલેથી ઊંચો હોય છે, જેના કારણે ચીનની આયાતી બેટરીઓ સીધી રીતે જ બજારમાં વધુ સસ્તી અને સ્પર્ધાત્મક બની રહે છે.

ચીનથી આયાત થતી સસ્તી બેટરીના તાત્કાલિક લાભો સ્પષ્ટ છે. પ્રથમ તો, તે ભારતના સામાન્ય પરિવારો અને નાના વેપારીઓ માટે ઓફ-ગ્રીડ અથવા હાઈબ્રિડ સોલાર સિસ્ટમને આર્થિક રીતે પોસાય તેવી બનાવે છે. ખેતરોમાં સોલાર પંપ સેટ્સ હોય કે નાની દુકાનોમાં ડીઝલ જનરેટરનો વિકલ્પ, સસ્તી બેટરીઓ લોકોનો ઈંધણ ખર્ચ બચાવે છે અને પ્રદૂષણ ઘટાડે છે. વધુમાં, ટેલિકોમ ટાવર્સ, હોસ્પિટલો અને શિક્ષણ સંસ્થાઓ જેવી સેવાઓ જ્યાં અવિરત વીજળી જોઈએ, ત્યાં સસ્તી ચીની બેટરીઓ વીજકાપની સ્થિતિમાં રાહત પૂરી પાડે છે. ગ્રીન એનર્જીનું રોકાણ ઝડપથી વસૂલ થાય તો જ સામાન્ય ગ્રાહક પરંપરાગત પાવર કનેક્શન પરથી સોલાર તરફ વળવા પ્રેરાય છે, અને આ ઝડપી વળતર માટે સસ્તા સ્ટોરેજ સાધનો અનિવાર્ય પરિબળ છે.

જોકે, સિક્કાની બીજી બાજુ ચીન પરની આ આંધળી નિર્ભરતાના ગંભીર વ્યૂહાત્મક અને આર્થિક નુકસાન પણ છે. ચીન કોઈપણ ક્ષણે ભૂરાજકીય તણાવ વખતે સપ્લાય ચેઈન અટકાવીને ભારતની ઉર્જા સુરક્ષા જોખમમાં મૂકી શકે છે. ભૂતકાળમાં દવાઓના એપીઆઈ (API) અને સોલાર સેલના કિસ્સામાં આપણે આ જોયું છે. બીજું મોટું નુકસાન ડમ્પિંગ અને ગુણવત્તાનું છે. સસ્તા માલના નામે ઘણીવાર ભારતીય બજારમાં બી-ગ્રેડ સેલ્સ કે જૂની ટેકનોલોજીવાળી બેટરીઓ ઠાલવવામાં આવે છે, જે ભારતની ઊંચી ગરમી સહન ન કરી શકતા આગ લાગવાના કે ઝડપથી ખરાબ થવાના બનાવો બને છે. ઉપરાંત, સસ્તી આયાતને લીધે ભારતમાં સ્થાનિક બેટરી ઉત્પાદકો ક્યારેય સ્પર્ધામાં ટકી શકતા નથી. પરિણામે દેશનું રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R&D) કુંઠિત રહે છે અને સ્થાનિક સ્તરે હજારો મેન્યુફેક્ચરિંગ રોજગારીઓનું સર્જન અટકી જાય છે.




જ્યારે દેશમાં પાવર ગ્રીડ આઠ-આઠ કલાક વીજળી કાપી લેતી હોય, ત્યારે નાગરિક પોતાની જાતે બેટરી સ્ટોરેજ સિસ્ટમ વસાવીને આત્મનિર્ભર બનવા માંગે છે. પરંતુ સરકારની નીતિઓ આ પ્રક્રિયાને પ્રોત્સાહિત કરવાને બદલે દંડિત કરતી હોય તેવું વાતાવરણ ઊભું થયું છે. આયાત શુલ્ક વધારવાથી મોંઘવારી વધી છે, ઈન્વર્ટર અને સોલાર બેટરીના સેટ્સ મોંઘા થયા છે અને ગ્રામીણ વિસ્તારોમાં જે ખેડૂતો કે નાના કારીગરો સૂર્યશક્તિના સહારે આગળ વધવા માંગતા હતા, તેઓ ફરીથી પરંપરાગત ડીઝલ કે ગ્રીડની અનિશ્ચિતતા તરફ ધકેલાયા છે.

આ સ્થિતિમાંથી બહાર નીકળવા માટે સરકારે તેની કર નીતિ અને ઊર્જા વ્યૂહરચના વચ્ચે સંતુલન સાધવું પડશે.

**ન્યૂઝ ફોકસ**

## સરકારના પાપે ગ્રીન એનર્જી લોકો માટે સફેદ હાથી બની ગઈ છે

કેન્દ્ર સરકારે સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને આયાત ઘટાડવા માટે બેઝિક કસ્ટમ્સ ડ્યૂટી અને અન્ય કરવેરા વધારવાનો માર્ગ પસંદ કર્યો છે. આયાતી બેટરી અને સેલ્સ પર ૧૫ થી ૨૦ ટકા કે તેથી વધુ કસ્ટમ્સ ડ્યૂટી, તેના પર લાગતો સેસ અને જીએસટી ઉમેરાતાં મૂળ કિંમત કરતાં બેટરીનો અંતિમ ભાવ સામાન્ય ગ્રાહક માટે લગભગ ૩૦થી ૪૦ ટકા વધી જાય છે.

સરકારનો તર્ક એવો છે કે ઊંચા ટેરિફ લાદવાથી વિદેશી માલ મોંઘો થશે અને તેથી સ્થાનિક ઉત્પાદન વધશે, જેને મેક ઈન ઈન્ડિયા અને પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ યોજનાઓ દ્વારા બળ મળશે. પરંતુ સરકારી નીતિ નિર્માતાઓ એ મૂળભૂત ગણતરી ભૂલી ગયા કે જ્યાં સુધી દેશમાં માંગ જેટલું ઉત્પાદન શરૂ ન થાય, ત્યાં સુધી આયાત પર ટેક્સ નાખવાનો અર્થ માત્ર ગ્રાહકના ખિસ્સા પર બોજ વધારવો છે. વાસ્તવિકતા એ છે કે ભારતમાં લિથિયમ-આયન બેટરી સેલનું વિશાળ પાયે ઉત્પાદન થતાં હજુ વર્ષો લાગશે. દેશ પાસે લિથિયમ, નિકલ કે કોબાલ્ટ જેવા કાચા માલના વ્યવસાયિક સ્તરે કાર્યરત પ્રોસેસિંગ પ્લાન્ટ્સ નથી. પીએલઆઈ સ્કીમ હેઠળ મંજૂર થયેલી ગીગાફેક્ટરીઓ હજુ નિર્માણ કે ટેસ્ટિંગના તબક્કામાં છે. આમ, સપ્લાય અને ડિમાન્ડ વચ્ચે વિશાળ ગેપ છે. ગ્રાહક પાસે ભારતીય બેટરી ખરીદવાનો વિકલ્પ જ નથી, અને આયાતી બેટરી પર સરકાર અધધ કરવેરા વસૂલે છે.

પરિણામે, સરકારે આપેલી સોલાર પેનલની સબસિડી બેટરીના કરવેરા ભરવામાં જ ખર્ચાઈ જાય છે. એક હાથે સબસિડી આપવી અને બીજા હાથે બેટરીના કરવેરા રૂપે નાણાં પાછા ખેંચી લેવા જેવો આ વિરોધાભાસ છે, જેનાથી ગ્રીન એનર્જી ક્રાંતિ મધ્યમ વર્ગ માટે માત્ર એક મોંઘો શોખ બનીને રહી ગઈ છે. લોકો માટે સફેદ હાથી સાબિત થઈ રહી છે.

## પશ્ચિમ એશિયાની તંગદિલીમાં વધારો થાય તેવી સ્થિતિ સર્જાઈ

**મધ્ય પૂર્વમાં ફરી ભડકો**

# હોર્મુઝમાં એક રાતમાં સાત ટેન્કરો પર હુમલા

તેલ અવીવ,તા.૨૨

હોર્મુઝની ખાડીમાં ઈરાનના નૌકાદળના હુમલામાં અથવા તો તેણે બિછાવેલી સમુદ્રી સુરંગો સાથે અથડાવવાના લીધે એક જ રાતમાં સાત ઓઈલ ટેન્કરોમાં આગ લાગી હતી અથવા તો ભારે નુકસાન થયું હતું. એક જ રાતમાં આટલા બધા ટેન્કરોને નુકસાન થયું હોવાની ઘટના આટલા યુદ્ધમાં પણ ક્યારેય બની નથી. તે સંજોગોમાં આ નવી સ્થિતિના પગલે અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ ફાટી નીકળવાની સંભાવના વધારે પ્રબળ બની ગઈ છે. હાલમાં તો બંને દેશ વચ્ચે બરોબરનો ભારેલો અગ્નિ છે અને ગમે તે ઘડીએ તેમા પલિતો ચંપાઈ શકે છે.

## એરપોર્ટ અને ઓઈલ ફિલ્ડ પર હુથીઓના હુમલામાં એક ભારતીય સહિત કુલ ત્રણનાં મોત અને ૨૧ લોકો ઘાયલ થયા

ઈરાનના સરકારી ટેલીવિઝને જણાવ્યું હતું કે સાત ઓઈલ ટેન્કરમાં આગ લાગી છે. ગુરુવારે તેમના પર હુમલો થયા પછી અને તે માઈન્સને અથડાયા પછી આ નુકસાન થયું છે. ૨૮મી ફેબ્રુઆરીએ અમેરિકા-ઈરાન યુદ્ધ શરૂ થયા પછી આ રીતે એક જ દિવસમાં આટલા બધા ટેન્કરોને નુકસાન થયાની ઘટના પહેલી વખત બની છે.

રિવોલ્યુશનરી ગાર્ડ્સની નેવીને ટાંકીને આપેલા નિવેદનમાં ઈરાને જણાવ્યું હતું કે ચાર ટેન્કરો ઓઈલ ટ્રાન્સફર કરી રહ્યા હતા ત્યારે તેને નિશાન બનાવવામાં આવ્યા હતા, જ્યારે ત્રણને માઈન્સને અથડાવવાના લીધે નુકસાન થયું હતું. જો કે તેમા જાનહાનિના કે આ ટેન્કરો ક્યાંના હતા તેની કોઈ વિગતો આપી નથી.

અહેવાલમાં ચેતવણી આપવામાં આવી હતી કે જો અમેરિકા ટેન્કરોને હોર્મુઝમાંથી બીજા રુટે લઈ જવામાં મદદ કરે છે તો રિવોલ્યુશનરી ગાર્ડ ખાડી દેશોમાં આવેલા અમેરિકાના થાણાઓ પર હુમલા કરી શકે છે. યુદ્ધ દરમિયાન રિવોલ્યુશનરી ગાર્ડ નિયમિત રીતે અમેરિકન થાણાઓને લક્ષ્યાંક બનાવતા આવ્યા છે.આ ઉપરાંત ઈઝરાયેલે છેક ઈરાનની સરહદ સુધી એરફોર્સ દ્વારા યુદ્ધાભ્યાસ કરતાં તંગદિલીમાં વધારો થયો છે. આગામી દિવસોમાં ફરીથી યુદ્ધ ફાટી નીકળશે તો આશ્ચર્ય નહીં થાય. ઈઝરાયેલમાં ચૂંટણી અને અમેરિકામાં મિડટર્મ ઈલેકશન પછી બંને દેશ ઈરાન પર હુમલા કરવાનું શરૂ કરે તો આશ્ચર્ય નહીં થાય.

ઈરાનના હોર્મુઝમાં સાત ટેન્કરો પરના હુમલાના દાવાની સ્વતંત્ર રીતે ચકાસણી કરી શકાઈ નથી. ઈરાન અમેરિકા સાથેની વાતચીતમાં સતત હોર્મુઝ પરના દાવાનો પુનરોચ્ચાર કરતું આવ્યું છે, જેનો અમેરિકા વિરોધ કરતું આવ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે અમેરિકા-ઈરાન યુદ્ધને આટલો સમય થયો તેમા કોમર્સિયલ જહાજ પર સૌથી

(અનુસંધાન ૧૬મે પાને)

### ઈઝરાયેલની એરફોર્સે છેક ઈરાનની સરહદ સુધી અભ્યાસ કરતાં આગામી દિવસોમાં યુદ્ધ થવાના ભણકારા

### રેડ સીમાં ભારતીયોને લઈ જતી હોડી પર સાઉદીનો હુમલો

રેડ સીમાં ભારતીય નાગરિકોને લઈ જતી એક નાવ પર સાઉદી અરેબિયાએ સ્ટ્રાઈક કરી હોવાનું સામે આવ્યું છે. યમનના હુથી બળવાખોરોએ જણાવ્યું હતું કે જુકર દ્વીપ પાસે આ નાવને લક્ષ્યાંક બનાવવામાં આવી. તેમાં ૧૪ ભારતીય સવાર હતા. હુથીઓના લશ્કરી પ્રવક્તાએ જણાવ્યું હતું કે તેમની ટીમ નાવ પર સવાર લોકોને બચાવવા માટે પ્રયત્ન કરી રહી છે. જો કે આ ઘટનાને લઈને તંત્રમાં કોઈને કશી ખબર નથી.

### ઈરાને ૧૦૦ કિલો શસ્ત્રો લઈ જઈ શકતાં નવા ડ્રોન બનાવ્યા

તહેરાન,તા.૨૨

ઈરાનના સરકારી ટીવીએ ગુરુવારે સંખ્યાબંધ ડઝનના પ્રમાણમાં મિલિટરી ડ્રોન બતાવ્યા હતા.

આ ડ્રોન અગાઉના ડ્રોન કરતાં વધુ શક્તિશાળી અને વધુ સોફિસ્ટિકેટેડ છે. અહેવાલમાં આ ડ્રોન કોઈ અંડરગ્રાઉન્ડ લોકેશનમાં હોવાનું બતાવાયું હતું. આ ડ્રોન ૧૦૦ કિલોગ્રામ સુધીના શસ્ત્રો ઉંચકીને લઈ જાય છે. તે અગાઉની પેઢીના ડ્રોન કરતાં બમણા પાવરફુલ છે. ઈરાન ડ્રોન અને અનમેન્ડ સિસ્ટમ બનાવવામાં એક નવા જ સ્તરે પહોંચી ગયું છે.

### ૭૦૦ વર્ષથી અધૂરા મંદિરનો રોચક ઈતિહાસ



કોઈપણ બિલ્ડિંગનું નિર્માણ જલ્દીથી જલ્દી થાય તેવા પ્રયત્નો કરવામાં આવતા હોય છે. જ્યારે, વાત મંદિરની આવે ત્યારે વધારે પ્રયત્નો કરવામાં આવતા હોય છે. તમિલનાડુમાં એક એવું મંદિર આવેલું છે, જેનું નિર્માણ ૧૩મી સદીમાં હોયસાલા વંશના રાજા નરસિંહ ત્રીજાના શાસનમાં શરૂ કરવામાં આવ્યું હતું. બાંધકામ પૂરજોશમાં શરૂ કરાયું હતું. પરંતુ, તે સમયે દિલ્હી સલ્તનતે આક્રમણ કરતા બાંધકામ અધૂરું રહ્યું હતું. સમય જતા શાસકો બદલાયા અને સદીઓ વીતી ગઈ. ૭૦૦ વર્ષ બાદ તમિલનાડુની ડીએમકે સરકાર દ્વારા આ મંદિરને પૂર્ણ કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. જેના પર વિજય સરકારે કામ શરૂ કર્યું છે.

## એઆઈએ સુરક્ષા સંબંધિત મોટી ખામી શોધી કાઢી

# ઈન્ટરનેટ હાઈએલર્ટ : સોફ્ટવેરની ખામીના કારણે દુનિયામાં ૭૦ ટકા સરકારી વેબસાઈટ્સ ઠપ

(પીટીઆઈ) વોશિંગ્ટન, તા.૨૨

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી ઈન્ટરનેટ પર ચાલતી ૭૦ ટકા વેબસાઈટ્સ દ્વારા ઉપયોગમાં લેવાતી પ્રોગ્રામિંગ ભાષામાં મોટી ખામી શોધી કાઢવામાં આવી છે, જેના કારણે દુનિયાભરના ટેક જગતમાં હોબાળો મચી ગયો છે. આ ખામીના કારણે હેકર્સ દ્વારા નાણાકીય ફ્રોડ કરવાની સાથે યુઝર્સના ડેટા પણ તેમના હાથમાં જતા રહે તેવું જોખમ છે. આ જોખમથી બચવા માટે યુરોપ સહિત અનેક દેશોમાં તકેદારીના ભાગરૂપે સરકારી અને જાહેર વેબસાઈટ્સ ઓફલાઈન કરી દેવાઈ હતી. સોફ્ટવેર ડેવલપર્સે આ ખામીઓ દૂર કરવા માટે આખી રાત કામ કરવું પડ્યું હતું. જોકે, અનેક સરકારી વેબસાઈટ્સ ગુરુવારે કામ કરતી જોવા મળી હતી.

## વેબસાઈટ્સ ચલાવતી પ્રોગ્રામિંગ ભાષા પીએચપીમાં ખામી દૂર કરવા માટે નવા સુરક્ષા અપડેટ જાહેર કરાયા

ઈન્ટરનેટની દુનિયામાં છેલ્લા ૨૪ કલાક ભારે હલચલભર્યા રહ્યા. વેબસાઈટ ચલાવતા સોફ્ટવેરથી લઈને ડિજિટલ સર્ટિફિકેટ, એઆઈ ટૂલ અને ક્લાઉડ પ્લેટફોર્મ સુધી ઈન્ટરનેટમાં અનેક જગ્યાઓ પર સુરક્ષા સંબંધિત ગંભીર ખામીઓ સામે આવી છે. અનેક ખામીઓ એવી હતી, જેમાં સાયબર હુમલાખોર ક્યાંક સર્વર પર પોતાનો કોડ ચલાવી શકે તેમ હતા તો ક્યાંક સોફ્ટવેરના અપડેટમાં જ ખતરનાક કોડ નાંખી દેવાયો હતો.

ભારતની કંપની ઈમુદ્રામાંથી પણ ડિજિટલ સર્ટિફિકેટનો કેસ પણ હાલમાં વૈશ્વિક સાયબર સિક્યોરિટીની મોટી

(અનુસંધાન ૧૫મે પાને)

## ટેકનોલોજીના ઈતિહાસમાં કોઈ કંપનીને લાગેલી સૌથી મોટી પેનલ્ટી

# ડેટા-લીક કેસ : અમેરિકામાં મેટાને ૨.૩ લાખ કરોડ રૂપિયાનો તોતિંગ દંડ ફટકારાયો

વૉશિંગ્ટન, તા. ૨૨

અમેરિકાના ન્યૂ મેક્સિકોમાં ફેસબુક-ઈન્સ્ટાગ્રામ-વોટ્સએપની પેરેન્ટ કંપની મેટા પર ડેટા લીકના મુદ્દે ૨૫ અબજ ડોલરનો દંડ ફટકારાયો છે. ડેટા પ્રાઈવસી મુદ્દે અગાઉ પણ અમેરિકા-યુરોપની કોર્ટમાં મેટાને દંડ થઈ ચૂક્યો છે, પરંતુ આ દંડ અત્યાર સુધીનો સૌથી વધુ છે. એકેય ટેકનોલોજીની કંપનીને દુનિયાની કોઈ કોર્ટે આટલી મોટી રકમનો દંડ ફટકાર્યો નથી. મેટા કોર્ટના આ ચુકાદા સામે ઉપલી કોર્ટમાં અપીલ કરશે.

## કેમ્બ્રિજ એનાલિટિકા સ્કેમના કેસમાં ન્યૂ મેક્સિકોની કોર્ટનો ચુકાદો : ફેસબુકે યુઝર્સને ગેરમાર્ગે દોર્યાનું સાબિત થયું

અમેરિકાના ન્યૂ મેક્સિકોની કોર્ટે કેમ્બ્રિજ એનાલિટિકાના ડેટાના કૌભાંડ બાબતે ચુકાદો આપ્યો હતો.

ફેસબુકના યુઝર્સને ગેરમાર્ગે દોરાયા હતા એ સ્વીકારીને કોર્ટે ફેસબુક-ઈન્સ્ટાગ્રામ-વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાને યુઝર્સની પ્રાઈવસીનો ભંગ કરવા બદલ ૨૫ અબજ ડોલર યાને અંદાજે ૨.૩ લાખ કરોડ રૂપિયાનો દંડ કર્યો છે.

૨૦૨૧માં ન્યૂ મેક્સિકોની કોર્ટમાં મેટા સામે ન્યૂ મેક્સિકો રાજ્યની સરકારે જ કેસ કર્યો હતો. રાજ્ય સરકારે આરોપ મૂક્યો હતો કે કંપની યોગ્ય રીતે યુઝર્સને તેમના ડેટાની જાણકારી આપતી નથી. નફરત ફેલાવતું કન્ટેન્ટ હટાવતી નથી. જુદી જુદી રીતે યુઝર્સના ડેટા તફડાવે છે અને તેને લીક કરે છે.

આ કેસમાં ન્યૂ મેક્સિકોની કોર્ટે કહ્યું હતું કે આ મામલો માત્ર યુઝર્સની પ્રાઈવસીનો નથી, પરંતુ સોશિયલ મીડિયા કંપનીઓની જવાબદારીનો પણ છે. કોર્ટે કહ્યું હતું કે કંપનીના કુલ ૨૯ નિવેદનોમાંથી ૨૬ નિવેદનો ગેરમાર્ગે દોરે છે. ન્યૂ મેક્સિકોના કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ

(અનુસંધાન ૧૫મે પાને)

### ફેસબુકના ૮.૭ કરોડ યુઝર્સનો ડેટા લીક થયો હતો

કેમ્બ્રિજ એનાલિટિકા બ્રિટિશ કંપની છે. તેણે ફેસબુકના ડેટાનો ઉપયોગ કરીને યુઝર્સને પ્રભાવિત કર્યા હતા. થર્ડ પાર્ટી એપના માધ્યમથી બ્રિટિશ કંપનીએ ફેસબુકના ૭.૮ કરોડ યુઝર્સના ડેટા લીક કર્યા હતા. એ પછી ચૂંટણીમાં એ ડેટાનો ઉપયોગ થયો હતો ને તેની જાણ ફેસબુક યુઝર્સનેફણ ન હતી. તેના કારણે ઘેરી અસર થઈ હતી. દુનિયાના ઘણાં દેશોની ચૂંટણીઓ પ્રભાવિત થઈ હતી ને એમાં ડોનાલ્ડ ટ્રમ્પની ૨૦૧૬ની ચૂંટણીનો પણ સમાવેશ થતો હતો. પછીથી માર્ક ઝકરબર્ગે ફેસબુક યુઝર્સના ડેટાનો ઉપયોગ ચૂંટણીઓમાં થવા બાબતે અમેરિકી કોંગ્રેસ સામે માફી પણ માગી હતી.

## સીજેપીના દાસ-રાંકાને જામીન મળતા જ ક્રાઈમ બ્રાન્ચની નોટિસ

# જ્ઞાનેશ સામેના આંદોલનમાં તડાં : નેહા બોરાના સીજેપીથી અલગ થવાના સંકેત

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૨૨

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે દિલ્હીમાં દેખાવોમાં કોકરોચ જનતા પાર્ટી સાથે મોટો ચહેરો બનીને ઊભરેલી ડાબેરી વિદ્યાર્થી સંગઠન એઆઈએસએની પ્રમુખ નેહા બોરાએ સીજેપીથી અલગ કરતા સીઈસી જ્ઞાનેશ કુમાર સામેના આંદોલનમાં તડાં પડ્યા હોવાના સંકેત મળ્યા છે. બીજીબાજુ કનોટ પ્લેસમાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવા મુદ્દે નેહા બોરાએ કહ્યું હતું કે તેને તિરંગો ફરકાવવા માટે કોઈની મંજૂરીની જરૂર નથી.

## કનોટ પ્લેસમાં અન્ય સંગઠનની હાકલથી ગઈ હતી, રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવા કોઈની મંજૂરીની જરૂર નથી : નેહા બોરા

ડાબેરી વિદ્યાર્થી સંગઠન એઆઈએસએની પ્રમુખ નેહા બોરાએ દિલ્હી હાઈકોર્ટમાં કનોટ પ્લેસમાં સીજેપી નેતાઓના વિરોધ પ્રદર્શનના આહ્વાનથી પોતાને અલગ કરી હતી. નેહા બોરાએ કહ્યું કે, કનોટ પ્લેસ પાર્કમાં અલગથી બોલાવાયેલા આહ્વાનમાં તે જોડાઈ હતી. નેહા બોરાએ દિલ્હી પોલીસની નોટીસને હાઈકોર્ટમાં પડકારી હતી, જેના પર સુનાવણી થઈ હતી. હાઈકોર્ટમાં સુનાવણી સમયે નેહાએ કનોટ પ્લેસમાં કોકરોચ જનતા પાર્ટીએ બોલાવેલા દેખાવોથી પોતાને અલગ કરી હતી. આ સાથે તેણે કહ્યું હતું કે, તેને તિરંગો ફરકાવવા માટે કોઈની મંજૂરીની જરૂર નથી. નેહા બોરાએ દિલ્હી પોલીસની પીસ બોન્ડ ભરવાની નોટિસનો વિરોધ

(અનુસંધાન ૧૫મે પાને)

## જરાંગેએ ઓડિયો ક્લિપ રજૂ કરતાં ભારે ચકચાર

# જરાંગને દબાવવા શિંદેએ ભાજપ પાસેથી ૫૦૦ કરોડ લીધાનો દાવો

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા. ૨૨

મહારાષ્ટ્રમાં મરાઠા અનામતના મુદ્દે રાજકીય સંઘર્ષે નવો વળાંક લીધો છે. મરાઠા અનામતના મુદ્દે મનોજ જરાંગેએ તેમને ચૂપ કરવાઅને તેમના આંદોલનને નબળું પાડવા રૂ. ૫૦૦ કરોડના કથિત વ્યવહારના કાવતરાનો આરોપ લગાવી ઓડિયો ક્લિપ પ્રગટ કરી હતી. ક્લિપમાં સાંસદ શ્રીકાંત શિંદે મારફતે જરાંગેને નાણાં પહોંચાડાયાની વાત હોવાનો દાવો કરાયો છે. ક્લિપમાં ભાજપના નેતાઓના અવાજ હોવાનો પણ આરોપ છે.

## ક્લિપમાં ભાજપના નેતાઓનો અવાજ હોવાનો દાવો શિંદે સેનાએ બદનામ કરવાનું કાવતરું ગણાવ્યું

એકનાથ શિંદેએ નાણાકીય વ્યવહારનો ઈનકાર કર્યો છે જ્યારે શિવસેનાએ આક્ષેપોને પક્ષને બદનામ કરવાનું કાવતરું ગણાવી ક્લિપની ફોરેન્સિક તપાસની માગ કરી છે. આ વિવાદથી સત્તાધારી ભાજપ અને એકનાથ શિંદેની શિવસેના વચ્ચે પણ તણાવ વધ્યો છે

આ વિવાદની શરૂઆત બીડ જિલ્લાના નારાયણગઢ ખાતે યોજાયેલી દશેરાની રેલીથી થઈ હતી. ત્યાં જરાંગેએ દાવો કર્યો હતો કે ભાજપના એક નેતાએ તેમને જણાવ્યું હતું કે એકનાથ શિંદેએ ભાજપ પાસેથી રૂ. ૫૦૦ કરોડ મેળવ્યા હતા અને આ રકમ તેમના પુત્ર તથા સાંસદ શ્રીકાંત શિંદે મારફતે પહોંચાડવામાં આવી હતી.ત્યારબાદ શિંદેએ આક્ષેપોને ફગાવી દેતાં કહ્યું હતું કે તેમણે કોઈને રૂ. ૫૦૦ કરોડ આપ્યા નથી કે મેળવ્યા નથી. તેમણે જરાંગેને પુરાવા રજૂ કરીને આરોપ સાબિત કરવાનો પડકાર આપ્યો હતો. આજે

(અનુસંધાન ૧૫મે પાને)

## ભ્રષ્ટ શાસકોના લીધે અમેરિકા બરોબરનું મૂરખ બન્યું

# વેનેઝુએલાનું ક્રૂડ ઓઈલ રિઝર્વ ૩૦૩ અબજ નહીં, ૧૦૧ અબજ બેરલ !

(પીટીઆઈ) કારકાસ, તા.૨૨

કોઈ લૂંટારુ વેપારી પાસેથી કોથળો લૂંટી ગયો હોય અને તેને લાગતું હોય કે તેના હાથમાં બહુ મોટો દલ્લો આવી ગયો છે, પરંતુ તે કોથળો ખોલીને જુએ તો તેમા કશું જ ન હોય. આવી સ્થિતિ અમેરિકાની વેનેઝુએલાના સંદર્ભમાં થઈ છે. વેનેઝુએલામાં ૩૦૩ અબજ બેરલનું ક્રૂડ ઓઈલ રિઝર્વ હોવાના દાવાના આધારે અમેરિકાએ ત્યાં આક્રમણ કરીને તેના પ્રમુખને પોતાના કબ્જામાં લીધા અને તેના ઓઈલના કૂવા કબ્જે કર્યા. આ સમય હકીકત સામે આવી કે તે જેટલું ઓઈલ હોવાનું માનતું હતું તેટલું ઓઈલ છે જ નહીં.

## નિષ્ણાતો વેનેઝુએલાની ક્રૂડ ઓઈલ રિઝર્વ ૬૫થી ૧૨૦ અબજ ડોલરની વચ્ચે જ હોવાની પ્રબળ માન્યતા ધરાવે છે

વેનેઝુએલાની ભ્રષ્ટ સરકારોએ ફક્ત વિદેશીઓને આકર્ષવા માટે ૩૦૩ અબજ બેરલનો ક્રૂડ ઓઈલ ભંડાર હોવાની વાત ચલાવી રાખી હતી, જે વાસ્તવમાં છે જ નહી. તેનો ક્રૂડ ઓઈલ ભંડાર માંડ ૧૦૧ અબજ બેરલનો જ હોવાનું માનવામાં આવે છે, આ આંકડા પણ પાછા અમેરિકન કંપનીએ જ બે દાયકા પહેલા ચકાસણી કરીને આપ્યા હતા, પરંતુ ૨૦૦૦ના દાયકામાં વેનેઝુએલામાં હ્યુગો ચાવેઝની સરકારે અમેરિકન કંપનીએ આપેલા પ્રમાણિત આંકડાના બદલે તેના ત્રણ ગણા આંકડા દર્શાવ્યા અને વર્ષો સુધી આ ખેલ ચલાવ્યો. તેના લીધે આ આંકડાને સત્ય માની લેવામાં આવ્યા.

(અનુસંધાન ૧૫મે પાને)

### વેનેઝુએલાની લૂંટ ટ્રમ્પને ખાસ ફળી નહી શકે, ઘાટ કરતાં ઘડામણ મોંઘુ પડે તેવી સ્થિતિ સર્જાઈ

### દિલ્હીની વાત

**'સૌરવ અને આશુ મારા કરતા મોટા નેતાઓ છે'**

નવીદિલ્હી, તા. ૨૨

કોકરોચ જનતા પાર્ટીના નેતા આશુતોષ રાંકા અને સૌરવ દાસને ૭ દિવસોના જેલવાસ પછી જામીન મળી ગયા. સીજેપીના નેતાઓએ નવી દિલ્હીમાં એક વિશેષ કાર્યકારી મેજીસ્ટ્રેટની કોર્ટમાં સોગંદ આપ્યા છે કે તેઓ જંતર મંતર પર કોઈપણ પ્રકારના પ્રોટેસ્ટ કરશે નહીં. જોકે મેજીસ્ટ્રેટે એમની સામેની તપાસ ચાલુ રાખવા કહ્યું હતું. બંને નેતાઓ જેલમુક્ત થવાથી અભિજીત દિપકે ખુબ ખુશ થયા છે. એમણે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મૂકીને કહ્યું છે કે, સૌરવ અને આશુ એમના કરતા વધુ સારા અને વધુ મોટા નેતા છે. મારા નેતાઓ તમારા હુકમનું પાલન કરવામાં મને ખુશી થાય છે. તમારા માટે મારો જીવ હાજર છે. જોકે કેટલાકને દિપકેની

(અનુસંધાન ૧૫મે પાને)

### જબ કરીના મેટ શાહિદ




૨૦૦૭માં કરીના કપૂર અને શાહીદ કપૂરની ફિલ્મ જબ વી મેટ આવી હતી. આ ફિલ્મ દરમિયાન બંને વચ્ચે સંબંધોનો ખુલાસો થયો હતો. પરંતુ, ફિલ્મ પૂર્ણ થાય તે પહેલા તેમના સંબંધોનો પણ અંત આવી ગયો હતો. કરીનાએ સૈફ સાથે લગ્ન કર્યા અને શાહીદે મીરા સાથે લગ્ન કર્યા. પરંતુ, છેલ્લા કેટલાક સમયથી જ્યારે જ્યારે બંને કોઈ ઈવેન્ટમાં મળી જાય છે ત્યારે ત્યારે, તેમની જૂની કેમેસ્ટ્રી નજરે પડે છે. આ વખતે આઈફા એવોર્ડના એક ઈવેન્ટમાં સલમાન ખાન સાથે બંને સ્ટાર્સ ભેગા થયા હતા. શાહીદને જોઈને જ કરીના તેને ભેટી પડી હતી. શાહીદને એકથી વધારે વખત ભેટીને કરીનાએ ફેન્સને જબ વી મેટની યાદ અપાવી દીધી હતી.

### બેધડક

-મંજુલ



હું લોરેન્સ બિશ્નોઈ સાહેબને બિરદાવું છું... હુમલાની કોઈ પણ ઘટના હોય તેઓ જવાબદારી સ્વીકારવા કાયમ તૈયાર હોય છે !

## અંધેરીમાં ખોટું નામ આપી હોટલમાં ઉતર્યા હતા

# ટાઈગર પર ગોળીબાર કરનારા દ્વારા હોટલમાં ગોળી મિસફાયર થઈ હતી

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા. ૨૨

ટાઈગર શ્રોફ પર હુમલો કરનારા શૂટર્સ અંધેરીની એક હોટલમાં રોકાયા હતા અને હોટલના રુમમાં જ તેમનાથી એક ગોળી મિસ ફાયર થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત તેમણે મુંબઈ નજીકનાં એક સ્થળે પણ ગોળીબારની પ્રેક્ટિસ કરી હતી. હજુ સુધી પોલીસને આ ગોળીબારમાં વપરાયેલી પિસ્તોલ મળી નથી. આરોપીઓએ રિમાન્ડ વખતે પૂછપરછમાં પ્રેક્ટિસ સહિતની વિગતો આપી હોવાનું કહેવાય છે.

## મુંબઈ નજીક પણ ગોળીબારની પ્રેક્ટિસ કરી હતી : ટાઈગર પર ફાયરિંગ પહેલાં હોટલમાંથી નીકળ્યાના સીસીટીવી ફૂટેજ મળ્યાં

બોલિવુડ અભિનેતા ટાઈગર શ્રોફ પર ગોળીબારની ઘટના પહેલા સીસીટીવી ફૂટેજમાં એક આરોપી વાદળી રંગની બેગ સાથે જોવા મળે છે. એમાં પિસ્તોલ હતી. ફૂટેજમાં એક આરોપી હુમલો કરતા પહેલા જે હોટલમાં રોકાયો હતો. ત્યાંથી બહાર નીકળતો દેખાય છે ફૂટેજમાં આરોપી ૧૮ ઓક્ટોબરના રોજ સાંજે ૪-૧૨ વાગ્યે આરોપી અંધેરી પૂર્વમાં આવેલી હોટેલમાંથી બહાર નીકળતો દેખાય છે. તેની પાસે અભિનેતાની કાર પર હુમલામાં વપરાયેલી પિસ્તોલ ધરાવતી વાદળી બેગ હતી.

અહેવાલ મુજબ ૧૮ ઓક્ટોબરના રોજ સાંજે ૪-૧૩ વાગ્યે બે અન્ય આરોપીઓ પલ્સર મોટરસાઈકલ પર પરિસરમાંથી બહાર નીકળતા જોવા મળ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર આરોપી હોટેલના રૂમ નંબર ૨૦૧માં

(અનુસંધાન ૧૫મે પાને)


indriya.com
આભૂષણો જે લાવે
તહેવાર ખાસ ક્ષણોનો
ADITYA BIRLA JEWELLERY
INDRIYA
ADITYA BIRLA | JEWELLERY
8%
30% સુધીની છૂટ
(સોના પર પ્રતિ ગ્રામ ₹1001 સુધી બચત કરો)*
50% સુધીની છૂટ
HDFC BANK
FESTIVE TREATS
Transaction Amount* | ₹50,000 to ₹1,00,000 | ₹3,00,000
Discount* | 2% of swiped amount | ₹6,000 OFF
સ્ટોર્સ જિરાફ સર્કલ, મણિનગર • પંચવટી સર્કલ, સી.જી.રોડ • જોધપુર ક્રોસ રોડ, સેટેલાઇટમાં


LIMITED EDITION
WINDSOR EV
INDULGE
INDIA'S NO.1* EV IS NOW READY TO INDULGE.
PRIVÉ SCREEN*
URBAN TAN & BLACK LEATHER UPHOLSTERY*
SHADOW GOLD COLOUR
R18 BLACK ALLOY WHEELS
PRICE STARTS AT
₹13.14** LAKH
+BATTERY RENTAL @ ₹4.30**/km
TITLE SPONSOR OF THE MG INDIAN SUPER LEAGUE
VISIT WWW.MGMOTOR.CO.IN OR CALL 1800 100 6464